શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
જુલાઈ : ૨૦૧૮ • અંક : ૧
પાના નં. : ૧ • (કુલ પેજ : ૪૮)

૧૫ જુલાઈ, ૨૦૧૮ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૭-૨૦૧૮ કિંમત : રૂા. ૧૮/-




## મિંણી ભાવરેં કે અષાઢી બીજ જા અભિનંદન !

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

SGI

Parag Kataria
M. : 99247 19527

SWASTIK GUM INDUSTRIES (INDIA)

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

મુંબઈ ઓફિસ:

iolite

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat, India
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY
QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

Shivang Institute
C/O, Sharda, Mogal Tirth Tower-A, Near Dharnidhar Derasar,



www.artnirman.com
A Project by
ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL › 88 66 71 44 99 | 88 66 38 44 99

# Patel Tours & Travels®

**CENTRALISE NO : (079) 26838788, 88661 55888**







Online Booking:
www.pttbus.in

## AHMEDABAD / ANJAR / BARODA
## BHUJ / GANDHIDHAM / MUNDRA
## JAMNAGAR / JUNAGADH / MUMBAI
## PUNE / RAJKOT / SURAT

**BUS AVAILABLE HIRE A.C NO A.C 3X2 & VOLVO 2X2 BUS**
**(A.C, NON A.C SLEEPER)**

| | | |
|---|---|---|
| **PALDI**<br>8, Shorff Chembers,<br>Opp. Navchetan High School, Paldi, Ahmedabad.<br>M. 9925433888, 9925244253 | **RAJKOT**<br>Nr. Big Bazar, 150ft Ring Road, Rajkot.<br>M. 9909022441 | **SATELLITE**<br>Mans Complex, Jodhpur Char Rasta.<br>Satellite, Ahmedabad.<br>M. 7874278688, 9925244293 |
| **PUNE**<br>Gogte Travels, Shop No. 29, Patil Plaza,<br>Mitramandal Chawk, Parvati, Pune-9.<br>M. 9689895487 | **S.G. HIGHWAY**<br>Circle-P, Near Prahladnagar Garden, B/s.<br>Honest Restaurant, S.G. Highway, Ahmedabad.<br>M. 7874178688, 8866088818 | **SURAT**<br>Hira Baug, Opp. H.P. Petrol Pump, Surat.<br>M. 9909977996 |
| **BARODA**<br>Harikrupa Building, Nr. Pandya Bridge,<br>Chhani Road, Baroda.<br>M. 7874478688, 9925244275 | **JUNAGADH**<br>Seem Complex, Majewadi Darwaja,<br>Rajkot Highway, Junagadh.<br>M. 9925244289 | **JAMNAGAR**<br>Shop no.2, Shilp Apartment, Indira Marg.<br>Gurudwara, Jamnagar.<br>M. 9909009844 |
| **PARCEL SERVICE AVAILABLE**<br>**ALL ROUTE**<br>**PAY & TO PAY** | **BHUJ**<br>Opp. V.D. High School, Bhuj.<br>M. 9925244259/60 | **e-mail:**<br>**patelinn@yahoo.com** |

વર્ષ-૩૨ ● અંક - ૧
૧૫ જુલાઈ, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
●
**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.


'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

### વિભાગ-૧


**તંત્રી સ્થાનેથી**
- કચ્છી નવા વર્ષની વધાઈ સાથે
  અમદાવાદ સ્થિત કચ્છી ઘટક સમાજો માટે થોડુંક વિચાર વલોણું... .......... **અશોક મહેતા**....૭

**પ્રાસંગિક**
- કચ્છીઓની અસ્મિતાનું પર્વ એટલે અષાઢી બીજ.. .............................. **વી. જે. ઠાકર**....૯
  **નિવૃત્ત નાયબ નિયામક, મત્સ્યોદ્યોગ**
- અમૃતલાલ વેગડની વિદાય.. ...................................................... **હંસરાજ કંસારા**....૧૦
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે..**પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૧૩

**કચ્છ**
- લોક જીવનનું અનેરું પાસું : પશુ પ્રાણીઓનો સાજ શણગાર.................. **નરેશ અંતાણી**...૧૭
- કચ્છી બોલી વિશે સંશોધનની જરૂર છે .............................. **ડૉ. મિહિર એમ. વોરા**...૧૯
- પાંજો કચ્છ .................................................... **સંકલન : દિનેશ આર. મહેતા**...૨૧

**જીવન વૃત્તાંત**
- કચ્છના કવિલોકમાંથી એક સિતારાની ચિરવિદાય
  મૃદુ ભાવોના કચ્છી કવિ : મુકુંદ મહેતા 'અલ્પ'................ **ભરત 'કુમાર' પ્રા. ઠાકર**....૨૫

**જબાન**
- શબ્દશોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી ...................................... **તુલસી કંસારા**.....૨૭

**સ્વાસ્થ્ય**
- વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪મે — (૩) : ગેરસમજ ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૯
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**પ્રવાસ**
- અમદાવાદ સ્થિત ૧૩ વર્ષીય આન્યા સોનીએ
  એન્ટાર્કટિકાની સફર સફળતાપૂર્વક સંપન્ન કરી... ............................. **પ્રતિભા સોની**.....૩૧

**લઘુકથા**
- પતિ પત્ની ......................................................................... **રજનીકાંત ઓઝા**.....૩૩

**ટેક્ષ આયોજન**
- ઈન્કમટેક્સ બચાવવામાં ઉપયોગી થાય તેવા નવા નિયમો ....................................... .....૩૫

**વિવિધતા**
- પ્રતિભાવ ........................................................................................... ૩૭
- મનોચિકિત્સક ડૉ. દિપ્તી શાહ (ગડા)ને પ્રતિષ્ઠિત 'ટાઈમ્સ હેલ્થકેર ઍચિવર્ષ' ઍવોર્ડ........... ૩૭
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૪ ..........................................**પ્રદીપ જોષી - આદિપુર**....૩૮
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : રાધા-કૃષ્ણ શૃંગાર ગેમ ................. **ભાવના એ. ઝવેરી**....૩૯
- પુસ્તક સમીક્ષા : 'કચ્છ : ગઈકાલ અને આજ' ● 'આરોગ્યના અમૃત' ....................... ....૪૦

**મેઘ ધનુષ**
- અછાંદસ : **અરવિંદ સોમૈયા** ● કરજો : **રમેશચંદ્ર જી. વૈદ્ય** ............................ ૪૦


### વિભાગ-૨


- પરિવાર સમાચાર ....................................................................................... ૪૧
- સમાજ સમાચાર ......................................................................................... ૪૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ............................................... ૪૪


खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
Maha Masti
MICHI'S®
Pan Mahek
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12 info@jrjfoods.com jrjfoods.com

તંત્રીલેખ

# કચ્છી નવા વર્ષની વધાઈ સાથે અમદાવાદ સ્થિત કચ્છી ઘટક સમાજો માટે થોડુંક વિચાર વલોણું



અશોક મહેતા

અષાઢી બીજના કચ્છી નૂતન વર્ષે સહુ કચ્છી પરિવારજનોને ખૂબ ખૂબ વધાઈ – અભિનંદન. કચ્છ, ગુજરાત, ભારત કે દુનિયાભરમાં જ્યાં જ્યાં કચ્છી પરિવારોનો વસવાટ હશે ત્યાં તેમણે કચ્છી નૂતન વર્ષની સારી રીતે ઉજવણી કરેલ હશે. ઘેર ઘેર લાપસીના ઈંધણ મૂકાયેલ હશે. એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવેલ હશે.

આમ જનની સેવા, એ કચ્છીઓના સ્વભાવમાં જ વણાયેલી છે. જ્યાં જ્યાં કચ્છી પરિવારોના સમુદાયોનો વસવાટ હશે ત્યાં પોતાની જ્ઞાતિના સમાજોની રચના કરી તેણે પર-સેવા આદરી જ દીધેલ હશે. આ સમાજો અન્ય સેવાકીય કાર્યોમાં પણ વર્ષભર રત રહેતા હશે.

અમદાવાદ - ગાંધીનગર એ જોડકા શહેર છે. ગુજરાતની આર્થિક તેમજ રાજકીય રાજધાની છે. અહીં અનેક કચ્છી પરિવારોનો વસવાટ છે. દરેક સમુદાય પોતાના જ્ઞાતિ સમાજોની સ્થાપના કરી, તે દ્વારા અદ્‌ભુત સેવાના કાર્યો કરે છે. દરેક સમાજના સેવાકીય કાર્યો સરાહનીય છે. આ સમાજોમાં જોડાનાર દરેક વ્યક્તિ પર સેવાની ભાવનાથી જોડાયેલ છે. અહીં આવનાર દરેક વ્યક્તિ સમાજને કંઈક આપવાની ભાવનાથી આવે છે – લેવાની ભાવનાથી નહીં. અમદાવાદમાં કચ્છીઓના આ પ્રકારના લગભગ ૩૫થી પણ વધુ સંખ્યાના ઘટક સમાજો છે. તેઓ અમદાવાદ - ગાંધીનગર જિલ્લાના કચ્છી પરિવારોને આવરી લે છે. કચ્છી લેઉઆ પટેલ સમાજ, કચ્છ કડવા પાટીદાર સમાજ, કચ્છી જૈન સેવા સમાજ, કચ્છી ભાનુશાલી સમાજ, કચ્છી લોહાણા સમાજ જેવા દરેક જ્ઞાતિના સમાજોનું અહીં અસ્તિત્વ છે. શૈક્ષણિક, તબીબી, સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની તેઓ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. સ્થાનિકે અન્ય પરિવારોની સેવાના કાર્યો પણ તેઓ કરતા રહે છે. સ્થાનિક સમાજોમાં સાકરની જેમ તેઓ ભળી ગયેલ છે. કચ્છી જૈન સેવા સમાજ, કચ્છી લેઉઆ પટેલ સમાજ, કચ્છ કડવા પાટીદારના વિવિધ સમાજો, કચ્છી ભાનુશાલી સમાજ, કચ્છી અચલગચ્છ જૈન સંઘ, કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ, કચ્છ વાગડ સાત ચોવીસી જૈન સમાજ વગેરેએ વિવિધ હેતુસર પોતાના સંકુલો ખડા કરી દીધેલ છે. આ બધા સંકુલો સેવાકીય વગેરે પ્રવૃત્તિઓથી બારે મહિના ધમધમતા રહે છે.

અમદાવાદ ખાતેના વિવિધ કચ્છી ઘટક સમાજોના શિરમોર સમી પ્રવૃત્તિઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજની તબીબી ક્ષેત્રની પ્રવૃત્તિઓની ગણના કરવામાં આવે છે. આ નૂતન વર્ષે આપણે તેની પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરીશું અને તેની પ્રવૃત્તિઓની સરાહના કરી, તેમાંથી માર્ગદર્શન મેળવી અન્ય કચ્છી ઘટક સમાજો જો આ પ્રકારની પ્રવૃત્તિમાં આગળ આવવાની ઈચ્છા ધરાવતા હશે તો તેમને જરૂરથી પ્રોત્સાહિત પણ કરીશું.

આ સમાજ તેના પાલડી ખાતેના સંકુલમાં લગભગ ૬૫૦૦ ચો.ફૂટ જેટલા વિસ્તારમાં એક મેડિકલ સેન્ટર લગભગ છેલ્લા ૨૦ વર્ષથી ચલાવી રહેલ છે કે જેના દરો ખૂબ જ કિફાયતી હોવાથી તેનો લાભ દર વર્ષે લગભગ ૧,૨૫,૦૦૦ની સંખ્યા જેટલા સ્થાનિકો લે છે. અહીં કોઈપણ જાતના ઊંચ-નીચ કે નાત-જાતના ભેદભાવ વગર દરેક દર્દીની સેવા કરવામાં આવે છે. અહીં વિવિધ પ્રકારની કન્સલ્ટિંગ સેવાઓ એમ.ડી. કે તેનાથી ઉચ્ચ પ્રકારના ડૉક્ટરો દ્વારા ઉપલબ્ધ છે. આ કન્સલ્ટિંગ સેવાઓમાં ફિઝીશિયન, ઓર્થોપેડિક, ડેન્ટલ, કાર્ડિયાક, કેન્સર, યુરોલોજી, નેફ્રોલોજી, ન્યુરોલોજી, સ્કીન, આઈ, ઈ.એન.ટી., ગાયનેક, પીડિયાટ્રિક્સ, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, આયુર્વેદ, હોમિયોપેથ જેવી મુખ્યત્વે છે. આ સિવાય પરીક્ષણ ક્ષેત્રે પેથોલોજી લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, કલર ડોપ્લર, ટુ-ડી ઈકો,

ટી.એમ.ટી., ઈ.સી.જી., મેમોગ્રાફી, ઓડિયોગ્રામ જેવા વિભાગો કાર્યરત છે. પરીક્ષણ ક્ષેત્રે અન્ય સંસ્થાઓ સાથે પણ જોડાણ કરવામાં આવેલ છે. અહીં ડેન્ટલ, ઓર્થોપેડિક, સ્કીન જેવા વિભાગોની પરીક્ષણ બાદ આગળની પ્રોસીજર પણ કરવામાં આવે છે. આંખના કેટરેક્ટ પ્રકારના ઑપરેશન કરવામાં આવે છે. મિનિ ઑપરેશન થિયેટર પણ કાર્યરત છે. બાળકોને વિવિધ પ્રકારના વેક્સીન આપવામાં આવે છે. અહીંનું ફિઝિયોથેરાપી સેન્ટર પણ વિવિધ પ્રકારના અદ્યતન સાધનોથી દિવસભર ધમધમતું રહે છે.

આ મેડિકલ સેન્ટરને અમદાવાદની સ્થાનિક જનતા તરફથી બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળવાનું મુખ્ય કારણ અહીંની ઉચ્ચ પ્રકારની મેડિકલ સેવા, બાહોશ ડૉક્ટરો દ્વારા અચૂક નિદાન અને તે પણ સામાન્યમાં સામાન્ય પરિવારને પરવડી શકે તેવા દરથી આપવામાં આવતી સેવાઓની મુખ્યત્વે ગણના કરી શકાય.

અહીંની સેવાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિથી વિશ્લેષણ કરતા ખ્યાલ આવે છે કે આ સેન્ટરના કારણે સ્થાનિક પરિવારોને તેના થકી દર વર્ષે સંયુક્તપણે ઓછામાં ઓછી રૂા. ૫ કરોડની બચત થવા પામે છે. હજુ પણ વધુ વિભાગીય રીતે વાત કરીએ તો કન્સલ્ટેશન તથા સુપર કન્સલ્ટન્ટની સેવા થકી રૂા. ૧.૭૫ કરોડ, ફૂલ બોડી ચેક-અપ ક્ષેત્રે લગભગ રૂા. ૧ કરોડ, એક્સ-રેના કારણે લગભગ રૂા. ૨૦ લાખ, સોનોગ્રાફી ક્ષેત્રે લગભગ રૂા. ૯૦ લાખ, પેથોલોજી લેબોરેટરી થકી લગભગ રૂા. ૫૦ લાખ, ડેન્ટલ પ્રોસીજર થકી લગભગ રૂા. ૧૫ લાખ તથા આઈ ઑપરેશન થકી લગભગ રૂા. ૧૫ લાખનો સ્થાનિક પબ્લિકને વર્ષે દહાડે ફાયદો થાય છે.

એ સિવાય સમાજના દરેક વયસ્ક સભ્યને રૂા. ૨૧૫૦/-ની યોજનાવાળું ફૂલ બોડી ચેક-અપ વર્ષમાં એક વખત ફ્રી માં કરી આપવામાં આવે છે. આ પ્રકારના વયસ્ક સભ્યો સમાજમાં ૧૦૦૦થી પણ વધુ સંખ્યામાં રહેવા પામેલ છે. સમાજના સભ્યો જેઓ ઉપરોક્ત સેવાઓનો લાભ મેળવે છે તેઓને અન્ય દરોમાં રૂા. ૨૦ લાખ જેટલો સંયુક્તપણે ફાયદો થાય છે. અન્ય કચ્છી પરિવારોની પણ રૂા. ૩ લાખ જેટલી રકમની બચત થવા પામે છે. અહીંના મેડિકલ સ્ટોર્સમાં જનરીક દવાના વિતરણ થકી આમ જનતાને વર્ષે ઓછામાં ઓછા રૂા. ૨૦ લાખની બચત થવા પામે છે. જરૂરિયાતવાળા દર્દીઓને પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટ થકી રૂા. ૩ લાખની દવાનું વિતરણ ફ્રી માં કરવામાં આવે છે. શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટર થકી તેના કિફાયતી દરના કારણે દર વર્ષે ૬૦૦૦ ડાયાલિસિસ કરવામાં આવે છે અને તેના થકી લાભ મેળવનાર દર્દીને દર વર્ષે સંયુક્તપણે રૂા. ૩૦ લાખની બચત થવા પામે છે. આ ડાયાલિસિસ સેન્ટરને હાલે "મા અમૃતમ" યોજના સાથે સંલગ્ન કરવાના પ્રયાસો ચાલુ છે. એ પ્રયાસો સફળ થતાં મા યોજના કાર્ડ ધરાવનાર દરેક દર્દીને ફ્રી માં ડાયાલિસિસ કરી શકાશે કે જેના થકી આમ જનતાને વાર્ષિક વધુ રૂા. ૩૦ લાખનો ફાયદો થઈ શકશે.

ઉપરોક્ત સેવા અવિરતપણે ચાલુ રહે તે માટે ૫૦ જેટલા સ્ટાફ મેમ્બર તથા ૬૫ જેટલા વિવિધ ક્ષેત્રના નિષ્ણાત કન્સલ્ટિંગ ડૉક્ટરો સતતપણે પોતાની સેવામાં કાર્યરત રહે છે.

સૌથી વિશેષ ધ્યાન એ વાત પર જાય છે કે ઉપરોક્ત સેવાકીય પ્રવૃત્તિઓનું મેનેજમેન્ટ એ રીતે થઈ રહેલ છે કે તે પ્રવૃત્તિઓ થકી વર્ષના અંતે સમાજને પણ સારો એવો ફાયદો થાય છે, કે જે આ પ્રવૃત્તિનું મુખ્ય હાર્દ છે.

ઉપરોક્ત સેવા થકી આ સમાજની તો સરાહના થાય જ છે પરંતુ સાથે સાથે સમગ્રપણે કચ્છીઓની સેવાકીય પ્રવૃત્તિઓની પણ અમદાવાદના સમગ્ર સમાજમાં નોંધ લેવાય છે.

આજના આ કચ્છી નૂતન વર્ષના પર્વે ઉપરોક્ત ચિંતન દ્વારા અગર અમદાવાદ સ્થિત અન્ય સક્ષમ કચ્છી ઘટક સમાજો આ ક્ષેત્રે આગળ વધવા નિર્ધાર કરશે તો તેઓને પૂરતું માર્ગદર્શન આપવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ હંમેશાં તત્પર રહેશે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

પ્રાસંગિક

# કચ્છીઓની અસ્મિતાનું પર્વ એટલે અષાઢી બીજ



**વી. જે. ઠાકર,**
નિવૃત્ત નાયબ નિયામક, મત્સ્યોદ્યોગ

આમ તો ગુજરાત રાજ્ય સાથે જોડાયેલ કચ્છ જિલ્લો – ભૌગોલિક, સાંસ્કૃતિક રીત રિવાજ, પહેરવેશ, ધંધા રોજગારની રીતે રાજ્યના અન્ય બે પ્રદેશો સૌરાષ્ટ્ર તથા ગુજરાતથી તદ્દન જુદો તરી આવે છે. કચ્છથી ઉત્તરે આવેલ સિંધ પ્રદેશની ઊંડી અસર આ પ્રદેશને વધુ અસરકર્તા છે. સિંધુ સંસ્કૃતિનું વિસ્તરણ આ સમગ્ર પ્રદેશના ઉત્તરમાં પશ્ચિમથી પૂર્વ તરફ થયેલ છે. કહેવાય છે કે સિંધુ નદીની એક શાખા કચ્છના લખપત – અબડાસા તાલુકા સુધી લંબાયેલ અને આ વિસ્તારમાં સિંધી ચોખાની ખેતી વિપુલ પ્રમાણમાં થતી. પરંતુ સમયે સમયે આવેલ ભૂસ્તરીય ફેરફારો ભૂકંપો અને સુનામીઓની અસરને કારણે સિંદુ નદીના અવશેષો રૂપે કોરી ક્રીક પાસે સીમિત રહી ગઈ છે. આ ભૂસ્તરીય ફેરફારોને કારણે કચ્છનો સમગ્ર પ્રદેશ અનેક વખત પાણીમાં ગરકાવ થઈ ગયેલ અને અનેક જગ્યાએ પાછો પાણીમાંથી બહાર આવેલ છે. આજે જે કચ્છની ઊંધા કાચબા જેવી રચના છે તેને ઉત્તર પશ્ચિમમાં કોરી ક્રીક ઉત્તરમાં આવેલું મોટું રણ, પૂર્વ દિશામાં વિસ્તરેલ નાનું રણ તથા દક્ષિણમાં અરબી સમુદ્ર વગેરે વિશિષ્ટ ભૌગોલિક રચનાને કારણે તેનું આગવું મહત્ત્વ ધરાવે છે. સમુદ્રમાંથી બહાર આવેલ જમીન ઉપર 'અશ્મિઓનો' ભંડાર પૃથ્વીના કરોડો વર્ષનો ઇતિહાસ સંગ્રહી બેઠો છે. આ અંગે વિગતવાર અભ્યાસની મોટી તકો રહેલ છે અને સાથોસાથ સરકારની જવાબદારી પણ છે કે એ "ફોસીલ" અસ્મિઓના અભ્યાસ માટે જરૂરી તકો પૂરી પાડવામાં આવે.

કચ્છના વિષમ હવામાન, વારંવાર થતા ભૂસ્તરીય ફેરફારો, ઉત્તરે રણની ખારાશ હોવાનો પ્રદેશ અને અમુક વેટલેન્ડમાં થતા ટૂંકા ઘાસના બન્ની જેવા મેદાનોમાં પશુપાલન સિવાય બીજી કોઈ ધંધાની તકો નહોતી. જ્યારે પશ્ચિમ કચ્છના કંઠી જેવા મુલકમાં તથા નવા નખત્રાણા અને ભુજ તાલુકામાં તેમજ પૂર્વ કચ્છના વાગડમાં ખેતીવાડી વિકસેલ.

અબડાસા તાલુકામાં લીગ્નાઇટની ખાણો અને બાકીના કાંઠાળ પ્રદેશમાં વહાણવટાનો વિકાસ થઈ વિદેશમાં વ્યવસાયની શોધમાં ખડતલ કચ્છીઓ જતા હતા અને વહાણવટા દ્વારા વિદેશ વેપાર ખેડનાર કેટલાક વેપારીઓએ સારી નામના મેળવી હતી. જત, ભાનુશાળી, લોહાણા, ખારવા જેવી મજબૂત બાંધાની પ્રજાતિઓના મૂળ સિંધ અને મધ્ય એશિયા સાથે વધુ નજીકતા દર્શાવે છે. આમ કચ્છ પ્રદેશ ઓછો વરસાદ, ખેતીવાડીની ટાંચી સગવડ તથા ભૌગોલિક પરિસ્થિતિમાં વારંવાર ઉદ્‌ભવતી કુદરતી ફેરફારોની અસરને કારણે પ્રજા સાહસિક, સંઘર્ષમય જીવનવાળી, ખુમારી તથા ખમીરથી ભરપૂર અને સ્વાભિમાની જોવા મળે છે. જે અન્ય મુલક કરતાં જુદી તરી આવે છે. આ થઈ કચ્છની મુળભૂત અસ્મિતાની વાત.

- **ઉત્સવો – પર્વોની ઉજવણી :**


સિંધુ સંસ્કૃતિના રિવાજો અને ઉત્સવો તથા પર્વોની ઊંડી અસર કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ તથા મુખ્ય વ્યવસાય અને રોજગારને અનુરૂપ જોવા મળે છે. ખાસ કરીને લખપતથી તુણા સુધીના દરિયા કિનારાની સગવડને કારણે વહાણવટા અને દરિયાઇ વિદેશ વેપારની સગવડતાને ધ્યાને લઇ અને સિંધી પ્રજામાં પ્રચલિત દરિયાદેવની પૂજા અર્ચનાની પરંપરા કચ્છી પ્રજામાં અષાઢી બીજને એક ઉત્સવ અને પર્વ તરીકે ઉજવવામાં આવે છે અને પોતાનાં વ્યવસાયના વિકાસ માટે દરિયાદેવનું પૂજન – અર્ચના કરવા બંદરીય ગામોની મહિલાઓ દરિયાલાલને દૂધ ચડાવે છે તથા સાંજે દરિયા કિનારે મેળો ભરી ઉત્સવ ઉજવવામાં આવે છે. માંડવી, મુંદ્રા વગેરે બંદરો ઉપર વહાણોને શણગારી નવી સીઝનમાં દરિયો ખેડવા તૈયાર કરવામાં આવે છે. આ ઉત્સવ પણ સિંધુ સંસ્કૃતિનો એક ભાગ જ છે. અહીંથી કચ્છના ઉત્સવો – પર્વોની શરૂઆત થાય છે, જે દિવાળી સુધી ચાલુ રહે છે. કચ્છીઓ નવી સફર માટે તૈયારી અષાઢી બીજથી કરે છે અને તેથી તેને નવા વર્ષની શરૂઆત ગણી. વર્ષાંતે ચૈત્ર મહિના સુધીના સફરમાંથી પાછા આવવા લાગે છે. દરિયો આ સમય દરમ્યાન ચોમાસાની ઋતુની શરૂઆતને કારણે તોફાની બની વહાણવટા માટે જોખમી હોઈ, વહાણવટીઓ આ સમય દરમ્યાન પોતાના ઘેર રહી કુટુંબ સાથે ઉત્સવો

મનાવે છે અને નવી સીઝન માટે વહાણોને તૈયાર કરે છે. આ છે આપણા કચ્છીઓની અસ્મિતા અને પરંપરાનું મહાત્મ્ય. જો કે સમય સાથે બધું બદલાઈ ગયું છે અને કચ્છમાં હવે પચરંગી બહારની પ્રજાઓ વ્યવસાય માટે આવી ગઈ છે. ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છમાં ઔદ્યોગિક તથા કંડલા તથા મુંદ્રા જેવા મહાબંદરોના વિકાસે કચ્છને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર મૂકી દીધું છે. એટલે અષાઢી બીજને દર વર્ષે સિંધુ સંસ્કૃતિના એક ભાગ તરીકે પરંપરાગત પર્વ - ઉત્સવ તરીકે યાદ કરવો રહ્યો. જૂનો ઇતિહાસ ભૂંસાતો જાય છે અને નવા જમાનાની અસર હેઠળ હવે દરીયાઈ બીચો ઉપર દર શનિ-રવિમાં સહેલાણીઓ ઉમટી પડે છે અને દર અઠવાડિયે ઉજવણી થતી જોવા મળે છે. આ પણ વિકાસ અને પરિવર્તનનો એક ભાગ ગણી શકાય.

*૧૭, નટવર પાર્ક, મોરબી-૨.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

# અમૃતલાલ વેગડની વિદાય

*– હંસરાજ કંસારા*



નર્મદા મૈયાના શબ્દ-શિલ્પી, સાહિત્યસર્જક અને ચિત્રકાર શ્રી અમૃતલાલ વેગડનું ગત તા. ૬ જુલાઈના રોજ, ૯૦ વર્ષની જૈફ વયે, જબલપુર મધ્યે અવસાન થયું. મૂળ ખંભરા (કચ્છ)ના વતની, અમૃતલાલનો જન્મ તા. ૩-૧૦-૧૯૨૮ના રોજ જબલપુર મધ્યે થયો. ૧૯૪૮થી ૧૯૫૩ સુધી તેઓશ્રીએ શાંતિ નિકેતનમાં ચિત્રકળાનો અભ્યાસ કર્યો. ત્યારબાદ ૧૯૮૮ સુધી તેઓશ્રી ચિત્રકળાના પ્રાધ્યાપક રહ્યા. એમણે ૧૯૭૭માં ૨૬૨૪ કિ.મી.ની નર્મદા પરિક્રમાનો પ્રારંભ કરી, દસમી પદયાત્રા ૧૯૮૭માં પૂરી કરી. આ પરિક્રમાએ એમને વિશિષ્ટ અને વ્યાપક 'ઓળખ' આપી.

શ્રી અમૃતલાલનો પરિક્રમા દરમ્યાનનો 'નર્મદા સૌંદર્ય બોધ', એમના પુસ્તકો '**सौंदर्य की नदी नर्मदा**' અને '**अमृतस्ये नर्मदे**' (મ.પ્ર. શાસન તેમજ સાહિત્ય પરિષદ પુરસ્કૃત) તેમજ 'સૌંદર્યની નદી નર્મદા' અને 'પરિક્રમા નર્મદા મૈયાની'માં થાય છે. આ પુસ્તકો માટે તેઓશ્રી સાહિત્ય અકાદમી દિલ્હી અને ગુજરાત તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદના 'કાકા કાલેલકર' ઍવોર્ડ દ્વારા સન્માનિત થયા છે. ૨૦૦૬માં એમને પ્રતિષ્ઠિત 'રાહુલ સાંકૃતાયન' રાષ્ટ્રીય પુરસ્કાર પણ એનાયત થયો હતો. એમના નર્મદા નદી કાંઠાના સંભારણાં, ૨૦૦૭માં 'દિવ્ય ભાસ્કર' અખબારની બુધવાર પૂર્તિમાં 'નદીયાં ગહરી, નાવ પુરાની' લેખમાળામાં પ્રકાશિત થયા હતા.

તા. ૭-૪-૨૦૦૭ના રોજ અમદાવાદ મધ્યે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે, તેઓશ્રીનો 'મારું શાંતિ-નિકેતન' વાર્તાલાપ યોજાયો હતો. આ પ્રસંગે સાક્ષરવર્ય ભોળાભાઈ પટેલે કહ્યું હતું કે, 'શ્રી વેગડે નર્મદાના સૌંદર્યબોધ માટે નવી દૃષ્ટિ આપી છે.'

તા. ૭-૭-૨૦૧૮ના 'દિવ્ય ભાસ્કર'માં મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટ અને દિવ્યા ભટ્ટ અમૃતલાલભાઈને ભાવાંજલી અર્પતાં લખે છે કે... "શ્રી અમૃતભાઈ અને કાંતાબેન.... વહેતી નર્મદાનો 'રવ' હતા. સહસ્ત્રધારામાં વહેતી નર્મદાની ખળખળ 'ગતિ' હતા." તત્વમસી પરથી બનેલી ફિલ્મ 'રેવા'માં મુખ્ય ગીતમાં એમનું વાક્ય 'દિવસે નર્મદા... રાત્રે રેવા...' લેવાયું છે. શ્રી ભટ્ટ લખે છે કે (વેગડની વિદાયથી)... નર્મદાના કાંઠે ખાલીપો ફેલાશે...

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, એના 'કચ્છી સ્વજન' અમૃતલાલભાઈના અવસાનની અત્યંત ખેદપૂર્વક નોંધ લે છે. ઈશ્વર એમના પરમ આત્માને ચરમ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના કરે છે. એમના આપ્તજનોને દિલસોજી પાઠવે છે.*

**અશોક મહેતા**
**પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**દિનેશ મહેતા**
**સહતંત્રી – 'કચ્છશ્રુતિ'**

# ડી. એન. પોલીટેકનીક

dnp EDUCATION TRUST SINCE 1975

## ધો. ૧૦ - ધો. ૧૨ પાસ-નાપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

સરકાર માન્ય તેમજ ખાનગી ડિપ્લોમા

* ઈલેક્ટ્રોનિક્સ એન્જી.
* કોમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર નેટવર્કીંગ એન્જી.
* ઈલેક્ટ્રીકલ એન્જી.
* રેફ્રીજરેશન એન્ડ એ.સી. એન્જી.
* સિવીલ - મિકેનીકલ એન્જી.



**૧૦૦% નોકરી**
તાલીમ પ્રાપ્ત કરનારને પ્રમાણપત્ર

એન્જી. ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડિપ્લોમા એન્જી. થઈ શકો છો...**

❖ ખૂબ જ નજીવી ફીમાં અભ્યાસ, નોકરી, ધંધાની સાથે પણ આ કોર્ષ થી શકે તે મુજબની વ્યવસ્થા.

❖ દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર પ્રેક્ટીકલ મળી શકે તેવી વિશાળ પ્રેક્ટીકલ લેબ.

**મળવા માટે સમય : ૧૧-૦૦ થી ૬-૦૦**

**આપ પણ ફેશન ડિઝાઈનર બની શકો છો !!!**







હેડ ઓફીસ : મોરલીધરની પોળ, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૬૧૪૦૧

બ્રાન્ચ : (૧) મોરલીધરની વહેરો, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૪૯૭૬૫
(૨) પટેલ વાડી, ઘંટી બસ સ્ટેન્ડ સામે, બાપુનગર, અમદાવાદ. ફોન : ૨૨૭૬૨૭૦૦
(૩) દીપજયોત કોમ્પલેક્ષ, દેવી સિનેમા સામે, બેઠક પાસે, નરોડા, અમદાવાદ. ફોન : ૨૨૮૧૪૨૩૫
(૪) શાયોના સ્કૂલ કેમ્પસ, રામેશ્વર મહાદેવ સામે, મેઘાણીનગર, અમદાવાદ. ફોન : ૨૨૬૮૫૩૩૩
(૫) ઝંડા ચોક, બેંક ઓફ ઈન્ડીયા સામે, વાપી, વલસાડ. ફોન : ૦૨૬૦-૨૪૬૨૫૮૮

Email : dnpolytechnic@gmail.com | www.dnpolytechnic.org

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

## ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજ

### લેખકશ્રી સૂર્યકાંત ભટ્ટ વિશે :

કુદરતે કેટલીક વ્યક્તિને અવાજના રણકાની અનેરી બક્ષીસ આપી હોય છે. ભુજના શ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટ જ્યારે ગીત ગુંજન કરતા હોય અથવા જ્યારે વાતચીત કરતા હોય ત્યારે તેમના શબ્દો અને વાક્ય રચનાથી એવું લાગે કે તેમને સાંભળતા જ રહીએ. સ્વભાવે ખૂબ પ્રેમી અને લાગણીપ્રધાન. કચ્છ - ભુજમાં તા. ૧૧-૨-૧૯૪૦ના રોજ જન્મેલા વિસનગરા નાગર સમાજના શ્રી સૂર્યકાંતભાઈ બટ્ટે ભુજમાં ઈતિહાસ તથા અર્થશાસ્ત્ર જેવા વિષયો સાથે એમ.એ.ની પદવી ૧૯૬૩માં પ્રાપ્ત કરી હતી. રાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા માનસશાસ્ત્ર તેમના પ્રિય વિષયો છે અને તેમાં ૧૯૬૧થી ૧૯૬૮ દરમિયાન વિવિધ પદવીઓ હાંસલ કરી છે. તે ઉપરાંત, એસ.ટી.સી., કોવિદ તથા હિંદી વિષયમાં પણ તેમની પ્રવીણતા રહી છે.

ઈ.સ. ૧૯૫૬થી ૧૯૬૩ સુધી ભુજની લાલન કૉલેજમાં અભ્યાસ કરીને શ્રી ભટ્ટ ૧૯૬૪થી અધ્યાપક - પ્રાધ્યાપક તરીકે લાલન કૉલેજમાં જ કાર્યરત રહીને છેલ્લે ૧૯૯૫માં સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થયા હતા. કૉલેજમાં વિદ્યાર્થી સંઘના ચેરમેન તથા આર્ટસ - સાયન્સ વિભાગના મંત્રીપદે લાંબા સમય સુધી શ્રી સૂર્યકાંતભાઈએ પોતાની સેવા આપી હતી. તેમના પિતા શ્રી ભાઈલાલભાઈ ભટ્ટ ભુજના જાણીતા રાજવૈદ્ય તથા કચ્છના પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈંદ્રજીના શિષ્ય હતા.

પોતાની વ્યવસાયિક જવાબદારી ઉપરાંત સાહિત્ય પ્રત્યે પણ શ્રી સૂર્યકાંતભાઈને અતૂટ પ્રેમ છે અને તે ક્ષેત્રમાં હંમેશાં પ્રવૃત્તિમય રહ્યા છે. એટલું જ નહીં પરંતુ આધ્યાત્મિક રીતે પણ પૂ.સ.ગુ. ધ્યાની સ્વામીજીની સાથે સત્સંગ અને તેઓશ્રીની પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. કચ્છમાં જ્યારે જ્યારે કુદરતી આપત્તિ આવી છે ત્યારે તેઓ તન-મન અને ધનથી પોતાનું યોગદાન પ્રદાન કરતા રહ્યા છે. વિવિધ વિષયો, સંગીત તથા સાહિત્યમાં ઊંડો રસ ધરાવતા શ્રી સૂર્યકાંતભાઈના અત્યાર સુધી ૯ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેમના લેખ, કાવ્યો, ગુજરાતના અનેક જાણીતા સામયિકોમાં અવારનવાર પ્રસિધ્ધ થતા હોય છે. આકાશવાણીના ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક રેડિયો સ્ટેશનોથી તેઓશ્રીના વાર્તાલાપ વગેરે રજૂ થયા છે.

આવા સમર્થ સાહિત્ય સર્જકની કલમે કચ્છની જાણીતી શ્રી રામજી રવજી લાલન કૉલેજના આંગણાનો લલકાર અષાઢી બીજ કચ્છ નૂતન વર્ષના ઉપલક્ષ્યમાં ગૂંજતો થાય અને તેનાં વિવિધ સંભારણાં અનેક વિદ્યાર્થીઓના સ્મૃતિપટમાં તાજાં થાય તે અત્રે યથાયોગ્ય બની રહે છે. ■

Splendid
P & G Enterprise
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KCI
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

પ્રાસંગિક

કચ્છી નૂતન વર્ષ નિમિત્તે 'કચ્છશ્રુતિ' માટે ખાસ

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે



પ્રા. સૂર્યકાંત ભટ્ટ




*શ્રી આર.આર. લાલન કૉલેજ - ભુજ*
*ભૂકંપ પહેલાની તસવીર (ઈ.સ. ૧૯૫૯થી ૨૫ જાન્યુઆરી, ૨૦૦૧)*

તાજેતરમાં તા. ૨૦મી જૂન, ૨૦૧૮ના રોજ સાંજે ૬ વાગે અમદાવાદથી 'કચ્છશ્રુતિ' માસિકના સહતંત્રી લાલન કૉલેજના મારા અર્થશાસ્ત્ર વિષયના તેજસ્વી વિદ્યાર્થી ભાઈશ્રી દિનેશચંદ્ર રતિલાલભાઈ મહેતાનો ફોન આવ્યો. અતિ વિવેકથી કહે, "સાહેબ, બે મિનિટ વાત થઈ શકશે? હમણાં અમારી કમિટીએ નક્કી કર્યું કે આપણી માતૃસંસ્થા ભુજની લાલન કૉલેજના અષાઢી બીજ કચ્છી નવા વર્ષથી સંસ્મરણો વાગોળવા. આપણી કૉલેજના અનેક યશસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો દેશ વિદેશમાં અનેકાનેક ક્ષેત્રે અગ્રસ્થાને છે. 'કચ્છશ્રુતિ'ના ગ્રાહકો પણ છે. આ લેખમાળા માટે સર્વાનુમતે આપશ્રીનું નામ સૂચવાયું છે. વહેલી તકે તે લેખમાળાનો પ્રથમ લેખ તૈયાર કરીને અત્રે મોકલાવી આપો તેવો અમારો નમ્ર અનુરોધ છે."

સાંભળતા જ મીઠી મૂંઝવણ અનુભવી. મારી વય ૭૯ વર્ષની થઈ. જે માતૃસંસ્થામાં અભ્યાસ કર્યો તે માતૃ સંસ્થામાં અધ્યાપક તરીકે સેવા સાંપડી. આજે તો કૉલેજને ૬૫ વર્ષ થયા. હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનોએ અભ્યાસ કર્યો. અનેક પ્રિન્સિપાલ સાહેબ તથા અધ્યાપકોએ આ કૉલેજમાં પોતાની ઉત્કૃષ્ટ સેવાનું પ્રદાન કર્યું છે. પ્રારંભ કેમ કરવો? કયા પ્રસંગથી કરવો? કોઈ તેજસ્વી આગેવાન વિદ્યાર્થીનું નામ ભૂલાઈ જાય તો ઠપકો સાંભળવા - સહન કરવાની તૈયારી રાખવી. આવા લાઈનબંધ પ્રશ્નો અને તેના ઉત્તરો અંદરથી થતા રહ્યા. છતાં પ્રથમથી જ આ લખતાં સ્પષ્ટતા કરી ક્ષમા માંગી લઉ કે કોઈના નામની બાદબાકી કરવી એવો ઈરાદો છે જ નહીં. યાદ ન આવવાથી નામો ભૂલાઈ ગયા માટે આ મિત્રો મને ઉદાર દિલે ક્ષમા આપે. કૉલેજ સાથેના કોઈપણ પ્રકારના યાદગાર, અવિસ્મરણીય સંભારણાં કોઈની સ્મૃતિમાં હોય તો અમને અચૂક જણાવે. તેના સંબંધી કોઈ યાદગાર તસવીરો હોય તો તે પણ મેઈલમાં જરૂર મોકલાવે તેવી દરેકને વિનંતી છે.

શિક્ષકો - અધ્યાપકોને પોતાના અધ્યયનકાળ દરમ્યાન અતિ હોશિયાર - તેજસ્વી વિદ્યાર્થીઓ યાદ રહે. ઉપરાંત તોફાની મિત્રો યાદ રહે. કેટલાક યાદગાર પ્રસંગો લખવાના રહી જાય એ સ્વાભાવિક છે.



*કૉલેજનો પ્રારંભ – ભુજ પ્રાગમહેલ (૧૯૫૩થી ૧૯૫૯)*

ઉપલબ્ધ માહિતી અનુસાર **તા. ૨૦મી જૂન, ૧૯૫૩થી** ભુજના પ્રાગ મહેલના નીચેના આવાસોમાં કચ્છની આ પ્રથમ સરકારી વિનયન - વિજ્ઞાન ઈન્ટરમીડિયેટ કૉલેજનો પ્રારંભ થવા પામ્યો. **કચ્છ કોડાયના દાનવીર શેઠ શ્રી રામજીભાઈ રવજી લાલને** રૂપિયા એક લાખનુ દાન આપ્યું.

ઈ.સ. ૧૯૫૬માં ભારતના ઉપરાષ્ટ્રપતિ (એ સમયે) **ડો. શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણને** રણજીત વિલાસની સામેની જગ્યામાં કૉલેજનો પાયો નાખ્યો. ૮મી નવેમ્બર, ૧૯૫૯ના આ કૉલેજનું ઉદ્‌ઘાટન પૂર્વ વડાપ્રધાન **શ્રીમતી ઇંદીરા ગાંધી**ના વરદ્ હસ્તે થયું - જ્યારે **શ્રી હિતેન્દ્રભાઈ દેસાઇ** પણ પધારેલ.

આચાર્ય શ્રી વાય.ડી. ભાવે હતા. મહેમાનોનું સ્વાગત, સ્વાગત ગીત "સ્વાગતમ્ હો સ્વાગતમ્ શુભદિન આજ હૈ સ્વાગતમ્" રજૂ કરવાનો લહાવો અમને મળ્યો હતો. **મારી સાથે કોકીલાબેન દેસાઇ, પુષ્પાબહેન વરુ, નલિનીબહેન દેસાઇ** હતા. ઈ.સ. ૨૦૦૧ના ભીષમ ભૂકંપમાં કૉલેજ ધરાશાયી થઈ ગઈ. લગભગ બે વર્ષ બાદ કૉલેજનું નવનિર્માણ થવા પામ્યું. કૉલેજના પ્રથમ પ્રિન્સિપાલપદે **શ્રી કે.વી. દેસાઇ** હતા. ઘણા વર્ષો સુધી આ કૉલેજે ઇન્ચાર્જ પ્રિન્સિપાલથી વહીવટ ચલાવ્યાનું યાદ છે.



*ભુજ - પ્રાગમહેલનું ભવ્ય પ્રવેશદ્વાર (દરબારગઢ)*

ભુજ શહેરના શિરમોર સમા પ્રાગ મહેલના નીચેના આવાસો, **મહારાવશ્રી મદનસિંહજી સાહેબે** માત્ર રૂપિયા એકના ટોકન ભાડે કૉલેજ માટે ફાળવ્યા. **કચ્છના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે સરકારી નોકરીઓમાં સેવા આપનારાને સર્વિસ ટાઇમમાં અડધો કલાક રાહત અપાતી.** જેનો અલભ્ય લાભ નોકરિયાતોને મળ્યો. ઈ.સ. ૧૯૫૬ જૂનમાં મને કૉલેજમાં અભ્યાસ કરવાની તક મળી. ત્યારબાદ સ્નાતક કક્ષાએ મંજૂરી મળી. બી.એ. / બી.એસસી. પરીક્ષા કેન્દ્રો પણ મળ્યા. ૧૯૫૯-૬૦ બાદ એમ.એ.ના વર્ગો શનિ - રવિવારે લેવાનો પ્રારંભ થયો. વિઝિટિંગ પ્રોફેસરો આવતા રહ્યા.

પ્રારંભમાં કૉલેજની સંખ્યા અંદાજે અઢીસો જેટલા વિદ્યાર્થીઓની હતી. વિદ્યાર્થીઓની વિકાસ પ્રવૃત્તિઓ માટે સ્ટુડન્ટ્સ યુનિયનની રચના ગુજરાત યુનિવર્સિટીના નિયમો મુજબ કરવામાં આવતી. જે માટે ચૂંટણી યોજાતી. જે અંગે કૉલેજની ફી સાથે યુનિયન ફી લેવાતી. જેમાં જનરલ સેક્રેટરી, ફાઈન આર્ટસ સેક્રેટરી, સ્પોર્ટસ સેક્રેટરી, લીટરરી સેક્રેટરી, મેગેઝિન સેક્રેટરી, વિજ્ઞાન સેક્રેટરી, લેડિઝ રીપ્રેઝેન્ટેટિવ આદિ પદો હતા.

પ્રત્યેક સમિતિના ચેરમેન પ્રાધ્યાપક રહેતા. જેમાં સ્ટુડન્ટ્સ યુનિયનના ચેરમેનનું વિશેષ પદ રહેતું. આ ચૂંટણી ખૂબ જ રસાકસીભરી થતી. રસ્તા પર ઉમેદવારના નામો વિદ્યાર્થીઓ ચૂનાથી લખતા. કાર્ડ બહાર પાડતા. પ્રત્યક્ષ તેમજ હેન્ડ બિલથી પ્રચાર કરતા. ચૂંટાયેલાઓનું સ્વાગત ગુલાલ - પુષ્પહારથી કરવામાં આવતું. ઢોલ શરણાઈના દિવ્ય સૂરો સાથે તેમની શોભાયાત્રા ભુજના જાહેર માર્ગો પરથી પસાર થતી અને લોકો પણ તેમનું સન્માન કરતા.




*વિદ્યાર્થી યુનિયનનું ઉદ્‌ઘાટન કરતા કચ્છ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ શ્રી થોરીયા*

યુનિયનનું ઉદ્‌ઘાટન સુશોભિત સ્ટેજ પર મહાનુભાવના વરદ્ હસ્તે થતું. પ્રત્યેક સમિતિ પોતાના કાર્યક્રમ યોજતી. વિવિધ સ્પર્ધાઓ યોજાતી હતી. સાહિત્ય સમિતિ અનેક સાહિત્યકારોને નિમંત્રણ આપતી. સ્પોર્ટસમાં લાંબી કૂદ, ઊંચી કૂદ, ૧૦૦-૨૦૦-૪૦૦ મીટરની દોડ, વોલીબોલ, ક્રિકેટ, બેડમિંટન આદિની સ્પર્ધાઓ દિલચસ્પ રહેતી. કૉલેજ ગ્રાઉન્ડમાં વાર્ષિકોત્સવના એક ભાગરૂપે **"કોલેજ પાર્ટી"નું આયોજન પણ થતું હતું.** ત્યારે વિશિષ્ટ વ્યક્તિ મુખ્ય મહેમાન તરીકે પધારીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરતી. ફેન્સી ડ્રેસનું આયોજન થતું તેવું પણ યાદ આવે છે. કોઈ દાતણિયો અચાનક મુખ્ય મહેમાનની સમીપે આવે. મહેમાનને આશ્ચર્ય થાય. ખુશીનો માહોલ જામે. એ સમયે કૉલેજમાં એન.સી.સી. ફરજિયાત હતી. સ્કૂલમાં જુનિયર ડિવિઝન અને કૉલેજમાં તે



*વાર્ષિકોત્સવમાં ગરબા વૃંદ*



*ઈ.સ. ૧૯૫૮-૫૯માં લાલન કૉલેજના ગાયક વૃંદનું સૌપ્રથમ સમૂહ ગીત ગુજરાત કૉલેજ - અમદાવાદના સ્ટેજ પર*



*લાલન કૉલેજ સ્ટેજ પર કાવ્યપઠન કરતા ભાવનાબેન ભટ્ટ. (ડાબેથી) પ્રો.ડૉ. દર્શના ધોળકિયા, સૂર્યકાંત ભટ્ટ, સંચાલન કરતા કવિવર જયંતીભાઈ જોશી 'શબાબ'*


સિનિયર ડિવિઝન કહેવાતું. કૉલેજમાં આર્ટસ વિભાગનો સમય સવારે ૭.૩૦થી ૧૧.૩૦ અને સાયન્સ વિભાગનો સમય ૧૨થી ૪ સુધી સામાન્ય રીતે રહેતો. સવારે ૬.૪૫ વાગ્યાથી એન.સી.સી.ની તાલીમ સપ્તાહમાં ૩ દિવસ રહેતી હતી. પી.ટી. પણ ખરી. **શ્રી ઉમાકાંતભાઈ વોરા** પી.ટી.ના ઈન્સ્ટ્રક્ટર હતા. **પ્રા.ડો. શ્રી મનસુખભાઈ અંતાણી** એન.સી.સી.ના લેફ્ટેનન્ટ હતા. બીજા **પ્રા.આર.એસ. દવે** હતા.

કૉલેજમાં મિસ્ટર કૉલેજ, મિસ કૉલેજની સ્પર્ધા યોજાતી. જેમાં તે સમયે **શ્રી અમૃતલાલ ટાંક** (કુકમા ગામના) મિ. કૉલેજ બનેલા જ્યારે **મંજુલાબેન શાહ** મિસ યુનિવર્સિટી બન્યા. ભુજ લાલન કૉલેજના પ્રથમ જનરલ સેક્રેટરી બનવાનું સૌભાગ્ય **શ્રી કિશોરચંદ્રભાઈ રેવાશંકરભાઈ બુચ**ને પ્રાપ્ત થયું હતું. તેઓશ્રી ઍડવોકેટ હતા. કૉલેજના સ્વર કિન્નરી, આકાશવાણીના કલાકાર **મૃદુલાબેન અંતાણી** સાથે પરણેલા. બહેન પણ ઍડવોકેટ હતા.




*કૉલેજ ક્રિકેટ ટીમના કેપ્ટન અને ગાયક કલાકાર શ્રી લચ્છુભાઈ બોરા (૧૯૫૬થી ૧૯૬૦)*

લાલન કૉલેજના વાર્ષિકોત્સવમાં સૌપ્રથમ સ્ટેજ પર સ્વાગત ગીત "જય જય ગરવી ગુજરાત" લાક્ષણિક શૈલીમાં મૃદુલાબેન અંતાણી તથા **શ્રી લચ્છુભાઈ બોરા** પોતાના સૂરિલા બુલંદ સ્વરે રજૂ કરતા, તે ખૂબ જ યાદ આવે છે. શ્રી બોરાના ભાઈ શ્રી કિશનભાઈ પણ અચ્છા ગાયક હતા. શ્રી લચ્છુભાઈ બોરા કૉલેજ ક્રિકેટ ટીમના કેપ્ટન પણ હતા. કૉલેજની ક્રિકેટ ટીમ સૌપ્રથમ જામનગર મેચ રમવા ગઈ હતી. ત્યાં મેચ જીતીને આવ્યા હતા. તે કારણે સમગ્ર કૉલેજમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.



*પ્રા. શુક્લ (પ્રથમ હરોળમાં વચ્ચે) સાથે કૉલેજની ટીમના સભ્યો*



*ડૉ. પ્રા. રમેશ શુક્લ લાલન કૉલેજ*



*ડૉ. પ્રા. તિલોત્તમાબેન જાની - લાલન કૉલેજ*

કૉલેજ કાર્યક્રમોનું સંચાલન રેડિયો રૂપકોના રચયિતા કેમેસ્ટ્રીના હેડ **ડો. અવિનાશ મુન્શી** પોતાની લાક્ષણિક શૈલીમાં કરતા. બીજા હતા **પ્રા. શ્રી રમેશભાઈ શુક્લ. પ્રા. શ્રી ચંદુભાઈ શુક્લ, ડો.પ્રા. તિલોત્તમાબેન દેસાઇ.** આ અનેરા અવસરની કેટલીક ઉપલબ્ધ તસવીરો લેખમાળામાં સમાવિષ્ટ કરી છે. કચ્છમાં કૉલેજની સુવિધા માટે શ્રી કુંદનભાઈ ધોળકિયા, ડૉ. એમ.એમ. મહેતા, શ્રી ગુલાબશંકરભાઈ ધોળકિયા, શ્રી ભવાનજીભાઈ એ. ઠક્કર, શ્રી કાંતિપ્રસાદભાઈ અંતાણી, શ્રી લવજીભાઈ ઠક્કર, શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર આદિ મહાનુભાવોએ સ્તુત્ય પ્રયત્નો હાથ ધર્યા હતા અને તેની ફળશ્રુતિ રૂપે કૉલેજની સ્થાપના થઈ હતી.

*(ક્રમશઃ)*

*મો. ૯૮૨૫૩ ૩૪૩૪૬*

# દરેક સંસ્કારી પરિવારનું એક ગૃહપુસ્તકાલય હોવું જોઈએ અને એમાં આવાં શ્રેષ્ઠ પુસ્તકો પણ હોવાં જ જોઈએ...







**પાનખર** : લે. વસંતભાઈ રાજ્યગુરુ (રૂ. 140)
*સંવેદનશીલ સામાજિક પ્રેરક વાર્તાઓ*

**દાદાજીની વાતો** : લે. ઝવેરચંદ મેઘાણી (રૂ. 80)
લોકજીવનનો ધબકાર ઝીલતી બાળકોને ગમે તેવી કથાઓ

**સેલિબ્રિટિ સાથે સંવાદ** : લે. આનંદ ઠાકર (રૂ. 150)
વિવિધ ક્ષેત્રની વીસ પ્રતિભાઓના રસપ્રદ ઇન્ટરવ્યુ

**મૃત્યુની પાનખરમાં વસંત** : લે. ઉષા ચતુર્વેદી (રૂ.125)
મૃત્યુ પછી પણ દીકરી સાથેના સંબંધની કથા

**અર્વાચીન પ્રશ્નોપનિષદ** : લે. ભદ્રાયુ વછરાજાની (રૂ. 180)
સામાજિક અનેક પ્રશ્નોનું નિરાકરણ આપતા જવાબોનું પુસ્તક









**મન જંજીર, મન ઝાંઝર** : લે. ભદ્રાયુ વછરાજાની (રૂ. 130)
મનને પ્રસન્ન રાખવાના ઉપાયોનું ગાઈડન્સ આપતા લઘુલેખો

**ઘરથી ઘર સુધી** : લે. હિતેન આનંદપરા (રૂ. 151)
ઘરની સાચી અને સંવેદનશીલ ઓળખ આપતા લેખો

**વાઈરસ** : લે. જયંત વિષ્ણુ નારળીકર, અનુ. પદ્મા મહેતા (રૂ. 170)
વિજ્ઞાન સાથે નાતો ધરાવતી રોમાંચક નવલકથા




**ઋષિવર શ્રી પ્રભાશંકર પટ્ટણી** : લે. સ્વામી સચ્ચિદાનંદ (રૂ. 90)
મહાન રાજનેતાનું પ્રેરક જીવનચરિત્ર

**વિશ્વાસનું એવરેસ્ટ** : લે. અરુણિમા સિંહા, અનુ.સુધા મહેતા (રૂ. 150)
રેલવે દુર્ઘટનામાં અપંગ થયા પછીય એવરેસ્ટનું આરોહણ કરનાર યુવતીની આત્મકથા

**પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી** : સંપા. રોહિત શાહ (રૂ. 201)
લગ્નજીવનને સુખમય અને પ્રસન્ન બનાવવાની પ્રેરણા આપતા લેખો

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

# લોકજીવનનું અનેરું પાસું : પશુ-પ્રાણીઓનો સાજ શણગાર

• નરેશ પી. અંતાણી •

આપણા અતીતની ગવાહી આપતા અનેક પ્રમાણો કચ્છમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. ઈતિહાસના પાના વાંચતા જાણવા મળે છે કે, હંમેશ યાયાવર ટોળાંઓ અને નિર્વાસિતોએ કચ્છને પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે. છેક પ્રાગૈતિહાસિક કાળથી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવા પામી છે. જેને કારણે કચ્છ પ્રદેશમાં એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ કચ્છમાં થયેલો છે. કચ્છમાં પણિઓ, અંધકો, ભોજો, નાગો, મોર્યો, ક્ષત્રપો, આભિરો, સેન્દ્રકો, ચાવડાઓ, સોલંકીઓ અને છેલ્લે સમાવંશના જાડેજાઓએ રાજ કર્યું છે. અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે. આજ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને કાયમ માટે સ્થાયી થઈ ગઈ છે. આ જાતિ પ્રજાતિઓમાં છેલ્લા દસકાઓમાં જાડેજા, રબારી, આહીર, સોઢા, ભાનુશાલી જેવી અનેક જાતિઓ પણ કચ્છમાં સ્થાયી થઈ. આ સમાજોએ કચ્છના સૂકા વાતાવરણને રંગીન બનાવવા પોતાના ટેરવાના કસબથી વિવિધ રંગોથી ભરપૂર અનેક હસ્ત કલાઓને વિકસાવી, આ પ્રદેશને દેશ-દુનિયામાં મશહુર કર્યો છે. અનેક હસ્ત કલાઓમાં પશુ પ્રાણીઓના સાજ શણગારમાં પણ આ પ્રદેશની આ જાતિઓએ પોતાના પ્રાણ પૂર્યા છે.

ખેતીવાડી અને કૃષિને માનવજાતિનો પ્રથમ સંસ્કાર માનવામાં આવે છે. આદિકાળમાં જ્યારથી સંસ્કૃતિનો ઉદય થયો અને કૃષિ સંસ્કારના પદચિહ્ન સંભળાવા લાગ્યા ત્યારથી માનવ સમાજે પશુઓને પાળવાનો અને તેમને ઉપયોગમાં લઈને પોતાનો ભાર ઓછો કરવાનું શરૂ કર્યું.

વેદિક સમયમાં પણ લોકો ગાય, બળદ, હાથી, ઘોડા વગેરે પાલતુ જાનવરોને ગાડામાં જોડતા, હળમાં જોડતા, દૂધ મેળવતા અને માલ-સામાનની ફેરી માટે ઉપયોગમાં લેતા થઈ ગયા હતા અને ત્યારથી જ માનવ અને પશુ વચ્ચે એક પ્રકારની હેત-પ્રીતની ગાંઠ બંધાઈ છે. એ સમયમાં પશુ પ્રાણીઓનો આદર થતો. પોતાના જીવ સમાન વહાલા પશુઓ પ્રત્યે માનવ હેત વરસાવતો. વાર તહેવારે પશુઓને શણગારતો અને તેની પૂજા પણ કરતો. આમ, લોકજીવનમાં જોવા મળતી પશુ શણગારની પરંપરાનું પગેરું છેક વેદકાળથી મળે છે. આ પરંપરા વર્તમાન સમયમાં પણ જળવાઈ રહેલી આપણે જોઈ શકીએ છીએ. જો કે છેલ્લા પચાસેક વરસમાં તેમાં ઓટ આવતી પણ જોઈ શકાય છે. ભારતના અનેક પ્રદેશોની જેમ કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ પશુઓને શણગારવાની પરંપરા જળવાઈ રહેલી હતી.

કચ્છમાં પણ ઘોડા, ઊંટ, બળદને શણગારવાની પરંપરા કેટલાય સૈકાઓથી ચાલતી આવી છે. આઝાદી પહેલા વાહનની કોઈ સુવિધા નહોતી. ત્યારે સિંધ અને રાજસ્થાન સાથે તો વ્યવહાર બળદ ગાડાં કે ઘોડાગાડી મારફત જ ચાલતો. વાગડથી મેમણ શેઠિયા વેપાર અર્થે ઊંટ પર સિંધ જતા ત્યારે શણગારેલા ઊંટ પર પિત્તળનું નકશીવાળું કાઠું રાખતા. કેટલાક શાહુકારો ચાંદીનું કાઠું પણ વાપરતા. ઊંટના પગમાં પિત્તળના ઝરમર ઝાંઝર પહેરાવવામાં આવતા. જેથી સૂનકાર રસ્તા અને રણના વાતાવરણમાં પણ રણકાર ચાલતો રહેતો.

## ● ઘોડાનો શણગાર :

આઝાદી પહેલા સૈકાઓથી દેશના અર્થકારણમાં ઘોડાઓનું મહત્ત્વ સવિશેષ રહેતું હતું. અનેક ઘોડાઓનો માલિક અત્યંત ધનવાન અને સમૃદ્ધ ગણાતો. સમાજમાં તેની પ્રતિષ્ઠા પણ ઊંચી રહેતી. ઘોડા એ સમયે અત્યંત ઝડપી દોડનાર જાનવર ગણાતું. એક ઘોડાનું મૂલ્ય એક હજાર ગાયો બરોબર લેખાતું. આવા જાતવાન ઘોડાઓને તેના માલિકો કમનીય કંચનમાળાઓ, સુંદર મોતીઓ અને અવનવા અલંકારો અને રંગબેરંગી ફૂલમાળાઓથી શણગારતા. વેદકાલીન સમયથી ઘોડાઓની રેસ જાણીતી છે. એ સમયમાં આવી રેસને 'આજી' તરીકે ઓળખવામાં આવતી. ઘોડાઓની રેસમાં પણ ઘોડાઓને શણગારવાની પરંપરા રહી છે.

ઘોડો, એ આપણા લોકજીવનનું અત્યંત માનીતું પ્રાણી રહ્યું છે. આથી જ માનવી જેટલા જતનથી પોતાના શરીરના સાજ શણગાર કરે, એ એટલા જ જતન અને હોંશથી ઘોડાને પણ શણગારે છે. કાઠી, ગરાસિયા અને જાડેજાઓમાં લગ્ન પ્રસંગોમાં પણ ઘોડાઓને સંપૂર્ણ શણગારવામાં આવે છે. ઘોડાઓના ખાસ શણગારના સરંજામમાં મોઢા પર પાન ભરેલો ફુમતાવાળો મોરડો ને લગામ, ડોકે રંગબેરંગી પરાતું અથવા સુતરની દોરીનું પીપરપાંઠ પાડેલું અને ચાંદીનું

ડાડિયું; ડોકની નીચે કેશવાળીને છેડે જેરબંધ આગમ દોરો, પગે લંઘર, પીઠ પર થડો, દળી, ખોંગીર, અડદિયા દડી તેના પર કાંઠો અને જીન જીન પર કચ્છના વિવિધ પ્રાંતો અને સમાજોમાં કરાતું ભરત ભરેલી ગાદલી. આ ગાદલી અને જીનને બાંધવા માટે ફૂમતાવાળી દોરી, ડોક અને પીઠ ઉપર મોતીભરેલી કે ભરતકામ કરેલી ઝુલ એ ઘોડાનો શણગાર રહેતો. વરઘોડા, શોભાયાત્રા કે અસવારી વખતે ઘોડીને પગે ચાંદીની ઘૂઘરીઓ વાળા ઝાંઝર બાંધવામાં આવતા. આવી શણગારેલી ઘોડી ઢોલના તાલે નાચે એ જોવાની મજા જ કંઈ જુદી હતી.

કચ્છમાં ઘોડાઓ ખાસ કરીને જાડેજા, સિંધી, મુસ્લિમો મોટેભાગે રાખતા. કણબીઓ પણ રાખતા. ઘોડાના શણગારમાં માથા પર ઢાંકવા માટે ખાસ કચ્છી ભરત ભરેલું કપડું તૈયાર કરાતું. જેને મખીયો કે અખીયો તરીકે ઓળખવામાં આવે છે. તેને સોઢા તથા સિંધી લોહાણા પરિવારો સાંકળી અને આભલા ભરતથી સુશોભિત કરતા. ઘોડાની પીઠ પર રાખવાના જીનને પણ રંગબેરંગી કાપડ પર ભરત ભરી લગાવવામાં આવતું જેને કચ્છીમાં પરછટ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેના પર સાંકળી ભરત ભરવામાં આવતું અને જે વાગડના કણબીઓ ભરતા. તો લખપત વિસ્તારમાં રહેતા સોઢા પરિવારો પણ એમના જાણીતા સૂફ ભરતથી તથા અબડાસાના જાડેજા પરિવારો કટાઉ કામથી પરછટને શણગારતા.

- **બળદનો શણગાર :**

ભૂમિની માટીમાં આળોટીને ઉછરેલી નારીએ પોતાના પાળેલા પશુ-પ્રાણીઓ સાથે હેતથી હીરલા ગાંઠ બાંધી હોય તેમ તેણે પોતાના પશુઓને શણગારવામાં આંગળીના ટેરવાઓનો સંપૂર્ણ પ્રેમ ભરતકામ દ્વારા વ્યક્ત કર્યો છે.

કચ્છ સૌરાષ્ટ્રમાં લગ્નપ્રસંગે જાન જોડાય ત્યારે બળદોને મોતીકામ અને ભરત ભરેલા સાજ શણગારથી સુશોભિત કરાય છે. બળદના ઝુલો, માથાના મખિયારડાં, શિંગડાંના શિંગરોટિયાં, મોઢાના મરડા, ગળાનો ગલપટ્ટો વગેરે મુખ્ય છે. શોખીન લોકો બળદની ડોકે ઘૂઘરા, માલાજાળી ઝણ્યું, પિત્તળની સાંકડી, ટોકરી અને પારાના ડોકિયાં પણ બાંધે છે. શિંગડાંઓને તેલથી ચમક પણ આપતા હોય છે.

અખાત્રીજના સાંતીના મુહૂર્ત કરવા જતી વખતે ખેડૂતો પોતાના બળદોને ખૂબ જ પ્રેમથી શણગારતા હોય છે. રાજસ્થાનથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સ્થાયી થયેલા વણઝારા પરિવારો કાળી ચૌદસના દિવસે પોતાના બળદોને શણગારે છે. તેઓ પોતાના બળદ (પોંઠિયા)ને શિંગડેથી ચોપડી વિવિધ રંગોથી રંગે અને તેના શરીર પર પણ છાપો પાડે છે. ગુજરાતના કેટલાક પ્રદેશોમાં અષાઢ મહિનામાં મન મૂકીને વરસેલા મેઘરાજાને આવકારવા ‘હલોતરા’નો ઉત્સવ પણ ઉજવાય છે ત્યારે પણ બળદોને શણગારવામાં આવે છે.

કચ્છમાં ઉજવાતા મોટા યક્ષ સહિતના અનેક પરંપરાગત લોકમેળાઓમાં બળદોને શણગારી, ગાડાંમાં જોડી મેળામાં જતાં લોકોને જોવાનો પણ એક અનેરો લહાવો હતો. તો કચ્છના જૈન સમાજ તરફથી યોજાતા વિવિધ પ્રસંગની શોભાયાત્રા કે સામૈયા વખતે શણગારેલા બળદોને ચાંદીના આભૂષણો પણ પહેરાવવામાં આવતા.

બળદ માટેના ભરતકામ કચ્છમાં વાગડ વિસ્તારના કણબી પટેલ કરતા. જેમાં સાંકડી ભરતનો તેઓ ખાસ ઉપયોગ કરતા. બળદની ઝુલ અને અખિયામાં આભલા ભરત પણ તેને સુંદર ઓપ આપતા.

- **ઊંટનો શણગાર :**

કચ્છ રણપ્રદેશ હોઈ ઊંટની ઉપયોગીતા પણ ઠીક ઠીક રહી છે. એક સમયે સિંધ સાથેનો તમામ વ્યવહાર ઊંટ મારફત જ ચાલતો. ખાસ કરીને કચ્છના મેમણ શેઠિયા વાગડથી ઊંટ પર સિંધ જતા. સિંધી મુસ્લિમો પણ પોતાનો સિંધ સાથેનો વેપાર ઊંટ મારફતે જ કરતા.

કચ્છનો રબારી સમાજ પણ પોતાના માનીતા પશુ ઊંટને શણગારે છે. શોખીન પરિવારો પોતાના સાંઢિયાને શણગારીને મેળામાં કે લગ્ન પ્રસંગે જાનમાં પણ જોડતા. ઊંટને શણગારના શણગારોમાં માથામાં ભરેલી ટોપી, મોઢાનો મોરડો, પલાણ પર નાખવાનો લાસો, છાપેલી અને ભરત ભરેલી ઝુલ, ઢીંચણના ગુડિયા, બે પગે ઝુરમર ઝાંઝર, ગળે ટોકરી, પલાણ એટલે કાઠા પણ પિત્તળના અને ચાંદીના બનતા. કચ્છમાં અંજારમાં યોજાતા લોકમેળાઓમાં ઊંટનો શણગાર વેચાતો.

અબડાસાના જૈન પરિવારો તથા જાડેજા પરિવારો ઊંટના શણગારમાં પેચવર્કનું કામ કરાવતા. વાગડના કણબીઓ તેમાં પોતાનું પરંપરાગત ભરતકામ કરતા. કચ્છના ઢેબરિયા, રબારી ઊંટની ‘આથરિયા’ (ઝુલ)માં ઉત્કૃષ્ટ ભરતકામ કરતા જે અંજાર બાજુ જોવા મળ્યું.

ઊંટના કાઠલામાં કચ્છી મેમણ પરિવારો પિત્તળનું નકશીકામ કરાવતા જેમાં ઊંટના માલિકનું નામ અને તેના કારીગરનું નામ પણ કોતરાવવામાં આવતું.

- **હાથીઓનો શણગાર :**

રાજ વૈભવ અને ભવ્યતાના પ્રતીક સમા હાથીની આપણા દેશમાં વેદકાળથી સર્વોપરિતા રહી છે. પ્રત્યેક મંગલ પર્વોમાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪ ઉપર)**

કચ્છ

# કચ્છી બોલી વિશે સંશોધનની જરૂર છે



ડૉ. મિહિર એમ. વોરા

કચ્છી નવા વર્ષ તરીકે અષાઢી બીજની સૌ ભાઈ બહેનોને વધામણી.

*ગઝણ ગજે ને મોરલા બોલે*
*મથે ચમકે તે વિજ*
*હલો પાંજે કચ્છડે આવી અષાઢી બીજ.*

આપ સૌને અષાઢી બીજની શુભ કામના.

કચ્છી બોલી વિશે જાણવું જરૂરી છે અને તેના વિશે નવું સંશોધન જરૂરી છે. કચ્છીને પોતાની લિપિ નહીં હોવાને કારણે કચ્છીઓ વ્યવહારમાં ગુજરાતી લિપિ વાપરે છે ત્યારે તમામ કચ્છની યુવા પેઢી પોતાની પોતીકી બોલી વિશે જાણે તે જરૂરી છે. મેં અહીં માત્ર માહિતી આપવાનો પ્રયત્ન કરેલો છે જેની નોંધ લેવી. સદીઓથી અસ્તિત્વ ધરાવતી કચ્છી બોલીનું સાહિત્ય કંઠોકંઠ સચવાયેલું છે. કચ્છ રાજના સમયમાં રાજ વ્યવહાર પણ કચ્છીમાં ચાલતો હતો. તેને રાજભાષાનો દરજ્જો અપાયો હતો અને તે જાડેજી ભાષા તરીકે પણ ઓળખાતી હતી. કચ્છની અનેક જાતિના લોકો કચ્છી બોલે છે. મુસ્લિમ, મેઘવાળ, રાજપુત, જાડેજા, ભાનુશાળી, લોહાણા, રાજગોર, બ્રાહ્મણ, વીસા ઓસવાળ અને દસા ઓસવાળ જૈન, ભાટિયા, રબારી લોકો કચ્છીનો રોજબરોજની ભાષા તરીકે પ્રયોગ કરે છે. કચ્છની લિપિ યોજવી હોય તો તેના ધ્વનિ ઘટકો નિયમિત કરવા પડે. કચ્છીના લખાણની રૂઢરીતિને ધ્યાનમાં રાખીને ગુજરાતીની લિપિ અપનાવી છે ત્યારે મહેન્દ્ર દોશીનો 'કચ્છ અર્પણ' ડિસેમ્બર-૨૦૧૦ અને જુલાઈ-૨૦૧૪માં પ્રકાશિત થયેલ 'ભાવરેંજો ભેરપો'માં આવેલો લેખ વાંચવા જેવો છે. તેમાં જણાવ્યા મુજબ આ માટે ભૂતકાળના કેટલાક પાના ઉથલાવવા જરૂરી છે. તેમના અવલોકન પ્રમાણે :

(૧) ઠક્કર નારાયણજી જોબનપુત્રાએ ઇ.સ. ૧૯૨૦માં 'ૐ'માંથી એક લિપિ બનાવી હતી. તેમણે આ લિપિમાં 'કચ્છી ભાષાની પેલી ચોપડી' નામથી પ્રકાશિત કરી હતી.

(૨) લાલજી નાનજી વકીલે પણ પ્રયત્ન કરેલ 'કચ્છી નવલિપિ' આપી.

(૩) વ્રજલાલ ભગવાનલાલ છાપાએ 'સ્વદેશ' સામાયિક ૧૮૮૯ના અંકમાં પ્રયત્ન કર્યો. જેમાં પ્રથમવાર કચ્છી શબ્દો ઉચ્ચારોના વર્ણો મૂકેલા છે.

(૪) રામસિંહજી રાઠોડે 'ખોજકી લિપિ' શોધવાની નોંધ મળે છે. (સંદર્ભ : કચ્છ રચના). દીપોત્સવી અંક, ઓક્ટોબર ૧૯૭૬માં 'કચ્છ લિપિ ઇતિહાસ' (રતનસિંહજી રાઠોડ) પાના-૧૮ આ લિપિનો ઉપયોગ ખોજા લોકો લખવામાં અને શાળામાં કરતા હતા. ૧૭૩૭ની ઉપલબ્ધ પ્રત અને ૧૯૩૨ની ઉપલબ્ધ પ્રતમાંથી શ્રી રાઠોડે ખોજકી લિપિના વર્ણો તારવેલ છે.

(૫) રાઠોડે આઠમી સદીના ભંભોરના ખોદકામમાંથી મળેલ માટીના માપિયા પર જે લિપિ અંકિત કરેલ છે તે નાગરી શૈલીની છે. આ લિપિને પ્રથમ કચ્છી લિપિ તરીકે ઓળખાવાય છે.

આ પરથી સાબિત થાય છે કે પહેલા કચ્છી લિપિ હતી. આ સિવાય પણ 'મામઈ' દેવની વાણીની પોથીની લિપિ. 'વણિક અખર' એ લુહાણા ભાટિયાની હટાઈ ભાષા. નારાયણ સરોવરના ગોરના ચોપડાની સહીઓમાં જૂની લિપિ જોવા મળે છે. (સંદર્ભ : કચ્છ રચના).

કચ્છી ભાષાના સંદર્ભમાં કચ્છનો ભૂસ્તરનો ઇતિહાસ ૧૫ કરોડ વર્ષ જૂનો છે. એ સમયની ૨ x ૪ ની ગોળ છીપ મળી આવી છે જેના આધારે કેટલીક હકીકતો મેળવી શકાય છે. (સંદર્ભ : કચ્છ મ્યુઝિયમની શતાબ્દી ઉજવણીનો અંક)

(૧) લોથલ સંસ્કૃતિના અવશેષો અને સિંધુ સંસ્કૃતિની અર્ધ ચિત્રાત્મક અક્ષરાત્મક લિપિ મળી આવેલ છે. જેને ઉકેલવા માટે ડૉ. રાવે (કર્ણાટક) રશિયન વૈજ્ઞાનિકની મદદથી લિપિને ઉકેલવાના પ્રયત્ન કરેલ પરંતુ અંશતઃ સફળ થયેલ (સંદર્ભ : ટાઈમ્સ ઑફ ઇન્ડિયા - પૂના, ૧૬-૯-૮૦).

(૨) કચ્છમાં પહેલી સદીથી ૧૭મી સદી સુધીના ઉત્કીર્ણ લેખો ઉપલબ્ધ છે. તેમાં આઠ ક્ષત્રપકાલીન લેખો પણ છે જે બ્રાહ્મી લિપિવાળી ગુફા નાડાપા (કચ્છ)ની પૂર્વે ભૂરી ગડામાંથી મળી આવેલ છે. (ગુજરાતના ઐતિહાસિક લેખો ગ્રંથ ૧ માં ઉપલબ્ધ છે. આ ઉપરાંત કચ્છ મ્યુઝિયમમાંથી માહિતી ઉપલબ્ધ છે.)

(૩) ઇ.સ. આઠમી સદીની ભંભોરની લિપિ પણ અભ્યાસનીય છે. (સંદર્ભ

: કચ્છ રચના, ઓક્ટોબર ૧૯૭૬).

(૪) ઇ.સ. ૧૧૪૭થી ૧૯૪૭ સુધી પૂરા આઠસો વર્ષ કચ્છ પર જાડેજાઓનું રાજ હતું. આ સમય દરમ્યાન ‘જાડેજા ભાષા’ વિકસી હતી. ઇ.સ. ૧૦૬૫થી ૧૨૦૩ ગુજરાતમાં સોલંકી સત્તાનું રાજ હતું. આ સમય દરમ્યાન ગૂર્જર અપભ્રંશના અનેક શબ્દોનું કચ્છીકરણ થયું. કચ્છી સિંધીથી દૂર થઇ અને ગુજરાતને નજીક થવા માંડી. વધુમાં ગુજરાતના વાઘેલા અને રાજસ્થાનના સિંધના સોઢા વચ્ચેના સંબંધો વિકાસ પામ્યા. આથી કચ્છી જાડેજાની પિતૃભાષા અને માતૃભાષા ગુજરાતી બની (સંદર્ભ : કચ્છ દર્શન, શ્રી શંભુદાન ગઢવી). કચ્છમાં કેળવણી ગુજરાતી ભાષામાં શરૂ થઈ. સરકારી ગેઝેટિયરની નોંધ જોઈએ તો “In 1854, there was only one vernacular school in Bhuj.” કચ્છી બોલીનો વિકાસ અને કચ્છી લિપિ માટે સઘન પ્રયત્ન કરવામાં આવેલ જ છે. કચ્છી ભાષાના લેખનમાં એક વાક્યતા જળવાય તે દૃષ્ટિએ કચ્છી ભાષાની જોડણી અંગે કચ્છી બોલીના ઉચ્ચારણો મુજબ જોડણી થઈ શકે તે માટે ૧૮ સૂચનો ડૉ. શાંતિભાઈ આચાર્યે સૂચવેલ છે. (સંદર્ભ : વિદ્યાપીઠ, જુલાઈ-ઓગસ્ટ ૧૯૮૬, કચ્છી ભાષાની જોડણી).

કચ્છી બોલી આજે જીવંત છે કારણકે કવિ વ્રજ ગજકંધ, પ્રતાપરાય ત્રિવેદી, દુલેરાય કારાણી, કવિ તેજ, નારાયણ જોશી, ‘કારાયલ’, ડૉ. વિશન નાગડા, જયંતી જોશી ‘શબાબ’, ગૌતમ જોશી, ધનજી ભાનુશાલી, લાલજી મેવાડા, કવિ કનુભાઈ જોશી, કવિ મદનકુમાર અંજારિયા, કીર્તિભાઈ ખત્રી, ડૉ. કાંતિભાઈ ગોર, બાબુલાલ ગોર, માવજી મહેશ્વરી, ડૉ. રમેશ ભટ્ટ, ડૉ. મંજુલા ભટ્ટ, કવિ વિશ્રામ ગઢવી, કવિ જયેશ ભાનુશાળી, નવીન પટેલ, ગોવર્ધન પટેલ, કવિ સંજય ઠાકર, કવિ ગુલશન તેમજ અનેક નામી અને અનામી લેખકો અને કવિઓ ઇત્યાદિ સાહિત્યકારોને હાથે કચ્છી, આજે શિષ્ટ ભાષાનું સ્થાન માણી રહી છે. કચ્છી બોલી પોતાનું આગવું બંધારણ ધરાવે છે અને આગવો મિજાજ ધરાવે છે. આમાં ઘણા કચ્છીમાં લેખ અને કવિતા લખતા લેખકો અને કવિઓના નામ રહી ગયા હોય તો માફી આપશો. તે તમામને પણ વંદન છે - કચ્છી ભાષા જીવંત રાખવા માટે. દરેક કચ્છી લોકોએ પોતાની બોલીને બચાવવાના પ્રયાસો કરવા જોઈએ તેવું મારૂં માનવું છે. કચ્છ યુનિવર્સિટીમાં ચાલતા કચ્છી ભાષાના સંવર્ધન કેન્દ્રમાં આ બાબતે ખાસ સંશોધનની જરૂર છે. નવી પેઢીએ આના ઉપર વધુ સંશોધન કરવું જોઈએ તેવું મારૂં માનવું છે.

*સંદર્ભ : “કચ્છ અર્પણ” ડિસેમ્બર ૨૦૧૦ અને જુલાઈ ૨૬, ૨૦૧૪; ‘ભાવરેંજો ભેરપો’, પાંજો કચ્છ, સુચિતા બોધાણી કનર અભિયાન.*

---

## પશુ-પ્રાણીઓનો સાજ શણગાર

**(અનુસંધાન : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

આરંભ શણગારેલા હાથીઓથી જ કરવામાં આવતો. હાથીઓને શણગારી હારબંધ ઊભા રાખવામાં આવતા. હાથીને શણગારવામાં સોનેરી ઝુલ - ગળામાં વૈભવી માળા, માથા પર રંગબેરંગી ઝરુખાં જેવું ચિતરામણ કરવામાં આવતું.

કચ્છમાં હાથીઓનો ઉપયોગ માત્ર રાજવી પરિવાર પૂરતો સીમિત રહેલો હોઈ આથી સમાજમાં તેનો શણગાર બહુ જાણીતો નથી. કચ્છના રાજવી પરિવાર દ્વારા યોજાતી વિવિધ અસવારીઓમાં હાથીને શણગારીને જોડવામાં આવતા. હાથી પર મૂકવામાં આવતી સુવર્ણજડિત અંબાડી - હોદ્દા પાલખીઓ આજે આયના મહેલમાં જોવા મળે છે.

આ ઉપરાંત ગાય-ઘેટાં અને બકરાંને પણ શણગારવાની પરંપરા અસ્તિત્વમાં હતી. જો કે કચ્છમાં તેઓનો ઉલ્લેખ ઓછો જોવા મળે છે.

સંસ્કૃતના સર્જન સાથે લોકજીવનમાં જે કળાઓ વિકાસ પામી તેમાં મોતી અને વિવિધ પ્રકારના ભરતકામથી પશુઓ શણગારવા અને એ દ્વારા પશુપ્રેમ વ્યક્ત કરવાની ભાવના પણ મુખ્ય રહી છે. આ કળાનો વિકાસ અને કચ્છના લોકસમાજની રસ અને રૂચિનો સુંદર પરિચય જોવા મળે છે. એ સમયે આ કળાની યોગ્ય કદર થતી. આથી હસ્તકલા કારીગરો તેમાં પોતાનો જાન રેડી નાખતા. મહિલાઓ પણ પોતાના નવરાશના સમયમાં પશુઓના શણગાર માટેનું ભરત ભરતી. હવે પ્રવર્તમાન બદલાતા સમયમાં લોકજીવનમાં પશુ-પ્રાણીઓના શણગારો અને સાજ-સરંજામ પ્રત્યે માનવીનો શોખ ઓછો થતો જાય છે. યંત્રયુગ અને શહેરીકરણની દોટમાં આ અમૂલ્ય વારસો લુપ્ત થતો જોઈ શકાય છે. નવી પેઢી માટે આ બધું માત્ર તસવીરોમાં જ રહી જશે એવું લાગે છે. ખારા રણમાં મીઠી વીરડીની જેમ આજે પણ કેટલીક જાતિઓ ખાસ કરીને રબારી, જાડેજા અને કણબીઓમાં આ કિંમતી વારસાના સંસ્કાર જળવાઈ રહ્યા છે એ એક આશાનું કિરણ છે.

*(પૂરક વિગતો માટે લોકકલાના મર્મજ્ઞ એ.એ. વઝીરનો આભાર.)*

***૨૨/બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨ મો. : ૯૯૯૮૨ ૨૦૪૭૮***

# પાંજો કચ્છ

## અમદાવાદની ગુજરાતી કેળવણી પરિષદની કચ્છ શાખા

વી.આર.ટી.આઈ. માંડવી અને માનસી - બિદડાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા શિક્ષણ વિમર્શ કાર્યક્રમમાં ગુજરાતી કેળવણી પરિષદ, અમદાવાદ દ્વારા કચ્છ કેન્દ્રને મંજૂરી અપાયા બાદ તાજેતરમાં ખુલ્લું મૂકાયું હતું. કચ્છ કેન્દ્રના શિલ્પી ગોરધન પટેલ 'કવિ'એ વિશાળ પ્રદેશની અપેક્ષાઓ સંતોષવા સતત સેવારત સંસ્થાના સહયોગથી આ કાર્ય શક્ય થયું છે તેવું જણાવતાં કહ્યું કે, કચ્છ માટે એક નવી દિશા ખૂલી છે.

## ભુજ લોહાણા બોર્ડિંગ સંચાલિત અંગ્રેજી શાળાનો પ્રારંભ

ભુજ ખાતે લોહાણા બોર્ડિંગ સંચાલિત ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો તાજેતરમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે સમાજના શ્રેષ્ઠીઓ કિરણભાઈ ગણાત્રા, નવીનભાઈ આઈયા, સતીશભાઈ શેઠિયા, ઍડવોકેટ શંકરભાઈ સચદે, ડૉ. કનુભાઈ ગણાત્રા, ડૉ. દમયંતીબેન ગણાત્રા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીધામ અદાલતમાં રાષ્ટ્રીય લોકઅદાલત

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના માર્ગદર્શન તથા સૂચના અંતર્ગત જુલાઈ માસમાં ગાંધીધામની કોર્ટમાં રાષ્ટ્રીય લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

## ભુજ, અંજાર અને માંડવી સુધરાઈના નવા હોદ્દેદારો

ભુજ સુધરાઈના પ્રમુખપદે લતાબેન સોલંકી અને ઉપપ્રમુખપદે ડૉ. રામ ગઢવીનાં નામોની જાહેરાત તાજેતરમાં થઈ હતી. જ્યારે અંજાર સુધરાઈના પ્રમુખપદે રાજેશભાઈ પલણ તેમજ ઉપપ્રમુખપદે ધર્મિષ્ઠાબેન ખાંડેકાની સર્વાનુમતે વરણી કરાઈ હતી. માંડવી નગર સેવા સદનની પ્રમુખપદે શ્રી મેહુલભાઈ એ. શાહ તથા ઉપપ્રમુખપદે ગીતાબેન પી. રાજગોરની વરણી થઈ હતી.

## કચ્છના છ શહેરો હવે રાજકોટ ઝોન હેઠળ

રાજ્ય સરકારે હવે શહેરોના વિકાસ અને બિલ્ડિંગ વગેરેના પ્લાનની ઓનલાઈન વ્યવસ્થા અમલમાં મૂકીને છ ઝોન પાડી રાજયમાં અલગ અલગ રિજિયોનલ કમિશનર ઑફ મ્યુનિસિપાલિટી હેઠળ આવરી લેવાનો નિર્ણય કર્યો છે. જેમાં કચ્છનો રાજકોટ ઝોનમાં સમાવેશ કરી કચ્છના ભુજ સહિત ગાંધીધામ, અંજાર, રાપર, ભચાઉ અને માંડવી શહેરને સાંકળી લેવાનો મહત્ત્વનો નિર્ણય લીધો હોવાથી એકંદરે લેવાતા નિર્ણય માટે સ્થાનિકોની પાંખો કાપી લેવામાં આવી છે. શહેરી વિકાસના કામો માટે કચ્છમાં નગરપાલિકાઓ તથા શહેર વિસ્તાર વિકાસ સત્તા મંડળો દ્વારા અપાતી મંજૂરીઓ હવે રાજકોટ ખાતેથી લેવાની રહેશે.

## પ્રમુખ સ્વામીની કરુણાગંગા

હરિભક્તોની ઉપસ્થિતિમાં ભુજ ખાતે તાજેતરમાં યોજાયેલી પારાયણના વક્તાઓ પૈકી ષડદર્શનાચાર્ય ભક્તિસાગર સ્વામીએ 'સ્હેજે મળ્યા સહજાનંદ' વિષયના પારાયણને આગળ વધારતા જણાવ્યું હતું કે, આપણને જે વસ્તુ સ્હેજે-વિનામૂલ્યે મળે ત્યારે તેની કિંમત સમજાતી નથી. પૂ. પ્રમુખ સ્વામીના અનુગામી પૂ. મહંત સ્વામી કચ્છમાં આવ્યા ત્યારે જણાવ્યું કે જેમ પાણી, હવા મફત મળે છે તેને આપણે વેડફી નાંખીએ છીએ જ્યારે ખરીદી કરી હોય અને જેના પૈસા ચૂકવ્યા હોય તેવી વસ્તુને આપણે જતન કરીને રાખીએ છીએ. સત્સંગ અને ગુણાતીત સંતની પ્રાપ્તિ પણ આપણને સહેજે - સહેજે કાંઈ ચૂકવ્યા વિના થાય છે. જેથી તેનું જતન કરવા તેનો મહિમા સમજવામાં પાછા પડીએ છીએ.

## ગાંધીધામના ઉદ્યોગપતિ - દાતા વિઠ્ઠલભાઈ અનમનું અવસાન

કચ્છ - ગાંધીધામના અગ્રણી ઉદ્યોગપતિ - દાતા એવા

લોહાણા સમાજના મોવડી વિઠ્ઠલદાસભાઈ તુલસીદાસ અનમનું તાજેતરમાં ૭૮ વર્ષની વયે નિધન થતાં સંકુલ અને સમાજમાં શોક ફેલાયો હતો. મૂળ અંજારના વિઠ્ઠલદાસભાઈ ગાંધીધામ ચેમ્બરના ખજાનચી પદે રહી ચૂક્યા હતા. લોહાણા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી પદે પણ ઘણા વર્ષો સુધી કાર્યરત હતા. રામકૃષ્ણ હોસ્પિટલના નિર્માણમાં પણ તેમનો ફાળો હતો. કંડલાના વાવાઝોડા તેમજ કચ્છમાં ભૂકંપ વખતે રાહત કામગીરીમાં તેઓશ્રી જોડાયા હતા. કારગિલ યુદ્ધના શહીદોને આર્થિક સહાય આપવા રાજસ્થાન જઈને પરિવારજનોને રૂબરૂ મળ્યા હતા. છાત્રોની ફી, પુસ્તકો, ગણવેશ પણ તેઓ પૂરા પાડતા હતા.

## પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા

લાંબા સમયથી રાહ જોવામાં આવતી હતી એ અટકેલો કચ્છ યુનિવર્સિટી પીએચ.ડી. પ્રોગ્રામ શરૂ કરવાનો માર્ગ તાજેતરમાં મોકળો થયા બાદ હવે ૧૫મી જુલાઈના તેની પ્રવેશ પરીક્ષા લેવાશે. પીએચ.ડી. પાત્રતા આપનારી આ પરીક્ષાનો સિલેબસ યુજીસી - નેટની પરીક્ષા મુજબનો રહેશે.

## અમદાવાદમાં કચ્છી દિવ્યાંગનું સન્માન

અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી હોલમાં તાજેતરમાં દિવ્યાંગ રત્ન ઍવોર્ડનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં કલગી ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ રત્ન ઍવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વિવિધ ક્ષેત્રમાં નામના મેળવી ચૂકેલા ૩૦ દિવ્યાંગોને દિવ્યાંગ રત્ન ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં કચ્છમાંથી માંડવીના દીર્ઘ ખત્રીની પણ પસંદગી થઈ હતી. દીર્ઘ ખત્રી હાલમાં મુંબઈ ખાતે પોતાનું અગરબત્તી મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવે છે.

## આર્મીમાં મેજરનું પદ મેળવી કચ્છને ગૌરવ અપાવ્યું

આર્મીમાં કેપ્ટનપદે ફરજ બજાવતા મૂળ સાંયરા (યક્ષ) - કચ્છના હિતેન મણિલાલ નાકરાણીએ તાજેતરમાં મેજર પદે બઢતી મેળવી કચ્છનું ગૌરવ વધાર્યું છે. એન્જિનિયરિંગ બી.ઈ. ઇલેક્ટ્રિક પાસ કર્યા બાદ દેશદાઝની ભાવનાથી પ્રેરાઈ એનડીએની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ દહેરાદુન ખાતે ટ્રેનિંગ મેળવી લેફ્ટનન્ટ પદ માટે પસંદગી પામ્યા હતા. ત્યારબાદ કેપ્ટન પદે પ્રમોશન મેળવી ત્રણ વર્ષ સુધી બારામુલ્લા, શોપિયા, અનંતનાગ જેવા જોખમી સ્થળોએ યોગ્ય ફરજ બજાવી ૨૦૧૭માં મેજર તરીકે નિમણૂંક પામી હાલે પંજાબના ભટીન્ડા ખાતે ફરજ પર તૈનાત છે.

## ભુજમાં સવાસોથી વધુ ઇમારતોમાં સલામતીનો અભાવ

ભુજમાં સવાસોથી વધુ બહુમાળી ઈમારતો આવેલી છે. ત્યારે તેમાં ૯૦ ટકા બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટીના સાધનોની કોઈ જોગવાઈ નથી. સરકારના એકથી વધુ વખતના આદેશ છતાં સ્થાનિક સુધરાઈના ફાયર વિભાગે આવી ઈમારતો સામે કોઈ કાર્યવાહી કરી નથી. અગર કોઈ દુર્ઘટના બને તો સેંકડો લોકો ઈમારતોમાંથી નીચે ઉતરતા પહેલાં જ જીવતા સળગી જાય તેવી ગંભીર પરિસ્થિતિ છે. શહેરના વાણિયાવાડ તથા ગામતળમાં આ પ્રકારની અત્યંત સાંકડી જગ્યાએ ઈમારતો આવેલી છે. હોસ્પિટલો, શાળાઓ તથા બેંકો વગેરે જેવા જાહેર સ્થળોમાં પણ એકવાર મુકાયેલા સેફ્ટીના સાધનો નામ પૂરતા નખાયા બાદ રીન્યુ કરવા તસ્દી લેવાતી નથી.

## અદ્યતન ચબુતરામાં ચણ માટે મૂકાશે એ.ટી.સી. યંત્ર

જૈન જાગૃતિ સેન્ટર, વર્ધમાનનગરના ઉપક્રમે લોક ભાગીદારીથી નિર્માણ પામેલા ૫ હજાર કબૂતરો માટેના એક અદ્યતન ચબુતરાનું તાજેતરમાં વર્ધમાનનગર ખાતે જીવદયા પ્રેમીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું. આ ચબુતરાની ઊંચાઈ ૫૫ ફૂટ છે. જેમાં પક્ષીઓના આવાસ માટે જુદા જુદા ૪૫ માળની રચના કરવામાં આવી છે. જેમાં ૪થી ૫ હજાર જેટલા પક્ષીઓને અભયદાન આપી શકાશે. દરરોજ ૫૦ કિ.ગ્રા. જેટલું ચણ આપવાની શરૂઆત કરાઈ છે અને ૨૫૦૦ લિટરની પાણીની ટાંકીમાંથી પાણી દરેક પક્ષીને મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં ટૂંક સમયમાં એટીસી – એની ટાઈમ ચણનું મશીન પણ મુકાશે. જેથી જીવદયા પ્રેમીઓ પોતાની ભાવના પ્રમાણે રોકડ રકમ નાંખી, તે પ્રમાણમાં એટીસી મશીનમાંથી ચણ મેળવી શકશે.

## સાહિત્ય સર્જક હસમુખ અબોટીને ઍવોર્ડ

'ગુજરાત સાહિત્ય અકાદમી' દ્વારા વર્ષ ૨૦૧૬ માટે વિવિધ વિભાગોના પારિતોષિક જાહેર થયા છે. આ વર્ષે વિભાગ-૯ (આત્મકથા, રેખા ચિત્ર, પત્ર અને જીવન ચરિત્ર)માં માંડવીના સાગર સાહિત્ય અભ્યાસુ - કચ્છમિત્રના કટારલેખક - કવિ - કથા લેખક હસમુખ અબોટી 'ચંદન'નું પુસ્તક 'સાગરનો સાદ'ને તૃતીય નંબરનો ઍવોર્ડ જાહેર થયો છે. શ્રી અબોટી શિક્ષણ ક્ષેત્રે પણ પ્રશંસનીય કામગીરી કરતા રહ્યા છે. હજુ સુધી છ પારિતોષિકો મેળવી ચૂક્યા છે.

## લોહાણા મહાપરિષદની બેઠક કોઈમ્બતુરમાં

૧૦૦થી વધારે વર્ષોથી સેવા, સમર્પણ અને સંગઠનને કેન્દ્રમાં રાખી વિશ્વભરના મહાજનો અને સંસ્થાઓને એકસૂત્રે સાંકળતી માતૃસંસ્થા લોહાણા મહાપરિષદના બીજ સને ૧૯૧૨માં રોપાયાં. જે સમય અને સંજોગો અનુસાર કાર્યરત રહી આજે પણ વણથંભી રીતે સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાતિ સંગઠન અને સેવાનું ઉમદા કાર્ય કરી રહી છે. કોઈમ્બતુરના લોહાણા મહાજન દ્વારા તેની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષને યાદગાર બનાવવા માતૃસંસ્થા લોહાણા મહાપરિષદની વૈશ્વિક કારોબારી સમિતિની બેઠકનું યજમાન બન્યું છે ત્યારે સમગ્ર દક્ષિણ ભારતના મહાજનો લોહાણા મહાપરિષદને આવકારવા આતુર છે.

## અંજારની યુવતીની પ્રિન્ટિંગ ક્ષેત્રે ક્રાંતિ

કચ્છ ગુજરાત સહિત દેશભરમાં મહિલાઓએ વિવિધ ક્ષેત્રે પદાર્પણ કરી પ્રિન્ટિંગ કામગીરીનો નવો માપદંડ સ્થાપ્યો છે. ત્યારે ગત ત્રણ વર્ષથી ડિજિટલ ક્ષેત્રે નવતર કામગીરી કરનારી કચ્છ - અંજારની રુચિ ગજ્જરે પોતાની ઉપલબ્ધિઓમાં નવું છોગું ઉમેરીને કચ્છ - સૌરાષ્ટ્રમાં પ્રથમ તથા ગુજરાતમાં ચોથું એવું અદ્યતન ઝેરોક્ષ કંપનીનું વર્ઝન ૩૧૦૦ પ્રેસ ડિજિટલ પ્રિન્ટર મશીન તાજેતરમાં લાવીને નવતર ઉદાહરણ પૂરું પાડ્યું છે અને આવા મોટા સાહસમાં રોકાણ કરનાર પ્રથમ ભારતીય યુવતી બની છે.

## લેવા પટેલ સમાજના રાજકીય આગેવાનોનો અનુકરણીય સંકલ્પ

કોઈપણ જ્ઞાતિ માટે સમાજ સ્તરે અતિ કપરો નિર્ણય કચ્છી લેવા પટેલ સમાજે તાજેતરમાં ભુજ ખાતે સામાન્ય સભામાં કર્યો હતો. જ્ઞાતિના રાજકીય આગેવાનોએ ખુદ મંચ પર આવી જાહેરાત કરી હતી કે, અમે રાજકારણમાં છીએ ત્યાં સુધી અમને સમાજની કમિટીમાં ચૂંટશો નહીં. તેમ છતાં અમે સમાજસેવા કરતા રહીશું. છ વર્ષના મુંજારાને તોડતી ચર્ચા થતાં ચોવીસી સમુદાયમાં દેશ વિદેશ સુધી આનંદ પ્રસર્યો હતો. અને રાજકીય જ્ઞાતિ બંધુઓની પુખ્તતા અને સમાજપ્રેમ માટે અભિનંદનનો ધોધ વહ્યો હતો. સારા નીતિ-નિયમ હોવા છતાં રાજકીય પક્ષાપક્ષી, પૂર્વગ્રહ, સામાજિક સંગઠન માટે ઘાતક છે તેવું સમજી ચૂકેલા કચ્છના લેવા પટેલોએ સમાજસ્તરે ઐતિહાસિક કદમ ભર્યું હતું.

## જમીન વિકાસ નિગમમાં સામૂહિક ભ્રષ્ટાચાર

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમમાં થયેલા ગેરકાયદે સામૂહિક ભ્રષ્ટાચાર ઉપર ઢાંકપિછોડો કરવા માટે સરકારે જળસંચય અભિયાન કર્યું હોવાનું જણાવતાં રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન સુરેશ મહેતાએ આ કૌભાંડમાં પોતાની ફરજ ચૂકેલા રાજ્યના કૃષિ પ્રધાન, મુખ્યપ્રધાન અને સરકારને રાજીનામું આપી દેવા તાજેતરમાં માંગણી કરી છે. તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૨-૧૩નો હિસાબ અને રિપોર્ટ છેક ૨૦૧૫ની મીટિંગમાં મંજૂર કરવામાં આવ્યો હતો. આ પછી એક પણ વર્ષનો હિસાબ કે રિપોર્ટ વિધાનસભામાં પણ રજૂ કરવામાં આવ્યો નથી.

## કચ્છી સર્જકની નવલકથાને નંદશંકર ચંદ્રક જાહેર

સુરતની જાણીતી સાહિત્યક સંસ્થા નર્મદ સાહિત્ય સભાએ ૨૦૧૫-૨૦૧૬ના વર્ષના જાહેર કરેલા વિવિધ સાહિત્યિક પારિતોષિક પૈકી નવલકથા વિભાગનો નંદશંકર ચંદ્રક કચ્છના લેખક માવજી મહેશ્વરીને તેમની નવલકથા ‘અજાણી દિશા’ પુસ્તકને તાજેતરમાં જાહેર કરાયો છે. શ્રી મહેશ્વરીને ગુજરાત સરકારનો સંત કબીર ઍવોર્ડ તથા ડૉ. જયંત ખત્રી ઍવોર્ડ જેવા પ્રતિષ્ઠિત ઍવોર્ડ આ અગાઉ પ્રાપ્ત થઈ ચૂક્યા છે.

## રાષ્ટ્રીય નૃત્ય હરીફાઈમાં પ્રથમ

પૂનામાં અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ દ્વારા ભાવ-રાગ-તાલ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ કલાકારોએ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. જેમાં આદિપુરની લર્નર્સ એકેડેમિ ઇંગ્લિશ શાળાના વિદ્યાર્થી સાહિલ મોરેએ ક્લાસિકલ, મોડર્ન, કોન્ટેમ્પેરરી પ્રકારના નૃત્ય રજૂ કરીને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

*(વર્તમાન પત્રો પર આધારિત)*
*સંકલન : દિનેશ આર. મહેતા*

***મનના રેશમી પડદા ઉપર અનેક જાતનાં ચિત્રો આકાર લેતાં હોય, પણ જ્યાં સુધી ચિત્રકાર હાથમાં પીંછી લઈને મહેનત કરતો નથી ત્યાં સુધી એ કલાકારની કોઈ કિંમત કરતું નથી.***




**sharpex®**
forest & garden solutions

# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



TRITON

ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઇટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઇપ એસ્ટેટ, જી.આઇ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

જીવન વૃત્તાંત

## કચ્છના કવિલોકમાંથી એક સિતારાની ચિરવિદાય...

# મૃદુ ભાવોના કચ્છી કવિ : મુકુંદ મહેતા 'અલ્પ'



ભરત'કુમાર' પ્રા. ઠાકર

લોકો હંમેશાં ઉગતા સૂર્ય અને વાગતી વીણાના ગુણગાન ગાય છે. આથમતા સૂરજને કોણ પૂજે? તૂટેલી વીણાના સૂર કોણ સાંભળે? પણ ના, મિત્રો, છેક એવું નથી. કચ્છના એક બુઝુર્ગ કવિએ પોતાના બે કાવ્ય સંપુટોના શીર્ષકોમાં આ ઉત્તરાર્ધ ભાવોને વણી લીધા છે! પ્રથમ સંગ્રહનું નામ છે : 'આથમતા સૂરજમાં શોધું અજવાળા' (૨૦૦૩) અને બીજા સંચયનું મથાળું રાખ્યું છે : 'તૂટી વીણા વિરમ્યા સૂર' (૨૦૦૭).

જી હા, તમે કાવ્યોમાં રસ લેતા હશો તો આ નામો પરથી ઓળખી ગયા હશો કે આ લેખના માધ્યમ દ્વારા જેમના વિશે વાત કરવી છે તે આદિપુરના કવિ મુકુંદભાઈ કેશવજી મહેતા ઉર્ફે કવિ 'અલ્પ' છે. તેઓ થોડા દિવસો પર જ ૧લી જૂનના આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા. જોકે તેઓ એમની રચનાઓ થકી અક્ષરદેહે તો સદૈવ સ્મૃત રહેશે.

ઉક્ત શીર્ષકોમાં કદાચ પહેલી નજરે કંઈક નિરાશાનો સૂર સંભળાશે, પરંતુ એમની આ પંક્તિઓમાં અજવાળાંની શોધની શ્રદ્ધા રણકે છે...

***અંધકારની ઉપેક્ષા કરતો રહ્યો ત્વરાથી,***
***પ્રકાશની અપેક્ષા ફળશે ખચિત માનું!***

### ● અભિનય અને અદાલત :

પિતા કેશવજી પુરુષોત્તમ મહેતા (સં. ૧૯૪૫-૨૦૦૦, અંજાર) અને માતા કાશીબેન જગજીવન મહેતા (માંડવી)ના પુત્ર એવા મુકુંદભાઈનો જન્મ એમના વતન અંજાર ખાતે ૨૧મી માર્ચ,



**સ્વ. મુકુંદભાઈ મહેતા 'અલ્પ'**

૧૯૩૪ના થયો હતો.

શ્રી મહેતાના જીવનના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધનાં ક્ષેત્રો ઉત્તર-દક્ષિણ જેવા ભિન્ન રહ્યા હતા. જીવનના ઉષાકાળે રંગકર્મી હતા અને હવે નિવૃત્તિકાળે તેઓ કવિકર્મ બજાવી રહ્યા હતા! બ્રાહ્મણો અને નાગરોની જેમ કાયસ્થ જ્ઞાતિને પણ સાહિત્ય, કલા અને લેખનના સંસ્કારો વારસામાં મળેલા છે.

આ પરંપરામાં મુકુંદભાઈ છેક ૧૯૫૩થી 'કલરવ' નામક હસ્તલિખિત માસિકનું સંચાલન કરતા હતા. તે પછી ૧૯૫૯માં યુવાન વયે એમણે ભુજમાં એમેચ્યોર્સ ડ્રામેટીક સોસાયટી તરફથી મંચસ્થ અને નાટ્યકાર પ્રાગજી જમનાદાસ ડોસા (૧૯૦૭-૯૭) કૃત 'સોનાનો સૂરજ' નાટકમાં સનતકુમારની મુખ્ય ભૂમિકા ભજવેલી.

### ● પદ્યના પંથે પ્રયાણ :

ગુજરાતી વિષય સાથે બાહ્ય વિનયન સ્નાતક (૧૯૬૮) થયેલા મહેતાજીએ વ્યવસાયિક કારકિર્દીની દૃષ્ટિએ ન્યાયખાતામાં ચાર દાયકા લાંબી મજલ કાપી હતી. ૮મી એપ્રિલ, ૧૯૫૩ના નખત્રાણા કોર્ટમાં જુનિયર ક્લાર્ક તરીકેદાખલ થઈ પૂરાં ઓગણચાલીસ વર્ષની સળંગ દીર્ઘ સેવા બાદ ૩૧મી માર્ચ, ૧૯૯૨ના તેઓ સિવિલ કોર્ટ (સિનિયર ડિવિઝન), ભુજ ખાતેથી રજિસ્ટ્રાર (અગાઉનું નામ સી.ઓ.સી.)ના પદ પરથી નિવૃત્ત થયેલા. અહીં એ નોંધવું રસપ્રદ રહેશે કે નલિયા સિવાય એમણે કચ્છ જિલ્લાનાં બાકીનાં નવે-નવ તાલુકા મથકોની કોર્ટોમાં ફરજ બજાવેલી!

ન્યાયસેવામાંથી મુક્ત થયા બાદ દાયકા જેવો સમય નિવૃત્તિનો આનંદ માણ્યો. તે પછી ૨૦૦૨ આસપાસથી પદ્યસર્જનના પથ પર પ્રયાણ કર્યું. જાણે વર્ષો પછી અતીતના ઊંડાણમાં રહેલી રસવૃત્તિ જાગી અને એક દાયકામાં કવિ 'અલ્પ'ના પુસ્તકો પ્રગટ પણ થયાં. તેઓ યાદ કરે છે તે મુજબ એમની પહેલી કૃતિ સંભવતઃ ૧૯૫૯માં 'જયકચ્છ' સાપ્તાહિક (ભુજ)માં છપાઈ હતી. તે સરકારી ખાતાઓમાં એકથી બીજા સ્થળે થતી રહેતી 'બદલી' વિષયક કાવ્ય હતું.

કવિકર્મની સાથે-સાથે તેઓ કવચિત પ્રાસંગિક લેખો પણ લખતા. એમનાં લેખો અને કાવ્યો કચ્છમિત્ર, દિવ્ય ભાસ્કર, આજકાલ, કચ્છ ઉદય, કચ્છ ભારતી, જયકચ્છ, ગુજરાત સમાચારની મહિલાપૂર્તિ 'સહિયર', કચ્છશ્રુતિ, મંગલ મંદિર, ફીલિંગ્સ, પરમાર્થ, મૂર્તિ, સ્વામિનારાયણ ધર્મસંદેશ, કાયસ્થ જ્ઞાતિ સમાચાર પત્રિકા

વગેરે જેવાં અનેક અખબારો - સામયિકોમાં પ્રગટ થતાં રહેલાં.

**● ચાર પુસ્તકોનું પ્રાગટ્ય :**

મુકુંદભાઈ મહેતાનાં બહાર પડેલાં ચાર પુસ્તકોમાં બે ગુજરાતી કાવ્યસંગ્રહો, એક કચ્છી કાવ્યસંગ્રહ અને એક લેખ સંપુટનો સમાવેશ થાય છે. પોતાના પ્રથમ કાવ્યગુચ્છ 'આથમતા સૂરજમાં શોધું અજવાળા' (૨૦૦૩) સાથે કવિ તરીકે તેઓ સાહિત્ય જગતમાં પ્રવેશ્યા હતા. ન્યાયખાતાના ચાર અને જીવન સફરના સાત દાયકા દરમ્યાન થયેલા વિવિધ અનુભવોના નિચોડરૂપે તે સર્જાયું હતું. તેમાં ૧૭૫ કૃતિઓ વાંચવા મળે છે. આ સંચયના શીર્ષક સાથે ખૂબ સામ્યતા ધરાવતી અન્ય કૃતિઓની વાત અહીં રસપ્રદ બનશે.

મૂળે તેરા (તા. અબડાસા)ના વતની અને વીસનગર (જિ. મહેસાણા) નિવાસી લેખક-પત્રકાર રાજગોર ચંદ્રકાંત શિવશંકર માકાણી (૧૯૪૨-૨૦૧૭)ના કાવ્ય સંગ્રહનું શીર્ષક 'આથમતા સૂરજના અજવાળે અજવાળે' (૨૦૦૫) છે. જ્યારે રામજીભાઈ કડિયા (૧૯૩૧-૨૦૧૫)ની એક નવલકથાનું શીર્ષક પણ 'આથમતા સૂરજનાં અજવાળાં' છે. તો, ઈન્દુબેન મહેતાની નવલકથાનું શીર્ષક પણ 'આથમતા સૂરજનાં અજવાળાં' (૨૦૦૯) જ છે!

એમના બીજા કાવ્યગુચ્છ 'તૂટી વીણા વિરમ્યા સૂર' (૨૦૦૭)માં ૧૨૫ રચનાઓ સમાવિષ્ટ છે. કવિ નોંધે છે તેમ આ સંપુટ એમની પુત્રી જેલમ મહેતા (૧૯૬૧-૮૨)ની સંવેદના અને આધુનિક જીવનની બદતર સ્થિતિના નિષ્કર્ષ રૂપે સર્જાયો હતો. એમના ક્રમાંકિત ત્રીજા, પરંતુ પ્રથમ કચ્છી કાવ્યસંગ્રહ 'અખ મેં પાણી, અખ ભીંજાણી' (૨૦૧૦)માં ૫૦ કચ્છી કાવ્યો સ્થાન પામ્યાં છે.

છેલ્લે એમના ચોથા પ્રકાશન રૂપ લેખસંચય 'અલ્પને અલ્પ રહેવા દો' (૨૦૧૪)માં એમણે જીવન સંસ્મરણો, જ્ઞાતિકીય પ્રવૃત્તિઓ, અગાઉના ત્રણ કાવ્યગુચ્છોના અહેવાલો, પોતાના કેટલાક પુનર્મુદ્રિત લેખો, એમના વિશે અન્યોએ લખેલા લેખો અને ૫૧ ગુજરાતી કાવ્યોનું સુંદર સંપાદન થયું છે.

**● સરળ શબ્દોના કવિ**

કવિ પ્રાકૃતિક નજાકત જેવા સહજ સંવેદનોને સરળતાથી કવિતામાં આલેખે છે. જીવનની વાસ્તવિક્તા અને વિષમતા અંગે કવિ કહે છે...

*સૌ રંગ જિંદગીના જોઈ ચૂક્યો નજીકથી;*
*છતાં પણ હું જીવી રહ્યો છું બિન્દાસ મનથી!*

કવિ થોડું લઈને સમાજને ઘણું પાછું આપે છે તે અમૃતસમું હોય છે! પોતાના તખલ્લુસ 'અલ્પ'ને જાણે સાર્થક કરતા હોય તેમ કવિએ થોડો (અલ્પ) પ્રયાસ કરતાં કરતાં ઘણું બધું કહી નાખ્યું છે! અહીં ઊર્મિઓ ઊછળી છે અને કલમ જોશભેર વહી છે. એમની રચનાઓમાં પરિપક્વતા અને મૂલ્યનિષ્ઠા જોવા મળે છે, જેને યોગ્ય પરિવેશમાં મૂલવી અને અર્થગૌરવ આપી કવિ અલ્પતામાં પણ વિરાટતાના દર્શન કરાવે છે.

જીવનમાં જે કંઈ કવિને ઝંઝોળે છે તેને તેઓ સીધું ને સટ્ટ, ચોખ્ખું ને ચટ્ટ વ્યક્ત કરે છે. તેમાં કોઈ શબ્દાડંબર કે અલંકાર નથી, છતાં પ્રસ્તુતિ કાવ્યમય બને છે. મનમાં આવ્યું કે ઊગ્યું તે સઘળું એમણે બોલચાલના સહેજ શબ્દોમાં નિરૂપ્યું છે. મહેતાજીની કૃતિઓમાં તાજગી અને વ્યવહારમાં સાદગીનો સમન્વય રચાયો છે.

***સાદગી ને સભ્યતા એ જિંદગીનો શણગાર છે,***
***સાદગી તો સદ્‌ગૃહસ્થ કેરો મહામૂલો વ્યવહાર છે.***

**● નિવૃત્ત છતાં પ્રવૃત્ત**

૨૦૦૯માં કવિ 'અલ્પ'ની ૭૫મી વર્ષગાંઠ પ્રસંગે કાયસ્થ જ્ઞાતિએ એમનું ઉચિત સન્માન કરી પ્રશસ્તિપત્ર અર્પણ કરેલું. તો, ૨૦૧૪માં પોતાના પુસ્તક પ્રાગટ્ય પ્રસંગે જ્ઞાતિ ઉત્કર્ષ માટે એમણે ભુજ-અંજાર કાયસ્થ જ્ઞાતિને કુલ એક લાખ રૂપિયાની રકમ શિક્ષણ ભંડોળમાં આપી સમાજનું ઋણ પણ અદા કર્યું હતું.

નિવૃત્તિકાળમાં હાસ્ય મંડળ, સૂરસંધ્યા, વરિષ્ઠ નાગરિક મંડળ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં પણ યથાશક્ય યોગદાન આપતા રહ્યા હતા. કવિ 'અલ્પ'ને આપણી હાર્દિક સ્મરણાંજલિ...

***'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,***
***ખડિયા તળાવ સામે,***
***વૈશાલી સિનેમા રોડ,***
***અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯***
***મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***


**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ** / **Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ધ ભુજ મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |

**સમાજ કાર્યાલય વોટ્સએપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી



તુલસી કંસારા

***નોંધ** : ‘કચ્છશ્રુતિ’ના આ અંકથી શરૂ થતી નવી કોલમ શબ્દબોધ – અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફીમાં અંગ્રેજી શબ્દોની ગુજરાતીમાં સમજ આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે. નામ પ્રમાણે અહીં કોઈ બોધ આપવાનો આશય નથી પરંતુ અત્યારના સમયમાં દરેક ક્ષેત્રે અંગ્રેજીનો પ્રભાવ વધતો જણાય છે. આપણા ગુજરાતી અને કચ્છી યુવા પેઢી તેમજ વાંચકો પણ કાયદા, મેનેજમેન્ટ, મેડિકલ કે બેન્કિંગ જેવા અનેક સ્થળોએ વપરાતા અંગ્રેજી શબ્દોની સમજ કેળવે તે હેતુથી આ કોલમ શરૂ કરવામાં આવે છે. આપનો પ્રતિભાવ આ કોલમના કસબીને અહીં આપેલ ઈ-મેઈલ (**tkansara@gmail.com**) અથવા તો કચ્છશ્રુતિના સરનામે મોકલી આપવા વિનંતી છે.*

***– તંત્રીમંડળ***

**Abreviation** (એબ્રીવિયેશન), **Acronym** (એક્રોનીમ) = ટૂંકાક્ષરો કે સંક્ષેપાક્ષર

આજે ઝડપથી દોડી રહેલ દુનિયા અને રઘવાટમાં જીવી રહેલ પેઢીને બધું જ આંગળીને ટેરવે શીખી લેવું છે. તેથી તેની બોલીમાં ટૂંકા અક્ષરોમાં ઘણું કહી દેવાની જરૂરિયાત વધતી જાય છે. દા.ત. એપ્લિકેશન (Application) એટલે તેનો અર્થ અરજી થાય. ઉપરાંત વિનંતી, ચીવટ, લાગુ પાડ્યું તે, લગાડવું, લાગુ કરવું, ચોપડવું તેવા અર્થ પણ થાય. જેને ટૂંકમાં અંગ્રેજીમાં Aps – એપ્સ કહે છે, જે દરેક સ્માર્ટ ફોન વાપરનારાઓ બોલતા હોય છે. આમ તો સેમ્યુઅલ મોર્સે, મોર્સ કોડ તરીકે ઓળખાતા લાંબા અંતર સુધી બે છેડે સંદેશ વ્યવહાર કરવા માટે ટેલિગ્રાફની શોધ ૧૮૩૦-૪૦ના દાયકામાં કરી ત્યારથી ટૂંકા અક્ષરો બનાવવાની શરૂઆત થઈ તેવું કહી શકાય.


ફિલ્મી દુનિયાના નામોનો ઉલ્લેખ કરીએ તો ઓહ માય ગોડ (OMG) મતલબ “અરે! ભગવાન”ને ટૂંકાવી ઓમજી નામની ફિલ્મ કદાચ તમે જોઈ હશે. તો આ રીતે સંક્ષેપમાં કહેવાતા કે





બનાવાતા, ટૂંકા અક્ષરોને અંગ્રેજીમાં એબ્રીવિયેશન – Abbreviation કહેવાય છે. સાથે સાથે એક એક્રોનીમ (Acronym) નામનો તેનો પર્યાય પણ છે. જેનો ખરેખર અર્થ થાય છે વાક્યમાંના દરેક શબ્દોના પ્રથમ અક્ષરો લઈને જોડી દેવા. દા.ત. ઉપરના દાખલામાં OMG – ઓમજી એક એક્રોનીમ છે, જે Oh My God વાક્યમાંથી દરેક શબ્દના પ્રથમ અક્ષરમાંથી બનાવવામાં આવેલ છે. જ્યારે વાક્યના એક કરતાં વધારે અક્ષરોથી બનાવવામાં આવતા શબ્દને એબ્રીવિયેશન કહેવાય છે. દા.ત. ડૉક્ટરને બદલે માત્ર ડીઆર – Dr., કે રોડ – Road નું Rd. કોઈ લાંબું વાક્ય હોય તો તેના શબ્દોમાંથી એક કે વધારે અક્ષરોથી પણ એક્રોનીમ બનાવવામાં આવે છે. દા.ત. સોનાર જે સાઉન્ડ નેવિગેશન એન્ડ રેન્જિંગ (***SONAR*** = **SO**und **NA**vigation and **R**anging)માંથી બનાવવામાં આવેલ છે. આમ જુઓ તો એક્રોનીમ અને એબ્રીવિયેશન વચ્ચે પાતળી ભેદરેખા છે અને બંને એકબીજાના પર્યાય તરીકે સમજાતા હોય છે.

***Atrocity*** – આ એટ્રોસિટી તરીકે ઉચ્ચારાતા શબ્દનો ગુજરાતીમાં અર્થ થાય છે ભયંકર દુષ્ટ કૃત્ય, ઘૃણાસ્પદ કામ અથવા વસ્તુ, અત્યાચાર, જુલમ, કાળો કેર, ઘોર કૃત્ય. આ અંગ્રેજી શબ્દનું ફ્રેન્ચ *એટ્રોસાઈટ* અને લેટિન *એટ્રોસિટાસ* છે. તે સોળમી સદીની મધ્યમાં ક્રુઅલ્ટી (Cruelty) મતલબ ભયંકર દુષ્ટ કૃત્ય તેમજ અહીં આપેલ કાળા કેર જેવા અર્થમાં વાપરવામાં આવેલ. (પિક્ચર શોલે ફિલ્મમાં ગબ્બરસિંગ, ઠાકુરના હાથ તલવાર વડે કાપે છે, જે ક્રુઅલ સીન કહેવાય.) આપણે ત્યાં કાયદાની ભાષામાં પણ તેનો તેવો જ અર્થ કરવામાં આવેલ





રૂરબન (Rurban) શબ્દ કચ્છમાં ભુજની નજીકના ભુજોડી ગામને યોગ્ય રીતેજ લાગુ પડે છે. કચ્છની વિજીટે જતી વ્યક્તિઓને સૂચન છે કે તાજેતરમાં થયેલ વિકાસ ને પરિણામે ત્યાંની કળાકારીગીરી ના નમુનાઓ સિવાય ત્યાંનું મ્યુઝીયમ, વાતાવરણ અને ભાઇચારો જોવાનું પણ તમને ચોક્કસ ગમશે.

છે. ૧૯૮૯માં શ્રી રાજીવ ગાંધીના સમયમાં કોંગ્રેસની સરકારે *પ્રિવેન્શન ઑફ એટ્રોસિટી એક્ટ* પસાર કરેલ. જે હેઠળ તે ચોક્કસ સમાજના લોકો જો અન્ય નાગરિકો કે સત્તાધીશ વિરુદ્ધ બોલવામાં પણ તે કાયદામાં જણાવેલ શબ્દોનો ઉપયોગ કર્યાનો આરોપ મૂકે તો ડાયરીમાં રિપોર્ટ – એફઆઈઆર – લખી તેવું બોલનારને એરેસ્ટ કરવા સુધીની સત્તા પોલીસને આપવામાં આવેલ છે.

***Rurban*** – પ્રથમ વખત સી.જે. ગોલપીને ૧૯૧૮માં શોધેલ – આ શબ્દ 'રૂરબન' એટલે કે રૂરલ = ગામડાનું + અર્બન = શહેરનું. આ બંને અંગ્રેજી શબ્દોના અનુક્રમે પ્રથમ ત્રણ અને પાછળના ત્રણ અક્ષરો જોડીને, કહો કે તેનું એક્રોનીમ બનાવીને તેનો ઉપયોગ કરવાનું શરૂ કરવામાં આવેલ છે. જેનો અર્થ ગામડાં અને શહેર બંને પ્રદેશોનું વાતાવરણ જ્યાં હોય તે પ્રદેશને 'રૂરબન' કહેવો. આમેય, વૈશ્વીકરણ (ગ્લોબલાઇઝેશન)ની પ્રક્રિયા, જે સનાતન ધર્મના મૂળ સંસ્કાર તથા વિચારધારા 'વસુધૈવ કુટુંબકમ્' મતલબ આખી દુનિયા એક કુટુંબ છે ભાવના પર આધારિત છે, જેના કારણે ઇન્ફોર્મેશન ટેકનોલોજીની ક્રાંતિકારી શોધ પછી આપણી યુવા પેડી વિદેશો ખૂંદતી થઈ ગયેલ છે અને ગ્લોબલાઇઝેશનને કારણે એરપોર્ટની નજદીક શહેરો તેમજ ગામડાંઓ વિકસીને શહેરોનું રૂપ લઈ રહેલ છે. વધતો વિદેશ વ્યાપાર આ માટેનું બીજું કારણ છે. આમ ગ્લોબલાઇઝેશન સાથે સોરોકીને જેને ૧૯૨૯માં તેના રૂરલ - અર્બન સોશિયોલોજી નામના લખાણમાં રૂર્બનાઇઝેશન શબ્દ વાપરેલ છે, તે બાજુમાં આપેલ કચ્છમાં ભુજથી આઠેક કિ.મી.ના અંતરે આવેલ ભુજોડી ગામને યોગ્ય રીતે જ લાગુ પડે છે. કચ્છનો પ્રવાસ ખેડતી દરેક વ્યક્તિઓ કે કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓને સૂચન છે કે તેઓ કચ્છની મુલાકાતે જાય ત્યારે, આ ભુજોડી જોવા જરૂર જાય. ત્યાંની કલાકારીગરીના નમુનારૂપ વણકરો દ્વારા બનાવાતી આંખને ગમી જાય તેવી ગરમ કે ઠંડી સાલ, રબારી અને આહીરોનું ભરતકામ કે અઝરખ વગેરે તો આજુબાજુના ગામડાંઓમાંથી કે ભુજની બજારમાંથી મળી રહેશે પરંતુ ત્યાંનું તાજેતરમાં થયેલ વિકાસને પરિણામે બનેલ મ્યુઝિયમ, (Rurban) 'રૂરબન' વાતાવરણ અને ભાઈચારો જોવાનું અન્ય કોઈ જગ્યાએ નહીં મળે. હિંદુસ્તાનમાં આ રૂરબન કાયદેસરના સરકારી સાહિત્યમાં 'શ્યામ પ્રસાદ મુખર્જી રૂરબન મિશન' યુનિયન બજેટ ૨૦૧૪-૧૫માં એનાઉન્સ કરવામાં આવેલ.

*મો. ૯૮૨૫૦ ૮૨૬૩૯*

## વસીપો

ઝપાટે અચીને વસીપો તું મેઘા
છડી વેસલોને વસીપો તું મેઘા...

વિને સાવ કોરો હાણે જેઠ મેણું
આષાઢ અચે ને વસીપો તું મેઘા...

વિઠા વાટ ન્યારી ખેડુ ને આડુ
અભતેં નજરનેં વસીપો તું મેઘા...

અસાંકે ઉમેધું બોર્યું વઠે જ્યું
લપઇ ખ્યોં રધે ને વસીપો તું મેઘા...

કચ્છી વરે નઉં ચંધર આષાઢી
"પ્રભુ" પતતું રખીને વસીપો તું મેઘા...

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

## કુશ્તી!

આ ટાંટીયા ખેંચની કુશ્તીમાં,
આ ભીડભાડની વસ્તીમાં, ફજેતી કોની થાય છે?
કોની ઈજ્જત જાય છે?
ચૂંટણીમાં... ભ્રષ્ટ નેતાની!
નોકરીમાં... કામચોર નોકરની!
તપાસમાં... ગુનેગાર માણસની!
પરીક્ષામાં... આળસુ વિદ્યાર્થીની!
દલાલીમાં... નાના વેપારીની!
સંપાદનમાં... નબળા લેખકની!
'કુંજ' આ રસ્તો કંઈ નવો નથી,
અહીં કોઈ કોઈનો સગો નથી!

*કુંજલતા આર. સાવલા - ભુજ*

સ્વાસ્થ્ય

# વૈશ્વિક ચિત્તભ્રમ દિવસ : ૨૪ મે
## પ્રકરણ - ૩ : ગેરસમજ વિશે
## World Schizophrenic Day : 24th May


ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

વિશ્વભરમાં ૨૪ મે વૈશ્વિક ચિત્તભ્રમ દિન (24th May : World Schizophrenia Day) તરીકે મનાય છે.

આપણે જાણ્યું કે વિશ્વ વસતિના ૧% લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે. ભારતમાં ૧.૨૫ કરોડથી વધુ લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે. જેમને યોગ્ય સારવારની અત્યંત જરૂર છે. યોગ્ય સારવાર બાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

ચિત્તભ્રમ બીમારીના કારણો વિશે આપણે જાણ્યું કે ત્રણ મુખ્ય પરિબળો કારણભૂત છે : (૧) અનુવાંશિક (વારસાગત) : ચિત્તભ્રમ વારસાગત રોગ છે. (૨) શારીરિક પરિબળ : મગજમાં આવેલા મનના અવયવોમાં કદ તથા રચનામાં ફેરફારો થાય છે. જેથી સંદેશવાહક હોરમોન્સની (ન્યુરોટ્રાન્સમિટર્સની) માત્રામાં ફેરફારો થાય છે અને મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. (૩) મનોવૈજ્ઞાનિક પરિબળ : વ્યક્તિત્વની ઉણપ તથા જીવનમાં બનતી નકારાત્મક ઘટનાઓનો સામનો કરવાની માનસિક ઉર્જાની ઉણપ વ્યક્તિને રોગી બનાવે છે.

ચિત્તભ્રમ બીમારીના લક્ષણો વિશે આપણે જાણ્યું કે મનના કાર્યો જેવા કે વિચારો, ભણકારા / ભાસ, વાણી, વર્તણૂંક, લાગણી, કાર્યશક્તિ તથા ભણતર પર વિપરીત અસર થાય છે.

આ લેખમાં ચિત્તભ્રમ બીમારી વિશેની ગેરસમજ જાણીએ:

### ચિત્તભ્રમ બીમારી વિશે પ્રવર્તતી ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય :

ચિત્તભ્રમ બીમારી અંગે કેટલીક ગેરસમજ તેમજ ભૂલભરેલી માન્યતાઓ અને પૂર્વગ્રહયુક્ત અભિપ્રાયો પ્રચલિત છે. આ ભ્રામક માન્યતાઓ ચિત્તભ્રમ બીમારીના દર્દીને યોગ્ય મનોવૈજ્ઞાનિક ચિકિત્સા અને સારવારથી દૂર રાખે છે. આથી દર્દીનું તથા કુટુંબનું નુકસાન થાય છે.

### ગેરસમજ-૧

*"કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે. ભૂત-પિશાચ દેવી કે શયતાનની અસર છે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

વ્યક્તિની વર્તણૂંક, વિચારોમાં થતા ફેરફારો બીમારીને લીધે છે.

વૈજ્ઞાનિક પ્રગતિની આ ૨૧મી સદીમાં જ્યાં ઇન્ટરનેટ, ઇ-મેઇલ તથા બધી માહિતી આંગળીના ટેરવે મળે છે એવા સમયે ઘણા લોકો દઢતાપૂર્વક (ખોટું) માને છે કે ચિત્તભ્રમની બીમારીથી પીડાતી વ્યક્તિ ભૂત-પિશાચ, શેતાન, દેવીની અસર હેઠળ આવેલ છે. વિચારો તથા ખાસ કરીને વર્તણૂંક કોઈએ કાંઈ કર્યું છે, દેવીનો પ્રકોપ છે, કોઈ શરીરમાં આવ્યું છે. તેથી આ અસરમાંથી મુક્ત કરવા વ્યક્તિને ભુવા પાસે જ લઈ જવો જોઈએ. ડૉક્ટરની સારવારથી વર્તણૂંક નહીં બદલાય, બલકે વધી જશે.

- **કેસ સ્ટડી :**

૨૮ વર્ષનો અમિત છેલ્લા એકાદ વર્ષથી ગુમસુમ રહેતો હતો. કોઈની સાથે બોલે નહીં. બ્રશ કરવાનું, સ્નાન કરવાનું વગેરે કુટુંબીજનો કહેતા ત્યારે કરતો. જમવા માટે કુટુંબીજનો ન કહે તો આખો દિવસ જમ્યા વગર ભૂખ્યો રહેતો. મનમાં મનમાં બબડ્યા કરતો. કારણ વગર ઘણી વખત હસતો. મોઢાના વિચિત્ર હાવભાવ કરતો.

આ વર્તણૂંક માટે ભુવાને બતાડ્યું. 'શરીરમાં કોઈ ભૂતાત્મા છે.' એને કાઢવા માટે ભુવાએ વિધિ જણાવી. મહિના સુધી એ પ્રમાણે કર્યું. કાંઈ ફરક ન પડ્યો.

દરગાહ પર લઈ ગયા. તાવીજ બનાવી પહેરાવ્યું. પરિણામ શૂન્ય આવ્યું.

કુળદેવીના સ્થળે જઈ પગે પડી આવ્યા. માનતા માની. કાંઈ ફરક ન પડ્યો.

આ દરમ્યાન વર્તણૂંક વધારે બગડતી ગઈ. દિવસો સુધી અમિત સ્નાન ન કરતો, દાઢી ન કરતો. વાળ ચાર મહિના પછી કપાવ્યા.

જ્યોતિષ પાસે ગયા. એણે મનોચિકિત્સકની સલાહ લેવા સમજાવ્યા.

ચિત્તભ્રમ બીમારીનું નિદાન લેખકે કર્યું. ઔષધોપચાર શરૂ કર્યો. ધીમે ધીમે ફરક પડવા માંડ્યો. મહિનાની સારવારમાં વર્તણૂંકમાં ઘણો સુધારો થયો. ચારેક મહિનામાં ધંધા પર જવા લાગ્યો અને ધંધાની જવાબદારી લેવા લાગ્યો.

મનોવૈજ્ઞાનિક સમજણ : ચિત્તભ્રમ બીમારીમાં મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે જે જ્ઞાનતંતુઓમાં થતા બંધારણીય (કદ, રચના) તથા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને લીધે છે. દવાઓ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા જ્ઞાનતંતુમાં નોર્મલ કરે છે. જેથી બીમારીના લક્ષણો કાબૂમાં આવે છે.

## ગેરસમજ-૨

*"કેટલું સમજાવ્યું છતાં પોતાના વિચારો છોડતો નથી."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

સારા અને સામાન્ય માણસની જેમ ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિ પોતાના વિચારો કાબૂમાં રાખી શકતી નથી.

ટાઈફોઈડ કે મેલેરિયાના તાવથી પીડાતી વ્યક્તિ જેમ તાવને ભગાડી શકતી નથી તેમ ચિત્તભ્રમથી બીમારીથી પીડાતી વ્યક્તિને વિચારોને કાબૂમાં લાવવા વૈદ્યકીય સારવારની (દવાની) જરૂરત છે. માટે સમજાવવા કે સલાહ આપવાને બદલે મનોચિકિત્સક દ્વારા યોગ્ય નિદાન કરાવી સારવાર કરાવવી અત્યંત અગત્યનું છે.

## ગેરસમજ-૩

*"તે આળસુ થઈ ગયો છે. તેને કામ કરવું નથી."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

કામ કરવાની ઈચ્છાનું લુપ્ત થવું તથા કામ કરવાની ઉત્સુકતા ન રહેવી એ ચિત્તભ્રમ બીમારીનું લક્ષણ છે, જે દર્દીના કાબૂમાં નથી. દર્દી આળસુ થઈ ગયો છે કે જાણી કરીને કામ કરતો નથી એવું નથી.

દર્દીને સલાહ આપવાથી કે કાઉન્સેલિંગ કરવાથી દર્દી કામ પર જતો નથી. દર્દી જાણીબુઝીને આવું કરતો નથી પરંતુ બીમારીનું લક્ષણ છે. યોગ્ય નિદાન અને યોગ્ય સારવાર કરવાથી ફાયદો થાય છે અને વ્યક્તિ (દર્દી) પૂર્વવત કામ પર જાય છે.

## ગેરસમજ-૪

*"ચિત્તભ્રમ બીમારીમાં સારવારમાં અપાતી દવાઓ માત્ર ઊંઘની દવાઓ છે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

ચિત્તભ્રમ બીમારીમાં મગજમાં (Brain) આવેલ મનના (Mind) અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ, એમિગડેલા વગેરેમાં) બંધારણીય (કદ, રચના) તથા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે, જેને લીધે ચિત્તભ્રમ બીમારીના લક્ષણો જોવા મળે છે.

દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરાય છે. જેથી ચિત્તભ્રમ બીમારી પર કાબૂ મેળવાય છે તથા બીમારીના લક્ષણો દૂર થાય છે.

ચિત્તભ્રમની બીમારીના લક્ષણમાં ઊંઘ ઓછી આવતી હોય છે, જે દવાને લીધે નોર્મલ થાય છે. ૬થી ૭ કલાક ઊંઘ આવે છે. ઊંઘ વધારે આવત નથી. દર્દી પોતાનું રોજિંદુ કામકાજ વ્યવસ્થિત કરી શકે છે. વિદ્યાર્થી અભ્યાસ કરી શકે છે.

સાથે સાથે વિચાર, વર્તન, વાણી, લાગણી, કાર્યશક્તિ પર ચિત્તભ્રમ બીમારીને લીધે થયેલ વિપરીત અસરો પણ કાબૂમાં આવે છે તથા દર્દી મહદાંશે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

## ગેરસમજ-૫

*"લગ્ન કરવાથી ચિત્તભ્રમ બીમારી દૂર થશે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

જેમ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઇડની બીમારી લગ્ન કરવાથી મટતી નથી પણ આ બીમારી માટે યોગ્ય સારવારની જરૂરત છે, તેમ આપણે સૌએ સમજવું જરૂરી છે કે ચિત્તભ્રમ એક બીમારી છે તથા તેના માટે યોગ્ય મેડિકલ સારવારની જરૂરત છે. જવાબદારી ન લેવાથી તથા પોતાની દુનિયામાં ખોવાઇ જવાનું એ ચિત્તભ્રમ બીમારીના લક્ષણો છે. વ્યક્તિ (દર્દી) જાણી કરીને આ રીતની વર્તણૂંક કરે છે એમ સમજીને લગ્ન કરવાથી વ્યક્તિ (દર્દી) જિંદગીની જવાબદારી લઈ લેશે એ માન્યતા ભ્રામક છે.

"જવાબદારી ન લેવી" એ બીમારીનું લક્ષણ છે એ વાત સમજવી જરૂરી છે. આ માટે મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી સારવાર કરાવીએ જેથી વ્યક્તિ (દર્દી) સારો થાય અને નોર્મલ જિંદગી જીવી શકે. ■

*નાનું કે મોટું કોઈ પણ ખરાબ કાર્ય કરતી વખતે અથવા તો એ કાર્ય પૂરું થઈ ગયા પછી આત્મા જાણે ઉજાગરો અનુભવતો હોય એવું લાગ્યા કરે છે. અને આત્માનો ઉજાગરો એટલે જીવનમાં અશાંતિ સિવાય બીજું કંઈ નહીં.*

પ્રવાસ

# અમદાવાદ સ્થિત ૧૩ વર્ષીય આન્યા સોનીએ એન્ટાર્કટિકાની સફર સફળતાપૂર્વક સંપન્ન કરી

• પ્રતિભા સોની •

***નોંધ** : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રાણલાલ નરભેરામ સોલંકી, ભુજ નિવાસી હાલે અમદાવાદના પુત્રવધૂ પ્રતિબા સોની, સોફ્ટવેર એન્જિનિયર છે અને પૌત્રી આન્યા સોની એટલે કે અત્યાર સુધી એન્ટાર્કટિકાની સફર કરનાર સમગ્ર ભારત દેશની સૌથી નાની – ૧૩ વર્ષની યુવતીનું પ્રવાસ વર્ણન અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રીમંડળ*

રોબર્ટ સ્વાનએ કહેલું, ‘એન્ટાર્કટિકાના શ્રેષ્ઠ અનુભવ માટે એમ કહી શકાય કે પુનઃ જોડાણ માટે છૂટા પડવું જરૂરી છે. અને એ જ સત્ય છે. અમારી પાસે ફોન, ઇન્ટરનેટ વગેરે કોઈ જ જોડાણ નહોતું. ખરેખર, બરફના પહાડ, પાણીમાં તરતી બરફની મહાકાય શિલા, પેન્ગ્વિન્સ (penguins), વ્હેલ માછલીઓ, શીલ પ્રાણીઓ, પેટ્રેલસ (petrels) વગેરેની વચ્ચે રહેવું એ એક રોમાંચક અનુભવ છે.

અમારી મુસાફરીની શરૂઆત તા. ૧૯-૨-૨૦૧૮ના રોજ અમદાવાદથી મુંબઈ હવાઈ માર્ગે થઈ. તા. ૨૦-૨-૨૦૧૮ના હવાઈ માર્ગે મુંબઈથી અબુધાબી. જ્યાં અમે ફ્લાઇટ બદલી યુરોપના રોમ શહેર પહોંચ્યા. રોમમાં ફ્લાઇટ બદલી અમે દક્ષિણ અમેરિકાના આર્જેન્ટીના પ્રાંતના બ્યુનોસ એરીસ (Buenos Aires) શહેર પહોંચ્યા. તા. ૨૫-૨-૨૦૧૮ના બ્યુનોસ એરીસથી અમે દક્ષિણ અમેરિકાના આર્જેન્ટીના પ્રાંતના ઉશ્વાઇયા પહોંચ્યા.

તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ દક્ષિણ અમેરિકાના છેવાડે આવેલ આર્જેન્ટીના પ્રાંતના એકદમ અંતે આવેલ ગામ ઉશ્વાઇયા (Ushvaia) કે જેને દુનિયાનો છેડો (એન્ડ ઑફ ધ વર્લ્ડ)ના લાડકા નામથી પણ ઓળખવામાં આવે છે તે ઉશ્વાઇયા (Ushvaia)થી અમારી સફરની શરૂઆત થઈ. અહિંયા અમે દુનિયાના અલગ અલગ ૨૦ દેશોથી આવેલ જુદી જુદી ભાષા બોલતા, સંપૂર્ણ અલગ સંસ્કૃતિ અને બેકગ્રાઉન્ડ ધરાવતા ૮૭ પ્રેરણામૂર્તિ સમાન લોકોના સમુદાયને મળ્યા. માત્ર એક જ દિવસના અંતે અમને બધા જ ને અનુભૂતિ થઈ ગઈ કે અમારો સાથ જીવનભર રહેશે કેમકે અમારા બધામાં એક બાબત સામાન્ય હતી કે અમારે હવામાન પરિવર્તન (Climate change) સામે લડત આપવાની છે.

તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમારી ટીમ ઓસિયન એન્ડેવોર (Ocean endeavour) જહાજ પર સવાર થઈ “બીગલ ચેનલ” (Beagle channel) પસાર કરવા સફરની શરૂઆત કરી. દુનિયાના સૌથી વધારે તોફાની સમુદ્ર માર્ગ ડ્રેક્સ પેસેજ (Drakes passage) પસાર કરવામાં અમને બે દિવસ લાગ્યા. ડ્રેક્સ પેસેજ - કેપ હોર્ન અને એન્ટાર્કટિક પેનેસુલા (Antarctik Penesula) વચ્ચે આવેલ છે. જહાજના કેપ્ટને અમને રાહત આપતા જણાવ્યું કે આપણે લૉ પ્રેશર વાવાઝોડાથી સહજમાં બચી ગયા છીએ. પણ અમારામાંના કેટલાક સભ્યો જહાજની અતિશય હાલક ડોલકને કારણે ખૂબ જ તકલીફ અનુભવતા હતા અને બે દિવસ સુધી પોતાના રૂમથી બહાર પણ ના નીકળી શક્યા. તદુપરાંત ભોજન સમયે અમોએ કેટલાય કાચના વાસણો અને ગ્લાસ પણ તોડ્યા.

૨ માર્ચ, ૨૦૧૮ અમે એન્ટાર્કટિક પેનેસુલા (Antarctik penesula)ની પશ્ચિમ તરફ આગળ વધી રહ્યા હતા. તે સાંજે અંદાજિત સાંજે ૫ વાગ્યાના સુમારે અમે પ્રથમ આઇસબર્ગ (Ice-berg) – બરફનું તરતું પહાડ જેની ટોચ બહાર દેખાય જ્યારે વિશાળ હિસ્સો પાણીની અંદર હોય – જોયું જે એકદમ અદ્‌ભુત હતું. બધા જ બહાર ડેક (Deck) પર હતા અને અમને જોતા સંતોષ જ નહોતો થતો. ક્ષિતિજથી દેખાતું બંધ થયું ત્યાં સુધી અમે બધા બહાર ડેક પર જ રહ્યા.

બહુ જ થોડા ગણ્યા ગાંઠ્યા લોકો કે જે પૃથ્વીના આટલા દક્ષિણ છેવાડે આવેલા હોય તેમની સાથે ત્યાં પહોંચવું એ એક અદ્‌ભુત અનુભૂતિ હતી.

એન્ટાર્કટિકાના પ્રથમ આઇસબર્ગની જેમ જ ડેટેલી આઈલેન્ડ (Detaille Island)ની જમીન પર પગ મૂકવું એ એટલું જ રોમાંચક હતું. ભૂતકાળનું બ્રિટીશ એન્ટાર્કટિકા સર્વે સંશોધન સ્ટેશન BASE W અંદરથી જોવા મળ્યું એ

અમારું સદ્‌ભાગ્ય હતું. ૧૯૫૯માં આ સ્ટેશન અતિશય બર્ફીલા પ્રતિકૂળ વાતાવરણમાં વૈજ્ઞાનિકોને સરંજામ પહોંચાડવું મુશ્કેલ હોવાને કારણે છોડી દેવામાં આવેલ. ૩૦થી ૪૦ વર્ષ બાદ કેટલાક સભ્યો પાછા ફર્યા ત્યારે દરેક વસ્તુ યથાવત સચવાયેલ જોઈને આશ્ચર્ય પામેલા. ૨૦૦૨માં આ ઐતિહાસિક સ્ટેશનને, નુકસાન ન પહોંચે તે ધ્યાનમાં લઈને મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું.

ખૂબ જ રસપ્રદ સફર ફિશ આઈલેન્ડ (Fish Island)ની કે જ્યાં દરેક સ્વતંત્ર ટાપુ અલગ અલગ ટાઈપની મછલીના નામથી છે. જેમ કે ફ્લોઉન્ડર ટાપુ (Flounder Island), મીનનોઝ (Minnows) વગેરે. આ બધા જ ટાપુઓ નીચે હતા જેમાં એડેલી પેન્ગ્વિન્સ (Adelie Penguins)ની અંદાજિત ૪૦૦૦ જોડીનો ઉછેર અને વસવાટ હતો. બ્લ્યુ આંખોવાળી સાગ્સ (Blue eyed sags) પણ કૂદકા મારતી જોવા મળી. વધારે દક્ષિણમાં જતાં બેલ્લીન્ગશુસેં (Bellingshausen) સમુદ્રમાં અમે જોયું ખૂબ જ અદ્‌ભુત ગ્લેશિયલ નઝારો... ટેબલ જેવું બરફનું પહાડ. જાણે બરફના પાટિયા ખડકેલ હોય!!

અમારા આ દિવસો જેમાં અમે અતિ સુંદર બરફના પહાડો વચ્ચેથી સહેતુક સફર કરી તે જાણે નેશનલ જિઓગ્રાફી ચેનલના ચિત્રો જોતા હોઈએ એવા રહ્યા. દરેક બરફના પહાડના જુદા જુદા આકાર, જુદા જુદા બ્લ્યુ રંગની ઝાંય અને જુદી જુદી વાર્તા કહેતા હોય એવા હતા. એન્ટાર્કટિક પેનીન્સુલાર (Antarctic peninsular)ના વિસ્તારમાં અમે અલગ અલગ ટાપુઓ પર ઉતરેલા અને હા, જ્યાં અમે ખૂબ સુંદર અલગ અલગ જાતિના પેન્ગ્વિન્સ, વ્હેલ્સ અને પક્ષીઓ



જોયા. અમે પેન્ગ્વિન્સની તેમના ખોરાક ક્રિલ (krill)ને કારણે થતી અતિ વિચિત્ર દુર્ગંધ પણ અનુભવી.

૮ માર્ચના અમારું એન્ટાર્કટિક કોન્ટિનેન્ટલ જે બરફથી ઘેરાયલ અને અતિ સુંદર દશ્યવાળું જેની સુંદરતા આપણા હોશ ભૂલાવી દે તેવું... જમીન પરનું ઉતરાણ ખાસ હતું.

આ સમય દરમિયાન એન્ટાર્કટિક બાયો ડાયવર્સિટી તથા હવામાન પરિવર્તન અને લોકોની પ્રવૃત્તિની શું અસર થાય છે તે અમને સમજાયું. આ બાબત આંખ ખોલનારી અને દુઃખદ હતી. અહીં થતા નુકસાન માટે આપણે મહદ્ અંશે જવાબદાર પણ છીએ. બરફના પહાડોમાંથી પાટો પડવાનો અવાજ અમે સાંભળ્યો અને જાણ્યું કે સમુદ્રી બરફનો વિસ્તાર વધતા તાપમાનને કારણે કેવી રીતે સંકોચાતો હતો. જેના કારણે શીલ પ્રાણીનું ઘર ખૂબ જ નાનું થતું જતું હતું. ખૂબ જ દુઃખદ વાત છે કે લોકો અહીં માછીમારી ક્રિલ (one type of oil) માટે કરે છે જે ક્રિલ ધ્રુવીય (polar) સમુદ્રી જીવોનો મેઈન ખોરાક છે. આ ક્રિલ ઓઈલનો સમગ્ર વિશ્વમાં કરોડો રૂપિયામાં વેપાર થાય છે. કેટલાય પેન્ગ્વિન સમુદાય વધતા તાપમાનને કારણે વધારે ઠંડા વિસ્તારમાં સ્થળાંતર કરે છે. આ ખૂબ જ દુઃખદ છે. અમને અનુભૂતિ થઈ કે હવે સમય છે કે આપણે કાંઈક કરવું જ રહ્યું. અમારી સુંદર ક્લાઈમેટીક ફોર્સ ટીમ અને ક્વાર્ક એક્સપેડિશન (Quark expedition) ટીમ દ્વારા જહાજ પર રજૂઆત થતી રહી, જેમાં અમે કાર્બન એમિશન, ગ્રીન હાઉસ ગેસની અસર, વધતા તાપમાન અને સમુદ્રની સપાટી કાર્બન સ્ટોરેજ અને બાયો ફયુઅલ વગેરે બાબતોની જાણકારી મેળવી. અમારી ચર્ચા બાદનું સાદું નિવારણ હતું કે માત્ર આપણે આપણી લાઈફમાં ૧% હિસ્સો આપીએ. આપણે કાર્બનની શક્યતા બાબત સભાન રહી કાર્બન રહિત પેદાશ ખરીદીએ, પાણી અને વીજળી બાબત વિશેષ ધ્યાન આપીએ, સૂર્ય શક્તિનો મહત્તમ ઉપયોગ કરીએ. રજૂઆતને અંતે ઉજળા ભવિષ્ય બાબત અમે ખૂબ જ આશાવાદી હતા.



રોબર્ટ સ્વાન અને તેનો પુત્ર બાર્ને પાસેથી માત્ર રિન્યુએબલ શક્તિના ઉપયોગથી ૬૦૦ માઈલની પદયાત્રા વિશે સાંભળ્યું. અમારું માનવું છે કે જો તેઓ કરી શકે તે આપણે પણ કરી શકીએ. રોબર્ટની હવામાન પરિવર્તન સામેની લડતની મુસાફરીની વાત સાંભળી અમે આશ્ચર્યચકિત થઈ ગયા. અમે પાછા ફરીએ ત્યારે દુનિયા સમક્ષ અમારી વાત કેમ મૂકવી તે બાબત પણ શીખ્યા.

૬ માર્ચ, ૨૦૧૮ના ધ્રુવીય ૨ ડિગ્રી ઠંડા થીજાવી દેતા પાણીમાં ડૂબકી મારી, તે ક્ષણ જાણે જિંદગીનું ખૂબ મોટું કાર્ય કર્યું હોય તેવું લાગ્યું. અમારા માટે એ દિવસ ખાસ હતો. એન્ટાર્કટિકાના કિનારે થીજવતાં ઠંડા પાણીમાં ડૂબકીની થોડી જ ક્ષણો માટે અમે હંમેશાં ગર્વ અનુભવીશું. અમારા સ્ટાફના સભ્યોએ અમને પાણીમાંથી બહાર ખેંચ્યા. તે દરમિયાન પાણીમાં કૂદકા, તરવું, ડૂબવું વગેરેની ખૂબ જ મજા પડી. આ ખૂબ જ આનંદદાયક અને રોમાંચક ક્ષણો હતી.

અમારા છેલ્લા લેન્ડિંગ પૈકી એક હતું ડિસેપ્શન ટાપુ (Deception Island) જે સક્રિય જ્વાળામુખીમાંનું એક છે. જેને કારણે એક સમયે અહીં જ વ્હેલનો ધમધમાટ તથા આ જ કારણે ૧૯૬૭માં બ્રિટીશ એન્ટાર્કટિક સર્વે મથક ખાલી કરી દેવું પડેલ.

૧૧ માર્ચના રોજ ૧૪.૦૦ કલાકે અમે કેપ હોર્ન (Cape horn)થી ૩ નોટીકલ માઈલના વિસ્તારમાં હતા. રોબર્ટે અમને જણાવ્યું કે અમે નસીબદાર લોકો હતા જે કેપ (Cape)ની આટલી નજીક જઈ શક્યા. કેપ હોર્ન (Cape horn) દુનિયાનું સૌથી વધારે જોખમી સમુદ્ર છે અને અમે સમુદ્રના તળિયે ગયેલા હજારો જહાજના ભંગાર તથા અનેક હજારો લોકો પરથી પસાર થઈ રહ્યા હતા. કમભાગ્યે કેટલાય જહાજો અનેક દિવસોના પ્રયત્ન પછી પણ બૉ (Bow) પર આવીને આ સ્થળ જોઈ શક્યા નથી, અમે બધા ખૂબ જ નસીબદાર હતા કે અમે બૉ (Bow) પર આવ્યા અને આ જગ્યા જોઈ પણ ખરી.

સમય આવી ગયો કે અમે ઉશુંઆઈયા (Ushuaia)થી બહુ થોડા લોકોએ જોયેલી અને માણેલી અને અનુભવેલી નરી વાસ્તવિક્તાથી દૂર, અમારી વાસ્તવિક્તા, અમારા ઘર તરફ પાછા ફરીએ. અમારા હલનચલનને કારણે એન્ટાર્કટિકા વિસ્તારને થતી અસર જોઈ. અમને ખેદ હતો કે દુનિયાના નકશાને ફરીથી એ જ સ્થિતિમાં નહીં જોઈ શકીએ. 'હવે પછી જ્યારે તમે દુનિયાનો નકશો જોશો ત્યારે તમારી નજર દક્ષિણમાં એન્ટાર્કટિકા પર જશે' એવું રોબર્ટે અમને જણાવ્યું. કેટલું સત્ય! કે એન્ટાર્કટિકા હવે સદાય અમારા જીવનનો હિસ્સો રહેશે.

ટીમ ઈન્સ્પાયર, ટીમ ઈન્સ્પાયર, ટીમ ઈન્સ્પાયર! ક્લાઈમેટ ફોર્સ સહેતુક સફરના લીડર હતા Mr. JUMPER.

અમારી રોમાંચક અને રસપ્રદ સફરને યાદ કરતાં કરતાં તા. ૧૩-૩-૨૦૧૮ના ઉશ્વાઈયાથી બ્યુનોસ એરિસ અને તા. ૧૪-૩-૨૦૧૮ના બ્યુનોસ એરિસથી મુંબઈ અમે પાછા ફર્યા.

## લઘુકથા : પતિ-પત્ની

*– રજનીકાંત ઓઝા*

પતિ અને પત્ની વચ્ચે આંતરકલહ હતો. દિવસો દિવસ એકબીજા પ્રત્યે અબોલા વધતા જતા હતા. ભરયુવાની ધરાવતા આ દંપતી વચ્ચે નાની અમથી વાતમાં પણ મતભેદ સર્જાતા હતા અને ઘરમાં તું-તું મૈં-મૈં થયા કરતું હતું. બંને જણ ભણેલા ગણેલા હતા એન સારી પદવી ધરાવતા હતા. આથી બંને વચ્ચે ઘણી વખત અહં પણ આડે આવતો હતો. પતિ-પત્ની વચ્ચે ખટરાગ છે તે વાત પણ માત્ર ઘરમાં જ રહી હતી. બંને જણ ઈચ્છતા હતા કે ઘરની બહાર કે ઓફિસમાં વાત જાહેર ન થવી જોઈએ.

એક દિવસ પતિને થયું કે આવું ને આવું ક્યાં સુધી ચાલશે? તેના કરતા તો છૂટા થઈ જવું સારું. બંનેએ છુટાછેડા લેવાનો નિર્ણય કરી લીધો. પરંતુ અદાલતમાં જવું નથી. અરસપરસ સમજુતીથી ડિવોર્સ લેવા છે. બંને જણ વકીલને મળ્યા અને વાત કરી. વકીલ સાહેબે કહ્યું, ઠીક છે, અઠવાડિયા પછી આવો, હું દસ્તાવેજ તૈયાર કરી રાખું છું.

અઠવાડિયા પછી બંને જણ વકીલ પાસે ગયા. વકીલે દસ્તાવેજ બતાવ્યો અને પતિને તેના પર સહી કરવા કહ્યું. પતિ સહી કરવા જતા હતા ત્યાં પત્નીએ તેનો હાથ પકડી લીધો. બીજી ક્ષણે પતિએ પણ પત્નીનો હાથ પકડી લીધો. આજે પતિ અને પત્ની પોતાના લગ્નની પચાસમી વર્ષગાંઠ મનાવી રહ્યા હતા. પુત્રો, પુત્રવધૂઓ અને પૌત્રો-પૌત્રીઓ ટોળે વળીને તેમને શુભેચ્છા પાઠવી રહ્યા હતા.

*મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦*

*જીવનની ખરી મજા તો બાળક જેવા થઈને રહેવામાં જ છે. વૃક્ષ ભલે ગમે તેટલું મોટું થાય પણ એનાં પાંદડાંનો રંગ તો લીલો જ રહે છે. પીળાં પડી ગયેલાં પાન તો એની મેળે જ ખરી જાય છે. માણસ જો પોતાનું મન લીલુંછમ રાખે તો ઉંમરની અસર કદી થતી નથી. એ સદા ટટ્ટાર ઊભો રહી શકે છે.*

*With Best Compliments From*

***Exclusive Business Partner***

Lyson DIGITAL INKJET INKS

aryan

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem
PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

ટેક્ષ આયોજન

# ઇન્કમ ટેક્સ બચાવવામાં ઉપયોગી થાય તેવા નવા નિયમો

વિશ્વવિખ્યાત મુત્સદ્દી બેન્જામિન ફ્રેન્કલીને સાચું જ કહ્યું હતું કે, દુનિયામાં બે જ વસ્તુ નિશ્ચિત છે : મૃત્યુ અને ટેક્સ. તમારી આવક કરપાત્ર હોય તો ટેક્સમાંથી બચવાનો કોઈ ઉપાય નથી. પરંતુ પ્રત્યેક વ્યક્તિ બને એટલો કર બચાવવાની કોશિશમાં હોય છે. નવું નાણાંકીય વર્ષ શરૂ થઈ ગયું છે અને હવે કેવું રોકાણ કરવું અને કેવી રીતે કરમાં બચત કરવી એનો લોકો વિચાર કરતા થઈ ગયા છે. પણ મોટી બચત માટે ૨૦૧૮ના બજેટમાં કેવા ફેરફાર થયા છે એ સમજવું મહત્ત્વનું છે. તો ચાલો, આપણે જોઈએ બજેટમાં કરાયેલા એવા ફેરફાર જે ૨૦૧૮-૧૯માં તમારી બચત અને રોકાણને અસર કરી શકે.

### ૧. પગારદાર વ્યક્તિઓ અને પેન્શનરો માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન :

૪૦,૦૦૦ રૂપિયા સુધીનો પગાર મેળવતા કરદાતાઓ માટે ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૮માં સ્ટાન્ડર્ડ ડિડક્શન ફરી પાછું દાખલ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી ૧૯,૨૦૦ રૂપિયા (મહિને રૂા. ૧૬૦૦)નું ટ્રાન્સપોર્ટ એલાવન્સ અને રૂા. ૧૫,૦૦૦નું મેડિકલ એલાવન્સ મળતું હતું તેને સ્થાને હવે આ ડિડક્શન આપવામાં આવ્યું છે. જે પગારદારો અને ટ્રાન્સપોર્ટ એલાવન્સ અને મેડિકલ રીઈમ્બર્સમેન્ટ લેતા હતા તેમને હવે રૂા. ૪૦,૦૦૦માંથી આ બે રકમ બાદ કરતાં રૂા. ૫,૮૦૦નો ચોખ્ખો ફાયદો થશે.

અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે અગાઉની નોકરીમાંથી મળતું પેન્શન પણ પગારની જેમ કરપાત્ર છે. એટલે સ્ટાન્ડર્ડ ડિડક્શનનો લાભ પેન્શનરોને પણ મળશે. અત્યાર સુધી પેન્શનરોને ટ્રાન્સપોર્ટ એલાવન્સ કે મેડિકલ રી-ઈમ્બર્સમેન્ટ જેવો કોઈ કરલાભ મળતો નહોતો. આમ હવેની જોગવાઈઓને કારણે બધા પેન્શનરોને રૂા. ૪૦,૦૦૦ની વધારાની કરમુક્ત આવક મળશે, એમ એચ એન્ડ આર બ્લોક ઈન્ડિયાના ટેક્સ રિસર્ચ વિભાગના વડા ચેતન ચાંડક કહે છે.

### ૨. કલમ-૮૦ડી નીચે વધુ લાભ :

ગયા વર્ષ સુધીની જોગવાઈ એવી હતી કે કોઈ વ્યક્તિ પોતાને માટે, પત્નીને માટે કે સંતાનો માટે આરોગ્ય વીમો કઢાવે તો એને રૂા. ૩૦,૦૦૦ સુધીનું ડિડક્શન મળતું. પોતાના મા-બાપ માટે આરોગ્ય વીમો કાઢવા થયેલાં ખર્ચ સામે વધારાના રૂા. ૩૦,૦૦૦ સુધીનું ડિડક્શન પણ મળતું. જે વ્યક્તિનો વીમો લેવામાં આવ્યો હોય એની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોય તો રૂા. ૩૦,૦૦૦ને બદલે રૂા. ૨૫,૦૦૦ સુધી જ ડિડક્શન મળતું. 'આવકવેરો ભરનાર કરદાતા તેની પોતાની, પતિ/પત્નીની કે પછી મા-બાપની વય ૮૦ અથવા એથી વધુ હોય અને તેમનો કોઈ વીમો ન હોય તો એવા કિસ્સામાં આવી વ્યક્તિની તબીબી સંભાળ પાછળ જે ખર્ચ થાય તેની સામે આ કલમ નીચે રૂા. ૩૦,૦૦૦ સુધીનો દાવો કરી શકતો હતો. ૨૦૧૮ના બજેટમાં આ લાભ બધા સિનિયર સિટીઝનો (૬૦થી વધુ ઉંમરના)ને આપવામાં આવ્યો છે, એમ ચાંડકનું કહેવું છે.

તે ઉપરાંત સિનિયર સિટીઝન્સ માટે આ લાભ જે અત્યાર સુધી રૂા. ૩૦,૦૦૦ હતો એ વધારીને હવે રૂા. ૫૦,૦૦૦ કરવામાં આવ્યો છે. ટૂંકમાં કહીએ તો વ્યક્તિ પોતે, કુટુંબના સભ્યો કે મા-બાપ ૬૦ વર્ષથી ઉપરના હોય તો સેક્શન ૮૦ડી હેઠળ એ કરદાતા એક લાખ રૂપિયા સુધીનું ડિડક્શન મેળવી શકે. એક જ પ્રીમિયમવાળી આરોગ્ય વીમા પોલિસી પણ મળે છે જે એકથી વધુ વર્ષ માટે હોય. આવા કિસ્સામાં જે વર્ષો માટે વીમો પ્રાપ્ત હોય એ માટે ટકાવારી અનુસાર ડિડક્શન મળી શકે. અલબત્ત નાણાંકીય મર્યાદા એમાં પણ લાગુ પડે.

### ૩. સેક્શન-૮૦ડીડીબી નીચે ડિડક્શન વધારીને એક લાખ રૂપિયા કરાયું :

આ વિભાગમાં વ્યક્તિ કે હિંદુ અવિભક્ત કુટુંબ પોતાની કે કુટુંબના સભ્યની અસાધ્ય બીમારી માટે તબીબી સારવારનો ખર્ચ કરે તેને આવરી લેવાય છે. અત્યાર સુધી વૃધ્ધો માટે રૂા. ૮૦,૦૦૦ સિનિયર સિટીઝન માટે રૂા. ૬૦,૦૦૦ અને અન્યો માટે રૂા. ૪૦,૦૦૦નું ડિડક્શન મળતું. આ વર્ષના બજેટમાં આ સેક્શન હેઠળ ડિડક્શનની રકમ વધારીને બધા સિનિયર સિટીઝન માટે એક લાખ રૂપિયાની કરાઈ છે. ૬૦ વર્ષથી નીચેની વ્યક્તિઓ માટેની જોગવાઈમાં કોઈ ફેરફાર કરાયો નથી.

### ૪. સિનિયર સિટિઝન્સ માટે રૂા. ૫૦,૦૦૦ સુધીનું બેંક વ્યાજ કરમુક્ત કરાયું :

વર્તમાન નાણાંકીય વર્ષની શરૂઆતથી ૮૦ટીટીબી નામની નવી કલમ દાખલ કરવામાં આવી છે. બેંક, પોસ્ટ ઓફિસ કે

સહકારી બેંકમાં રાખેલી ડિપોઝીટ પર જેમને વ્યાજ મળતું હોય એવા સિનિયર સિટીઝનને આ કલમ નીચે રૂા. ૫૦,૦૦૦ સુધીની રકમ કરમુક્ત મળે છે.

આ સેક્શન નીચે જે સિનિયર સિટીઝન ડિડક્શન મેળવે તે હવે ૮૦ટીટીબી કલમ નીચે લાભ નહીં મેળવી શકે. આ ઉપરાંત સિનિયર સિટીઝનને જે વ્યાજ ચૂકવવામાં આવે છે એને રૂા. ૫૦,૦૦૦ સુધીની રકમ પર ટી.ડી.એસ. (ટેક્સ ડિડક્શન એટ સોર્સ) લાગુ નહીં પડે એમ ચાંડકનું કહેવું છે.

**૫. ગ્રેચ્યુઇટી પર વધુ કરલાભ :**

નિવૃત્તિ, કમાવા માટે અશક્ત બનાવી દે તેવી ઘટના, નોકરીમાંથી છટણી જેવા સમયે અથવા મૃત્યુ પામનાર પગારદારની વિધવા, સંતાન કે આશ્રિતને મળતી ગ્રેચ્યુઈટી અત્યાર સુધી એક લાખ રૂપિયા સુધી કરમુક્ત હતી. ગ્રેચ્યુઈટી એક્ટમાં કરાયેલા ફેરફાર અનુસાર આ કરલાભ હવે વીસ લાખ રૂપિયાનો થશે. એપ્રિલથી શરૂ કરીને જે કરદાતા નિવૃત્ત થવાના હોય કે પછી અન્ય કોઈ કારણસર ગ્રેચ્યુઈટી મેળવવાના હોય તેમને આ વધારાની કરરાહતનો લાભ મળી શકશે.

**૬. એનપીએસમાંથી ઉપાડાતી રકમ પર મળતા લાભ પગારદાર ન હોય એમને પણ મળશે :**

કોઇ નોકરિયાત નેશનલ પેન્શન સિસ્ટમમાં ખાતું ધરાવતો હોય તેને ખાતું બંધ કરાવતી વખતે અથવા તેમાંથી બહાર નીકળી જતી વખતે જે રકમ મળે તે ખાતાના બેલેન્સના ચાલીસ ટકા જેટલી કરમુક્ત રહેતી. નોકરિયાત ન હોય એવી વ્યક્તિઓને હમણા સુધી આ લાભ મળતો નહોતો. આ વર્ષના બજેટમાં એનપીએસના બધા ગ્રાહકોને આ લાભ આપવામાં આવ્યો છે.

**૭. સ્ટેમ્પ ડ્યુટી અને વેચાણ કિંમત વચ્ચે પાંચ ટકા કરતાં ઓછો ફરક હોય તો કેપીટલ ગેઇન ટેક્સ લાગશે નહીં :**

કોઈ કરદાતાએ સ્થાવર મિલ્કત વેચી હોય અને તેની કિંમત સ્ટેમ્પ ઓથોરીટીએ નક્કી કરેલા મૂલ્યથી ઓછી હોય તો સ્ટેમ્પ ડ્યુટી માટેનું મૂલ્ય વાસ્તવિક મૂલ્ય ગણાતું. આમાં એવું બનતું કે વેચનારને કોઈ ફાયદો ન થયો હોય તો પણ વધુ સ્ટેમ્પ ડ્યુટી માટેની વેલ્યુને કારણે તેણે કેપીટલ ગેઇન ટેક્સ ભરવો પડતો.

સ્ટેમ્પ ડ્યુટી માટેના મૂલ્ય અને બંને પક્ષકારોએ જાહેર કરેલી કિંમત વચ્ચે જે તફાવત રહેતો, એના પર ખરીદનારે ટેક્સ ભરવો પડતો. આ એક ડબલ ટેક્સેશનનો કિસ્સો હતો, એમ ચાંડક કહે છે. હવે સરકારે આ નિયમ બદલ્યો છે જેથી લોકોની હાડમારી ઓછી થાય. સ્ટેમ્પ ડ્યુટી માટેના મૂલ્ય અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત જો વેચાણ કિંમતના પાંચ ટકાથી ઓછો હોય તો કેપીટલ ગેઈન ટેક્સ નહીં લાગે. ■

## ગઝલ

તમારા હૃદયની જુબાની કહે છે,
ચહેરો તમારો કહાની કહે છે.

ન સમજો રમત શબ્દની ફક્ત એને,
ગઝલને ખુદાની બયાની કહે છે.

દિમાગી જમાને દિલોને શું સમજે?
દિવાના જે વાતો રૂહાની કહે છે.

આ ખુશનુમા મોસમ બની છે ગજબની,
નજરથી એ વાતો વફાની કહે છે.

તમારી નજરમાં ગજબની ખુમારી,
નશીલા નયનની નિશાની કહે છે.

*દીપકપુરી 'દર્દે દિલ' - ગાંધીધામ*
*મો. ૯૫૩૭૦ ૧૬૧૯૮*

*પોતાની જાતમાંથી વિશ્વાસ ગુમાવવો એ એક પ્રકારનો આપઘાત છે.*

## લાગણી

વરસતા વરસાદમાં સોગાદ લઈને આવ્યો છું!
કરીલે કબૂલ, પુષ્પ પારીજાત લઈને આવ્યો છું!

કેમ ભૂલાય અષાઢી બીજની પ્રથમ મુલાકાત,
એ કચ્છી નવા વર્ષની પ્રભાત લઈને આવ્યો છું!

હાથમાં તારો હાથ હોય ને ઉપર હોય વરસાદ,
એમ તારા સંગે, પલળવાની વાત લઈને આવ્યો છું!

જિંદગી માણી લેજે ને સપના કરી લેજે સાકાર,
રંગ ખુશીના ભરવા, નિરાંત લઈને આવ્યો છું!

કેટલી તારી યાદ આવી હશે વરસાદમાં મને,
ખાસ મળવા તને, માથે રાત લઈને આવ્યો છું!

કેટલી છે લાગણી ને પ્યાર, શબ્દોમાં કહી ના શકું
એટલે 'પ્રેમ' કરવા, મારી જાત લઈને આવ્યો છું!

*મુરજી ચાવડા 'પ્રેમ' - ગાંધીધામ*
*મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭*

## પ્રતિભાવ

**'કચ્છશ્રુતિ'ના નયનરમ્ય ટાઇટલ્સ**

'કચ્છશ્રુતિ'ના ટાઇટલ્સ સુંદર અને નયનરમ્ય હોય છે. જે મુખપત્રની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. તેમાં પ્રસિધ્ધ થતી વિવિધ સાહિત્ય સામગ્રી જ્ઞાનવર્ધક અને મનને શાંતિ આપતી હોય છે. કચ્છી સમાજ પરિવારને અષાઢી બીજ નિમિત્તે નવા વર્ષની હાર્દિક શુભ કામના સાથે શુભેચ્છા પાઠવું છું.

*મુરજી ચાવડા પ્રેમ - ગાંધીધામ (મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭)*

**'કચ્છશ્રુતિ' ખૂબ ગમે છે**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' ખૂબ ગમે છે. થોડા સમય અગાઉના અંકમાં પ્રકાશિત થયેલ શ્રી મણિલાલ ડી. રૂધાણી કૃત હાસ્ય રચના "મૈં તો કવિ બન ગયા" વાંચીને પ્રસન્નતાની લાગણી થઈ હતી. લેખકશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ.

જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત.

*ઇશ્વરભાઈ બી. પરમાર - અમદાવાદ*

## મુંબઈ સ્થિત મનોચિકિત્સક ડૉ. દિપ્તી શાહ (ગડા)ને પ્રતિષ્ઠિત "ટાઇમ્સ હેલ્થ કેર એચિવર્સ એવોર્ડ"



Young Achiever - Psychiatry

ડૉ. દિપ્તી શાહ (ગડા) મુંબઈના જૂજ મનોચિકિત્સકમાંના એક છે જેમની પાસે પોતાનું સ્વતંત્ર "મલ્ટી સ્પેશિયાલિટી મેન્ટલ હેલ્થ કેર સેન્ટર" છે. પોતાના 'ગ્રુમિંગ માઇન્ડ્સ' ઘાટકોપર (ઇસ્ટ)ના ક્લિનિકમાં શિશુથી લઈને સિનિયર સિટીઝનનું નિદાન તથા સારવાર થાય છે. એક જ સ્થળે બધી સાઇકિયાટ્રીક સુવિધાઓ જેવી કે નિદાન, કાઉન્સેલિંગ, આઈ.ક્યુ. (IQ) તથા પર્સનાલિટી ટેસ્ટ, ડિસ્લેક્સિયા તથા લર્નિંગ ડીસએબિલિટી (LD)ના ટેસ્ટ વગેરે ઉપલબ્ધ છે.

ડૉ. દિપ્તીએ એમ.ડી. સાઇકિયાટ્રીમાં મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ મેળવેલ છે. છેલ્લા ૧૫ વર્ષથી ઘાટકોપરમાં પ્રાઈવેટ પ્રેક્ટિસ કરે છે. ૧૫,૦૦૦થી પણ વધુ દર્દીઓની સારવાર કરેલ છે.

ડૉ. દિપ્તીએ ડી.વાય. પાટીલ મેડિકલ કૉલેજ નેરૂલમાં લેક્ચરર તરીકે રીસર્ચ ક્ષેત્રે કાર્ય કરી એવોર્ડ મેળવ્યા છે. પોસ્ટ ગ્રેજ્યુએટ સાઇકિયાટ્રીના પાઠ્ય પુસ્તકોમાં પ્રકરણો લખ્યા છે.

ડૉ. દિપ્તી સમાજમાં માનસિક બીમારીઓ વિશેની ગેરસમજ દૂર થાય એ માટે સતત કાર્યશીલ છે. બોમ્બે ટાઇમ્સ, મિડ ડે ગુજરાતી, જન્મભૂમિ પ્રવાસીમાં લેખો લખે છે. પગદંડી, મંગલ મંદિર, કચ્છશ્રુતિ માસિકોમાં માનસિક રોગો વિશે નિયમિતરૂપે લખે છે. હતાશાની બીમારી, ચિત્તભ્રમ, સ્ટ્રેસ મેનેજમેન્ટ પર પુસ્તકો લખ્યા છે. સ્ટ્રેસ મેનેજમેન્ટ, પેરેન્ટિંગ, રીલેશનશિપ વગેરે વિશે વર્કશોપ ચલાવે છે.

ડૉ. દિપ્તીને 'કચ્છ કોહીનૂર એવોર્ડ' (૨૦૧૫), 'ઘાટકોપર કચ્છ રત્ન એવોર્ડ' (૨૦૧૭) મળેલ છે. ૨૧મી સદીના ૨૦૦૦ બુધ્ધિશાળી વ્યક્તિઓ તથા 'વિમેન ગો ગેટર્સ'માં પરિચય છપાયા છે.

ડૉ. દિપ્તીને યુવાન વયે આવી અનેરી સિધ્ધિઓ માટે ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પ્રાયોજિત 'ટાઇમ્સ હેલ્થ કેર એચિવર્સ એવોર્ડ - યંગ એચિવર - સાઇકીયાટ્રી'નો પ્રતિષ્ઠિત એવોર્ડ તાજેતરમાં એનાયત કરવામાં આવેલ છે.

ડૉ. દિપ્તી પ્રથમ કચ્છી તથા ઘાટકોપરમાં પણ પ્રથમ ડૉક્ટર છે જેને આ એવોર્ડ મળ્યો છે.

***ખૂબ ખૂબ અભિનંદન તથા ભવિષ્યમાં હજુ વધારે પ્રગતિના શિખરો સર કરતા રહો તેવી 'કચ્છશ્રુતિ' તરફથી શુભેચ્છા!***

*જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવા છે અને પરમ આનંદન ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનોની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી મૃદુ ભાષા એ વાપરે છે.*

# શબ્દ શોધ : ૭૪

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨
● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ૮ | | | ■ | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | | ■ | ૧૪ | | |
| ■ | | ■ | ૧૫ | | ૧૬ | | | |
| ૧૭ | | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ |
| | ■ | | ■ | ૨૨ | ■ | | ■ | |
| | ■ | ૨૩ | ૨૪ | | ૨૫ | | ■ | |
| ૨૬ | | ■ | | ■ | | ■ | ૨૭ | |

## આડી ચાવીઓ

૧. મરણ, નિધન (૪)
૪. સોહામણું, દેખાવડું (૪)
૭. ઈંદ્રિય નિગ્રહી, સંયમી (૫)
૯. દુશ્મન (૨)
૧૧. નવું, આશ્ચર્યકારક (૩)
૧૨. મમ્મીની મમ્મી (૨)
૧૩. મરણોત્તર શ્રાધ્ધ, બ્રહ્મભોજન વગેરે કાર્ય (૩)
૧૪. લગાતાર, નિરંતર (૩)
૧૫. મેરા ______ મહાન (૩)
૧૭. સામાનું ઈચ્છિત આપવાની ક્રિયા (૪)
૧૯. જામીનગીરી (૪)
૨૩. દરિયો, સમુદ્ર (૫)
૨૬. રોગ, તકલીફ, મુસીબત (૨)
૨૭. આજકાલ માથાના ______ ખરવાની ફરિયાદો વધતી જાય છે (૨)

## ઊભી ચાવીઓ

૧. વિશ્વનો એક ધનવાન ગણાતો દેશ (૪)
૨. હાક, હાકલ (૨)
૩. વંદન, નમસ્કાર (૩)
૪. સારા આચરણવાળું, વિનયી, વિવેકી (૩)
૫. દશા, સ્થિતિ (૨)
૬. માખણ (૪)
૮. તરતનું નવું, નવાઈ ઉપજાવે તેવું (૪)
૧૦. માનદ્ વેતન, ઍવોર્ડ, ઈનામ (૪)
૧૨. કુલીન, ખાનદાન (૪)
૧૫. હોંશ, શુધ્ધિ, સૂધ (૨)
૧૬. એક તેજાનો (૨)
૧૭. રાહ જોવાય છે... વરસે ત્યારે ખરું! (૪)
૧૮. એક ફળ (૩)
૨૦. જાણકાર, વાકેફગાર, હોંશિયાર (૩)
૨૧. તદ્દન, પૂરેપૂરું, પાણીમાં કે પસીનાથી ભીંજાયેલું (૪)
૨૨. મમ્મીના બનેવી (૨)
૨૪. હિંમત, સંભાળ (૨)
૨૫. ખોટી વાત, અફવા, ડીંગ, ગપ્પું (૨)

## શબ્દશોધ : ૭૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આ | સ | પા | સ | ■ | આ | ર | પા | ર |
| ■ | મ | ■ | મ | હા | દે | વ | ■ | મ |
| અ | સ્ત | વ્ય | સ્ત | ■ | શ | ■ | ર | જા |
| ■ | બ્ર | ■ | ■ | ધા | ■ | ભ | વ | ન |
| બ્ર | હ્મ | ■ | મ | ક | ર | ક | ર | ■ |
| ■ | સ | ■ | સ્ત્રી | ■ | હુ | ■ | વ | ગ |
| અ | મા | સ | ■ | અ | લ | ગ | ■ | જા |
| ■ | જ | મ | દ | ગ્નિ | ■ | મ | ગ | ન |
| વા | ■ | જ | વ | ■ | જા | ન | ■ | ન |

### શબ્દ શોધ : ૭૨ / ૭૩ નો ઉકેલ મોકલાવનારના નામ

- અશોક એન. મહેતા - ભુજ
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- સુવાસ ડી. ગોર - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- કીર્તિદા વી. વોરા - અંજાર
- કમલ એસ. ઝવેરી - માંડવી
- નીલેશ વી. શાહ - ભુજ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- અભય સી. મહેતા - મુંદ્રા
- રમીલા જે. ગોર - ભુજ

વિવિધતા

## હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃદ્ધિ

# રાધા-કૃષ્ણ શૃંગાર ગેમ...



ભાવના એ. ઝવેરી

વૈષ્ણવ સંપ્રદાયમાં કાનાજીની ભક્તિનું બહુ જ મહત્ત્વ છે. દરેક વૈષ્ણવને ઘેર ઠાકોરજી બિરાજમાન હોય છે. તેમાં બાલ-ગોપાલનો ભાવ હોય છે.

જેમ મા બાળકનું ધ્યાન સમયાનુસાર રાખતી હોય છે તેવી જ રીતે કાનુડાને પણ ઋતુ અનુસાર સેવા - શૃંગાર - ભોગ કરાવવામાં આવે છે.

વૈષ્ણવો માટે ખાસ.... ઘરે કોઇ ધાર્મિક પ્રસંગ, ભજન, કીર્તન કે અધિક માસનો સત્સંગ હોય ત્યારે આ ગેમ રમાડવાની મજા આવશે.

**ગેમની તૈયારી :** કૃષ્ણ ભગવાનના વસ્ત્રો અને શૃંગારની વસ્તુઓ અને રાધાજી એટલે કે સ્ત્રીના શણગારની વસ્તુઓ ભેગી કરવાની રહેશે.

ક્રમવાર લાલાની ૧૫-૨૦ વસ્તુઓ હોય તો રાધાજીના શણગારની પણ તેટલી જ વસ્તુઓ રાખવાની રહેશે.

તૈયાર કરેલી રાધા-કૃષ્ણના શૃંગારની વસ્તુઓ અલગ અલગ પ્લેટમાં રાખી, રમનારને દેખાડો.

બાદમાં બધી વસ્તુઓ મિક્સ કરી ડેકોરેટીવ કાપડની થેલી કે મોટા બટવામાં નાખી દો.

આ ગેમ વારાફરતી રમાશે.

**ક્લુ :** થેલીમાંથી લાલાના શૃંગારની વસ્તુઓ એક-એક કાઢવાની રહેશે. બાજુમાં રાખેલી બાસ્કેટમાં નાખવી. ટાઇમ લિમિટમાં કેટલા શૃંગાર કાઢેલા છે તેના પોઇન્ટ આપી તેના નામ સામે લખો.

**રમતનો ટ્વીસ્ટ :** લાલાના શૃંગાર સાથે રાધાના જે શૃંગાર કાઢેલા હશે તેટલા પોઇન્ટ બાદ કરતા જવાના રહેશે અને જો રાધાના શૃંગાર પહેલા લેવાના હોય તો લાલાના શૃંગારના પોઇન્ટ બાદ કરવા.

***નોંધ :*** તમારી પાસે જે શૃંગાર હાજર હોય તે જ રાખો. આશા છે કે દરેકને આ ગેમ રમવી ગમશે.

કાનાજી અને રાધાના કયા શૃંગારની વસ્તુઓ રાખવી તેનું લીસ્ટ આ પ્રમાણે છે.

**કૃષ્ણના શૃંગાર :** (૧) મોરપીંછ, (૨) વસ્ત્ર, (૩) તિલક, (૪) મુગટ, (૫) પાઘ, (૬) કુંડળ, (૭) હાથના કડા, (૮) કંદોરો, (૯) ગળાનો હાર, (૧૦) બંટો, (૧૧) બાંસુરી, (૧૨) તકિયો, (૧૩) છડી, (૧૪) ઝાંઝર, (૧૫) બાલ, (૧૬) અતર, (૧૭) હાથ નીચે રાખવાની ગાદી, (૧૮) ચણોઠીની માલાજી, (૧૯) રમકડું.

**રાધાજીના શૃંગાર :** (૧) સાડીનો ભાવ - સાટીનનું કપડું, (૨) ચાંદલો, (૩) ચોટલો, (૪) બંગડી, (૫) આંજણ, (૬) કંકુ, (૭) કડી, (૮) ફૂલનો ગજરો, (૯) પાયલ, (૧૦) માળા, (૧૧) લાલી, (૧૨) રબર બેન્ડ, (૧૩) પીન, (૧૪) નેઇલ પોલીશ, (૧૫) વીંટી, (૧૬) બાજુબંધ, (૧૭) કડા, (૧૮) મુગટ, (૧૯) કંદોરો.

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 04-05-2010**

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

# પુસ્તક સમીક્ષા

*પુસ્તકનું નામ* : કચ્છ : ગઈકાલ અને આજ
*લેખક* : હરેશ ધોળકિયા
*પ્રકાશક* : ગોરધન પટેલ 'કવિ'
ગોકુંજ ક્રિએશન,
૨૬, નીલકંઠ નગર, માંડવી, કચ્છ.
*પ્રથમ આવૃત્તિ* : જૂન ૨૦૧૮
*મૂલ્ય* : રૂા. ૧૬૦/-

આ પુસ્તક પ્રકાશન કરવાનો હેતુ કચ્છના ઈતિહાસની વર્તમાન વિગતોનું શક્ય તેટલું દસ્તાવેજીકરણ કરવાનું રહેલ છે. કચ્છની રાજકીય કે સામાજિક પ્રકારની વિવિધ હકીકતો વિશે લેખકશ્રીએ અગાઉ જે નાના-મોટા લેખો લખેલ હોય તેને આ પુસ્તકમાં આવરી લીધેલ છે.

લેખકશ્રીએ કચ્છમાં ધરતીકંપ અગાઉ અને ધરતીકંપ બાદના ઔદ્યોગિકીકરણ વિશે, સ્વાતંત્ર્યોત્તર કચ્છના રાજકીય ઈતિહાસ વિશે, કચ્છના શિક્ષણના છેલ્લા છ દાયકા વિશે, મહાગુજરાતનું આદોલન અને કચ્છ વિશે સરળ શૈલીમાં શક્ય વધુ માહિતીઓ આપવાનો પ્રયાસ કરેલ છે. તો સાથે સાથે કચ્છની વિભૂતિઓ જેવી કે મહારાવ લખપતજી, રામસિંહજી રાઠોડ, જયકૃષ્ણ ઈન્દ્રજી, દુલેરાય કારાણી, પ્રો. કે.ટી. શાહ, આશ્રમી વ્યક્તિત્વ શ્રી વેલજીભાઈ વિશે રસપ્રદ અને માહિતીજનક લેખો લખેલ છે.

એકંદરે આ પુસ્તકથી કચ્છના તાજેતરના ભૂતકાળ વિશે અનન્ય માહિતી મળી શકે છે. કોઈ પણ જાહેર લાઈબ્રેરી તથા અંગત ઘરની લાઈબ્રેરીમાં આ પુસ્તક વસાવવા યોગ્ય છે.

લેખકશ્રીને કચ્છની અમૂલ્ય માહિતીનું દસ્તાવેજીકરણ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

★

- ***પુસ્તકનું નામ :*** "આરોગ્યના અમૃત..."
- ***મૂલ્ય :*** રૂા. ૧૫૦/-
- ***પ્રકાશક :*** પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન, અમદાવાદ. મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦
- ***લેખન અને સંપાદન :*** ચૌલા કુરુવા

આ પુસ્તક આરોગ્યની દષ્ટિએ ઉત્તમ એવા ૩૦ જેટલા ખાદ્ય પદાર્થો જેમકે મસાલા, ડ્રાય ફ્રુટ, અનાજ, ફળ, શાક વગેરેની વિગતનો સમાવેશ કરે છે. તેમાં આરોગ્યની રીતે અમૃત કહી શકાય તેવા ગુણો દર્શાવેલ છે. રોગ, બીમારી વગેરેમાં મદદરૂપ થાય તેવા ઈલાજ અને ઉપયોગી વિટામિન્સની માહિતી પણ તેમાં આપવામાં આવી છે. આ રીતે આ પુસ્તક ઉત્તમ અને ઉપયોગી છે. ■

## ...અછાંદસ

ઓળખાણની એબીસીડી જાણનાર હું,
જ્યારે તારી પાસેથી,
ભૂલોનાં ભાગાકાર,
ઘટનાના ગુણાકાર,
શુભેચ્છાના સરવાળા,
બેવફાઈની બાદબાકી,
વફાદારીનું વિજ્ઞાન,
ભવિષ્યનું ભૂગોળ,
ગુફતેગોનું ગણિત,
સ્મિતનું સમાજશાસ્ત્ર,
ઈશ્કનો ઈતિહાસ,
પ્રેમનું પર્યાવરણ,
વહેમનું વ્યાકરણ,
શાયરીની સાયકોલોજી,
તકદીરનું તર્કશાસ્ત્ર,
શીખતો હતો,
ત્યારે મને શી ખબર?
કે તું ટ્યુશન ક્લાસ ચલાવતી હોઈશ.

***અરવિંદ સોમૈયા - નખત્રાણા***

## કરજો!

મને યાદ કરજો ન ફરિયાદ કરજો
મળી જાઓ ક્યહિં ક્યાંક જો, તો સાદ કરજો.

સમયની નથી વાત પણ છે હૃદયની
ખમ્યા જખમ જે તેનોય ન વિવાદ કરજો.

લઈ લાગણીનાં ફૂલોને હળ્યાં'તાં, મળ્યા'તા
ચુભ્યા કંટકો કેટલા, ન હિસાબ કરજો.

નદીના મળે દર્દ જો, તો દરિયો બને છે
શકો દૈ, તર્પણ અશ્રુનું એકાદ કરજો.

ગગન ચંદ્રને તારલાના તેજે લપેટ્યું
ગળી જાય સૂરજ જો, ન વિષાદ કરજો.

***રમેશચંદ્ર જી. વૈદ્ય 'ચંદ્ર' - ભુજ***

અષાઢી બીજ – કચ્છનું ખમીર


# સંગીતા વિશાલભાઈ ગડા


## ચિત્રકલા ક્ષેત્રે યુનેસ્કો - ૨૦૧૮ એવોર્ડ એનાયત થયો

*મુંબઈ સ્થિત શ્રીમતી સંગીતા વિશાલભાઈ ગડા ગુજરાતમાં ચિત્રકલા ક્ષેત્રે પોતાનું નામ રોશન કરનાર એક ઉમદા અને અગ્ર કક્ષાના ચિત્રકાર છે. તેમણે ફાઈન આર્ટસ (કોમર્શિયલ)માં પદવી હાંસલ કરી છે. મુંબઈની આર્ટ સોસાયટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત કલા પ્રતિષ્ઠાન જેવી માતબર સંસ્થાઓમાં જોડાઈને ચિત્રકલામાં તેઓ હંમેશાં મોખરે રહ્યા છે. ઉપરાંત તે ક્ષેત્રની અનેક સિદ્ધિઓ પોતાના નામે સર કરી છે. વર્ષ ૨૦૦૬માં અમદાવાદ ખાતે તેમના વ્યક્તિગત કલા પ્રદર્શનને સારો એવો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ રીતે, સમગ્ર ભારતમાં ૧૫ જેટલાં ગ્રુપમાં તથા ૧૧ વ્યક્તિગત રૂપે કલાના પ્રદર્શનો તેમના થયા છે અને દરેક અવસરે તેમની કલાની ભારી માત્રામાં પ્રશંસા થઈ છે. વોટર કલર તેમની ચિત્રકલાનો પ્રિય અને મુખ્ય અંગ છે.*

*ચાલુ વર્ષે યુનેસ્કો દ્વારા રાણીની વાવ ખાતે યોજાયેલ જીવંત પેઈન્ટિંગ સ્પર્ધામાં WHV - 2018 હેરિટેજ આર્ટનો આકર્ષક ઍવોર્ડ સતત બીજા વર્ષે તેમણે હાંસલ કર્યો છે. રાષ્ટ્ર કક્ષાએ તથા આંતરરાષ્ટ્રીય સ્તરના અત્યાર સુધી તેમણે ૧૦ ઍવોર્ડ્સ પ્રાપ્ત કર્યા છે.*

### ચિત્રકલા ક્ષેત્રની એક ઝલક...








સંગીતા વિશાલભાઈ ગડા – તેમના એવોર્ડ વિનીંગ પેઇન્ટિંગ સાથે

## સરસ્વતી સન્માન

વર્ષ ૨૦૧૮ના શૈક્ષણિક પરિણામો બાદની સરસ્વતી સન્માનની વિગતો કચ્છશ્રુતિના મે-૨૦૧૮ તથા જૂન-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે. કચ્છશ્રુતિના મે-૨૦૧૮ના અંકમાં સરસ્વતી સન્માનનું ફોર્મ પણ પ્રસારિત કરવામાં આવેલ છે.

અત્યાર સુધી માધ્યમિક શાળાઓ સુધીના પરિણામોના ફોર્મ અમને પ્રાપ્ત થયેલ છે. ઉચ્ચતર અભ્યાસના વિદ્યાર્થીઓના ફોર્મ માત્ર જૂજ સંખ્યામાં પ્રાપ્ત થયેલ છે. હવે દરેક ફેકલ્ટીના ઉચ્ચ અભ્યાસની પરીક્ષાના પરિણામો તથા ડિપ્લોમા અભ્યાસક્રમના પરિણામો પણ આવી ગયેલ છે.

ઉચ્ચ શિક્ષણ તથા ડિપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને તેમના સરસ્વતી સન્માન યોજનાના ફોર્મ ભરીને સમાજની ઓફિસ પર મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

**કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

વિદ્યાર્થી દત્તક યોજનાની વિગતો કચ્છશ્રુતિના મે-૨૦૧૮ તથા જૂન-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન જે તે વિદ્યાર્થીએ ધોરણ-૧૦માં પ્રવેશ કરેલ હોય તેમના માટેની આ યોજના છે.

આ યોજના અનુસાર જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ધોરણ-૧૦, ધોરણ-૧૧ તથા ધોરણ-૧૨ – એમ ૩ વર્ષ સુધી રૂા. ૨૧,૦૦૦/-ની દરેક વર્ષના હિસાબે સહાય કરવામાં આવશે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં વસવાટ કરતા જરૂરિયાતવાળા ધોરણ-૧૦ના કચ્છી વિદ્યાર્થી આ યોજના અનુસાર સાદા કાગળ પર અરજી કરી સમાજની ઓફિસ પર શક્ય ત્વરાએ મોકલી શકે છે.

બધી અરજીઓ એકત્રિત થયા બાદ આ સમાજની વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ યોગ્ય નિર્ણય લેશે.

**કન્વીનર, વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## લાઇબ્રેરીને પુસ્તકોની ભેટ

અમદાવાદ સ્થિત **શ્રી કિરીટભાઈ નંદુ** તરફથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત ઠાકોરભાઈ ગુર્જર લાઈબ્રેરીને વિવિધ વિષયોના ૯૦ પુસ્તકો ભેટ મળ્યા છે.

*ખૂબ ખૂબ આભાર.*

## જોઈએ છે....

*પેટ્રોલ પંપ પર દેખભાળ રાખવા માટે ઉંમર લાયક અને નિવૃત્ત કચ્છી વ્યક્તિ. યોગ્ય પગાર ધોરણથી તરતમાં નિમણૂંક આપવામાં આવશે.*

મણિનગર : ૨ પોસ્ટ ● સાબરમતી : ૨ પોસ્ટ

*સંપર્ક : ૯૮૨૫૪ ૦૪૪૦૦*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ / Name** | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

# કચ્છશ્રુતિ લવાજમ

વર્ષ ૧૯૯૬થી વર્ષ ૨૦૧૨ સુધી જેઓએ ડિપોઝીટ પેટે રકમ ભરેલ હોય તથા જેઓને અત્યાર સુધી કચ્છશ્રુતિની કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવે છે એ સહુ મહાનુભાવોને વહેલી તકે લવાજમ ભરી કચ્છશ્રુતિના સભ્ય બની જવા અનુરોધ કરવામાં આવે છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે નક્કી કર્યા બાદ માત્ર લવાજમ ભરનારાઓને જ કચ્છશ્રુતિ મોકલવામાં આવશે.

અત્યાર સુધી જે માનવંતા સભ્યોએ પોતાના લવાજમ સમાજની ઑફિસ પર મોકલી આપેલ નથી તેઓને પોતાના લવાજમ તરતમાં સમાજની ઓફિસે મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિના પ્રવર્તમાન લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| *બે વર્ષનું લવાજમ* | *: રૂા.* | *૫૦૦/-* |
| *પાંચ વર્ષનું લવાજમ* | *: રૂા.* | *૧,૦૦૦/-* |
| *આજીવન (પંદર વર્ષનું) લવાજમ* | *: રૂા.* | *૧૫૦૦/-* |

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# મા વાત્સલ્ય યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા પરિવારોને આવરી લે છે. એવી ગણના રાખવામાં આવેલ છે કે અંદાજિત ૫૦૦૦ પરિવારોનો આ જિલ્લાઓમાં વસવાટ છે.

આ પરિવારોમાંના અનેક પરિવારોની આવક રૂા. ૩ લાખ અથવા તો તેનાથી ઓછી હશે. આ બધા જ પરિવારોને સરકારશ્રીની 'માં વાત્સલ્ય યોજના' માં આવરી શકાય તેમ છે. 'માં વાત્સલ્ય યોજના'ના અનેક ફાયદાઓ હોવા છતાં માત્ર અજ્ઞાનતાને કારણે તથા જરૂરી વિધિ પૂરી પાડવાની અસમર્થતાને કારણે આ પરિવારો આ પ્રકારના કાર્ડ મેળવી શકેલ નથી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના સભ્ય પરિવારોને આ કાર્ડ મેળવી આપવા ભવિષ્યમાં ઈચ્છા ધરાવે છે. આ પ્રકારના કાર્ડ મેળવવા સમાજમાંથી જરૂરી જ્ઞાત સભ્યો માત્ર સેવા ભાવનાથી આ કાર્ય કરવા તત્પર હોય તેઓને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત સરકારની આ યોજના હેઠળ ગંભીર પ્રકારની બીમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂપિયા ત્રણ લાખ સુધીની કેશલેસ સારવાર શહેરની નામાંકિત હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેના માટે એક પણ રૂપિયો ભરવાનો થતો નથી. એક કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિને આ લાભ મળવાપાત્ર છે.

આ પ્રકારની સારવાર સિવિલ, વી.એસ., એલ.જી. જેવી સરકારી હોસ્પિટલોની સાથે સાથે એચ.સી.જી., શેલ્બી, રાજસ્થાન, પારેખ્સ, નારાયણ હૃદયાલય, આરના, બોડીલાઈન, ક્રિષ્ના જેવી ઘણી બધી નામાંકિત હોસ્પિટલોમાં કેશલેસ પ્રક્રિયાથી મેળવી શકાય છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના જરૂરિયાતવાળા પરિવારો માટે આ યોજના ખૂબ જ ઉપયોગી હોઈ આ યોજનાના જ્ઞાત સભ્યોને સમાજની ઓફિસનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવે છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *સંચાલિત* ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

ઉપરોક્ત લાઈબ્રેરીમાંથી ઘરે લઈ જવા દરેક સભ્યને એક સાથે ૩ બુક્સ આપવામાં આવે છે અને તે એક મહિના સુધી રાખી શકે છે. આ લાઈબ્રેરીમાં વિવિધ વિભાગની સેંકડો બુક્સ વસાવવામાં આવેલ છે.

રવિવાર સિવાયના દિવસે સવારના ૧૧.૦૦થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી આ લાઈબ્રેરીમાંથી પુસ્તકો વાંચવા લઈ જઈ શકાય છે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારોને આ લાઈબ્રેરીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.

**કન્વીનર – લાઇબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

### જૂન / જુલાઈ – ૨૦૧૮

★ **મંગળવાર, તા. ૫-૬-૨૦૧૮**

- કચ્છશ્રુતિ માટે બે વર્ષનું લવાજમ પૂરું થતું હોય તેવા ૨૩ વ્યક્તિઓને પત્ર લખી તેઓને ફરી લવાજમ મોકલી આપવા જણાવ્યું.
- આવતા બે મહિનામાં જેઓનું કચ્છશ્રુતિનું લવાજમ પૂરું થાય છે, તેવી ૧૧ વ્યક્તિઓને આગોતરા પત્રો લખી તેમનું આગળનું લવાજમ મોકલી આપવા જણાવ્યું.

★ **ગુરુવાર, તા. ૭-૬-૨૦૧૮**

- જેઓએ ૧૯૯૬થી ૨૦૧૨ સુધીમાં રૂા. ૩૦૦ / રૂા. ૫૦૦ ડિપોઝીટ પેટે ભરેલ છે અને જેઓને વારંવાર પત્ર લખ્યા પછી તેમજ કચ્છશ્રુતિમાં જાહેરાત આપ્યા પછી પણ પોતાના લવાજમ ભરીને હજુ સુધી મોકલી આપ્યા નથી તેવા લગભગ ૫૦૦ નામનું લિસ્ટ તૈયાર કર્યું કે જેમને કચ્છશ્રુતિ મોકલવાના બંધ કરી શકાય.
- વર્ષોથી જેઓને કચ્છશ્રુતિની કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવે છે તેવા લગભગ ૩૦૦ સભ્યોના નામના લિસ્ટ તૈયાર કર્યા કે જેમને કચ્છશ્રુતિની કોમ્પ્લિમેન્ટરી કોપી બંધ કરી શકાય.
- શ્રી દિનેશભાઈ મહેતાએ ટ્રસ્ટ મંડળની મીટિંગોમાં ઉપસ્થિત ટ્રસ્ટીઓની તેમજ કારોબારીની મીટિંગમાં ઉપસ્થિત કારોબારી સભ્યોની હાજરીનું લિસ્ટ તૈયાર કરી કચ્છશ્રુતિના જૂન-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવા માટે વિગતો મોકલી આપી.

★ **શુક્રવાર, તા. ૮-૬-૨૦૧૮**

- આજરોજ સમાજ પર ગાંધીધામના શ્રી પ્રભુભાઈ સંઘવી તેમજ શ્રી રજનીભાઈ પારેખ તથા દિલીપભાઈ દંડ પધારેલ હતા અને તેઓની સાથે સમાજના વિવિધ વિષયે ચર્ચા કરવામાં આવી.

★ **ગુરુવાર, તા. ૧૪-૬-૨૦૧૮**

- આજે શ્રી રાજુભાઈએ સમાજનો હિસાબ લખ્યો. શ્રી અતુલભાઈ સોની તથા શ્રી મનુભાઈ કોટડિયા ઉપસ્થિત રહેલ હતા. વર્ષ ૨૦૧૭-૧૮ની બેલેન્સ શીટ હજુ તૈયાર નથી. તે અંગે કેટલાક જરૂરી પેપર્સ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે મંગાવેલ છે.
- આજરોજ વિદ્યાર્થી દત્તક યોજનાના નીતિ નિયમો તથા ફોર્મ ટાઈપ કરી તેને ફાઇનલ સ્વરુપ આપવા વિદ્યાર્થી દત્તક યોજનાના કન્વીનરશ્રી હિમાંશુભાઈ ઠક્કર પર મોકલી આપવામાં આવ્યા.

★ **શુક્રવાર, તા. ૨૨-૬-૨૦૧૮**

- આજરોજ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર સાથે સમાજના વિવિધ કાર્યોની ચર્ચા કરવામાં આવી.

★ **શનિવાર, તા. ૨૩-૬-૨૦૧૮**

- શ્રી જગદીશભાઈ ઠક્કર રૂબરૂ આવેલ હતા. શ્રી કચ્છી સમાજના વિવિધ કાર્યો અંગે ચર્ચા કરવામાં આવી.

★ **રવિવાર, તા. ૨૪-૬-૨૦૧૮**

- અમદાવાદ ખાતે મોસમનો પ્રથમ વરસાદ વહેલી સવારે આવ્યો. લગભગ બે ઈંચ જેટલું પાણી વરસ્યું.

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS** CAGES

CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES

**STEEL** CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE** CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maolao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ



ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઈમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઈથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઈઝ્ડ આઈસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટેટ્રીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH OT | GreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:


હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્ત્રોત
શ્રી લોહાણા મહાપરિષદ
અખિલ ગુજરાત લોહાણા સમાજ
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
શ્રી કચ્છી સમાજ અમદાવાદ
અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ
jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com


Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E) Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com


જીવદયા કરુણા અહિંસા ધુણી પાંજરાપોળ
શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(ધુણી - મુંબઈ) પ્રે. જ્યોતિ અહિંસાધામ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીવી બેક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન


Bharat B. Gala
Nanvinchandra D. Dedhia
Raju
ENTERPRISE
179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005480, 9825733710
RE- ROLLING /
S.S PATTA-PATTI


ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - ભેંસાવ


INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer • Lighting Transformer • Isolation Trnasformer
Online UPS • Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDIRTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara, Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch)
Works 2 (Maghodia - Vadodara)


જાહેરાત આવકાર્ય


જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DHOLUcon
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION**
**AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax : +91 79 2656 44 36 email: dholucon@gmail.com

**MINING CONTRACTORS**

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GRFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 128 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
8th Floor, N.B. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.

Registered Office :
**Deep Industries Limited**
Dist. Gandhinagar.
Email info@deepindustries.com

Kailashdan Gadhavi

**PRARAMBH**
"ek nayi Zindagi ka"

T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

MEET RUDANI
+91 9726066655

MILAP PATEL
+91 9737524821

RII
**RUDANI**
**INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)